# JANUARY – 2018 (Detailed)

## 1 January

(૧) **ભારત સરકાર : 2018 નું વર્ષ** –(૧) રમતગમતના વર્ષ તરીકે અને (૨) બાજરી-જુવારનું વર્ષ તરીકે ઉજવશે.

(૨) **1 Jan.** :નવતર પ્રયોગ- દિવ્ય ભાસ્કર દ્વારા - 2018ના પ્રથમ દિવસે નામ અપાયું.- "નવ વર્ષ ભાસ્કર"

- 2018 નવા વર્ષની પ્રથમ ઉજવણી- ઓકલેન્ડ (ન્યુઝિલેન્ડ)

(3) **ઇરાકુલમ નેશનલ પાર્ક** : મુન્નાર- (કેરળ) : વિસ્તાર 100 ચો. કિ.મી

- 12 વર્ષ બાદ આ પાર્કમાં દુર્લભ એવા નીલ કુરેંજી ફૂલોના બી ફૂટીને ખિલશે. (ખીણ વિસ્તાર)
- અંદાજિત 15 થી 17 લાખ લોકો આ નીલ કુરેંજી ફૂલોને નિહાળવા કેરળ આવશે.

(3) **વિશ્વ ઇકોનોમી- 2018 ના વર્ષમાં 4 ટકાના દરે વધશે. 75 ટકા દેશ પ્રગતિ કરશે.**

- 2008ની વૈશ્વિક મહામંદીના 10 વર્ષ પૂર્ણ થશે.
- ભારતની અર્થવ્યવસ્થા લગભગ 8 ટકાની ઝડપ મેળવશે.
- અહેવાલ- વર્લ્ડ બેંક, IMF, UN ગોલ્ડમેન સેક વગેરે

(૪) **26 મી જાન્યુઆરી- 2018**

- પ્રથમવાર 10 દેશોના વડા ભારતના મુખ્ય અતિથિ બનશે. – નવી દિલ્હી ખાતે ઉજવણી
- 26 મી જાન્યુઆરીએ યોજાનારી પરેડ અને ઉજવણીઓમાં 10 આશિયાન દેશોના વડા મુખ્ય મહેમાન રહેશે. આ 10 દેશોમાં બ્રુની, (બ્રુનેઇ) કમ્બોડિયા, ઇન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાંમાર, ફિલિપાઇન્સ, સિંગાપુર, થાઇલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે. આશિયાનના 50 વર્ષ અને ભારતની તેની સાથેની ભાગીદારીના 25 વર્ષ પૂરા થાય છે તે નિમિત્તે તેમને આમંત્રણ અપાયું છે.

(૫) ચાલુ વર્ષે**5 જી નો પ્રારભ થશે** :

- દક્ષિણ કોરિયા ફેબ્રુઆરી- 2018માં વિન્ટર ઓલિમ્પિક દરમિયાન વિશ્વમાં પ્રથમવાર 5 જી નેટવર્ક ઉપલબ્ધ કરાવશે.
- ભારતમાં પણ આ વર્ષે પ્રથમવાર પરીક્ષણ કરાશે.

(૬) **ચીન** :વિશ્વનો પહેલો સૌથી લાંબો સી-બ્રિજ : 2018 માં તૈયાર થશે.

- મકાઉ – ઝુહાઇ- હોંગકોંગ સી બ્રિજ
- ખર્ચ : 1 લાખ કરોડ, લંબાઇ : 55 કિ.મી.
- 22.9 કિ.મી. સી-બ્રિજ
- 6.7 કિ.મી. ટનલ
- 26 કિ.મી. લિંક રોડ
- 2 કૃત્રિમ આઇલેન્ડ

(૭) **પોઝિટિવ પીસ ઇન્ડેક્સ- 2017**

- વિશ્વના કુલ 163 દેશોમાં ભારત 90 મા ક્રમે
- પોઝિટિવ ટોપ- 5 આપણે અને આપણા પાડોશી
- રેન્ક દેશ
- 1 સ્વિડન
- 2 સ્વિત્ઝરલેન્ડ
- 3 ફિનલેન્ડ
- 4 નોર્વે
- 5 ડેનમાર્ક
- 75 ચીન
- 84 શ્રીલંકા
- 90 ભારત
- 126 બાંગ્લાદેશ
- 145 પાકિસ્તાન
- શાંતિના પ્રમાણમાં વિશ્વમાં સરેરાશ 0.28 ટકાનો વધારો નોંધાયો છે.
- સંસ્થા- ઇન્સ્ટિટયુટ ફોર ઇકોનોમિક એન્ડ પીસ –USA
- **જાણકારી આપવામાં ભારત ટોચે**
- સરકાર અથવા વ્યવસ્થા સંબંધિત જાણકારીઓ સુધી સામાન્ય લોકોની પહોંચ મામલે ભારત દુનિયામાં ટોચે છે. તેમાં સૌથી મોટો ફાળો આરટીઆઇનો છે. રિપોર્ટમાં કાનૂન અને આંતરરાષ્ટ્રીય કરાર અનુસાર જાણકારીઓ સુધી પ્રજાની પહોંચ, મૂળભૂત અધિકારોનું આકલન કરાયું છે.
- **આ 8 માપદંડોના આધારે રેન્કિંગ**
- પોઝિટિવ પીસ ઇન્ડેક્સમાં 8 માપદંડોના આધારે રેન્ક અપાયું છે. તેમાં બિઝનેસ વાતાવરણ, જાણકારીઓ સુધી પહોંચ, માનવ સંપત્તિ, સંસાધન, બીજાના અધિકારો પ્રત્યે સન્માન, સ્થિર સરકાર અને ભ્રષ્ટાચાર સામેલ છે. તેને 24 ભાગોમાં વહેંચાયું જેમાં જનસંખ્યા, શિક્ષણ, સ્વાસ્થ્ય, જીડીપી, કાયદાનું શાસન, પ્રેસની સ્વતંત્રતા જેવા માપદંડો સામેલ છે.

(૮) **ભારત નેટ પ્રોજેક્ટ** :ભારતની તમામ ગ્રામપંચાયતોને ઇન્ટરનેટથી જોડવા રૂ.4066 કરોડ મંજૂર

- માર્ચ- 19 સુધીમાં 1 લાખ ગ્રામ પંચાયતોને નેટસુવિધા (100 MB સ્પીડ)
- હાલમાં 96036 ગ્રામમાં બ્રોડબેન્ડ સુવિધા

(૯) **રોબોટ સોફિયા**- વિશ્વની પ્રથમ સાઉદી અરેબિયાની રોબોટ નાગરિક : આર્ટિફિસિયલ ઇન્ટેલિજન્સ(A I)

- IIT – B ખાતે –ટેક ફેસ્ટમાં સોફિયાએ 15 મિનિટ સુધી વિવિધ પ્રશ્નોના જવાબ આપ્યા
- ટેક ફેસ્ટ- મુંબઇ

(૧૦) **તા.01-01-1818** : કોરેગાંવ યુદ્ધને 2018 માં 200 વર્ષ પૂર્ણ – દ્વિ શતાબ્દીની ઉજવણી

- પ્રથમ દિવસે જ મરાઠાઓને અંગ્રેજોએ પરાજય આપ્યો હતો : પૂણે (મહારાષ્ટ્ર)
- વર્ષ 1818 ની પહેલી જાન્યુઆરીએ બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની અને મરાઠાઓ વચ્ચે કોરેગાંવમાં યુદ્ધ થયું હતું. પેશ્વા બાજીરાવ બીજાના નેતૃત્વ હેઠળ આ લડાઇ લડવામાં આવી હતી. બાજીરાવ બીજાના નેતૃત્વમાં આશરે 30,000 સૈનિકો પૂણે પર હુમલો કરવા જઇ રહ્યા હતા. પુણેથી લગભગ 30 કિલોમીટર દૂર આવેલા કોરેગાંવમાં તેમનો સામનો ઇસ્ટ ઇન્ડિયા કંપનીના સૈન્ય સાથે થયો. 800 સૈનિકોનું આ સૈન્ય પુણે સ્થિત ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સૈન્યશક્તિમાં વધારો કરવા જઇ રહ્યું હતું. આ બન્ને પક્ષો વચ્ચે 12 કલાક સુધી યુદ્ધ ચાલ્યું. બ્રિટિશરોનું એક મોટું કુમક લડવા માટે આવી રહ્યું છે. તેવી જાણ મરાઠા સૈન્યને થતાં તેમણે પીછેહઠ કરી હતી. બ્રિટિશરોના સૈન્યમાં મહારાષ્ટ્રની મહાર જાતિના 500 થી પણ વધુ સૈનિકો હતા. મરાઠાઓની સરખામણીએ જૂજ સૈનિકો હોવા છતાં બ્રિટિશરોને વિજય મળ્યો તે ઘટનાને મહાર જાતિના લોકો વીરતાની ગાથા તરીકે જૂએ છે. મહારાષ્ટ્રમાં આજે પણ મહાર જાતિનો સમાવેશ અતિપછાત જ્ઞાતિ તરીકે કરવામાં આવે છે. વર્ષ 1851 માં બ્રિટીશ સરકારે મહાર જાતિના પ્રદાનને બિરદાવવા માટે કોરેગાંવમાં એક કીર્તિસ્તંભ બનાવડાવ્યો હતો. પહેલી જાન્યુઆરી 1918 ના રોજ ડો. બાબાસાહેબ આંબેડકરે આ કીર્તિસ્તંભની મુલાકાત લીધી હતી, ત્યારથી અહીં દર વર્ષે આ ઉજવણી થાય છે.
- હાલ આ ઉજવણીની ચર્ચાએ રાજકીય રંગ પકડ્યો છે. દલિત સંગઠનો આ ઉજવણીને દલિતોના જાગૃતિનો એક સમારંભ ગણાવી રહ્યા છે જ્યારે જમણેરી વિચારધારા સાથે સંકળાયેલા સંગઠનો એવો ભય રજૂ કરી રહ્યા છે કે આ કાર્યક્રમ સમાજમાં ફાંટા રચશે તેમજ આ ઐતિહાસિક ઘટનાને જ્ઞાતિઓના સમીકરણથી નહીં પરંતુ બ્રિટીશ સરકાર અને મરાઠાઓ વચ્ચેની લડાઇ તરીકે જોવી જોઇએ.

(૧૧) **38 મો સપ્તક શાસ્ત્રીય સંગીત સમારોહ- 2018, અમદાવાદ**

- તા. 1 થી 13 જાન્યુઆરી, 2018
- સમર્પિત- ગાયક સ્વ. ઉસ્તાદ શરાફત હુસેનખાન

(૧૨) **વર્ષના છેલ્લી 39 મી "મન કી બાત"**

(૧૩) **બોગીબિલ બ્રિજ** : બ્રહ્મપુત્રા નદી પર આસામ અને અરુણાચલને જોડતો દેશનો સૌથી લાંબો રેલ –રોડ બ્રિજ :

- લંબાઇ – 5 કિ.મી.
- સંભવિત- ઓકટોબર, 2018 સુધીમાં તૈયાર થશે.
- જિલ્લો- ડિબ્રૂગઢ – ટી કેપિટલ ઓફ ઇન્ડિયા

## 2 January

(૧) **વિજય કેશવ ગોખલે** : ભારતના નવા વિદેશ સચિવ : કાર્યક્રમ- બે વર્ષ

- આગામી 28 જાન્યુઆરી- 2018 થી ચાર્જ સંભાળશે. (બે વર્ષ માટે)
- IFS – 1981 બેંચ
- અગાઉ- એસ. જયશંકર પ્રથમ

(૨) **વિશ્વ બૂફે ડે – 2 જાન્યુઆરી (સ્વિડન 16 મી સદી)**

- ભારતમાં 1990 ના દાયકામાં શરૂઆત

નેશનલ મેડિકલ કમિશન બિલનો વિરોધ કેમ ?

- ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા સંસદમાં નેશનલ મેડિકલ કમિશન બિલ રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલ દ્વારા એમસીઆઇને બદલવામાં આવશે.આ બિલ હેઠળ જોગવાઇ કરવામાં આવી છે કે, ડોકટર્સ બ્રિજકોર્સની મદદથી ઓલ્ટરનેટિવ મેડિસિન્સ આપી શકશે, તેનો અર્થ એ છે કે, હોમિયોપેથી અને આયુર્વેદની પ્રેક્ટિસ કરનારા ડોકટર્સ બ્રિજકોર્સ કર્યા પછી એલોપેથીની દવાઓ આપી શકશે અને તે ક્ષેત્રમાં

પ્રેક્ટિસ કરી શકશે. મંગળવારે સંસદમાં આ મુદ્દે ચર્ચા શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે.

(3) **2 January, 1954** :ભારત રત્ન આપવાની પ્રથમ જાહેરાત : ડૉ. રાજેન્દ્રપ્રસાદ દ્વારા જાહેરાત કરાઇ હતી.

(૪) **ભારત- પાકિસ્તાન** :બંને દેશોમાં આવેલા પરમાણુ મથકોની યાદીની આપ-લે 27 વર્ષથી 1 જાન્યુઆરીના રોજ કરવામાં આવે છે. (દર વર્ષે)

- કરાર- 31-12-1988
- અમલ- 27-1-1991
- પ્રથમ યાદી- 1-1-1992
- હેતુ- આ સમજૂતી મુજબ બંને દેશો એકબીજાના પરમાણુ કેન્દ્ર પર હુમલો કરી શકતા નથી.
- આ કરાર ગત વર્ષથી વધુ 5 વર્ષ માટે લંબાવવામાં આવ્યા છે.

(૫) **આસામ** :નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ (NRC) પ્રથમ ડ્રાફ્ટ રજૂ કરાયો

- 3.29 કરોડમાંથી 1.9 કરોડ નાગરિક કાયદેસર
- NRC વાળું આસામ પ્રથમ અને એકમાત્ર રાજ્ય
- **NRCની શા માટે જરૂર પડી ?**
- આસામમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓના મુદ્દે ઘણા મોટા અને હિંસક આંદોલન થયા છે. આસામના મૂળ નાગરિકોનો એવો તર્ક છે કે ગેરકાયદે રહેનારાઓ તેમના હક ઝૂંટવી રહ્યા છે. 80 ના દાયકામાં આસામ ગણ પરિષદ અને રાજીવ ગાંધી સરકાર વચ્ચે 1971 સુધી આસામમાં આવેલા બાંગ્લાદેશીઓને જ નાગરિકતા આપવાની અને બાકીનાને પાછા મોકલવાની સમજૂતી થઇ હતી. પરંતુ તે સમજૂતીમાં કશું જ ન થયું.

(૬) **IIM** :ડિપ્લોમાના બદલે વિદ્યાર્થીઓને ડિગ્રી આપી શકશે.

- ભારતીય મેનેજમેન્ટ સંસ્થાન બિલ- 2017
- ભારતમાં કૂલ- 20 IIM

(૭) **સાઉદી અરેબિયા અને UAE** :

- બંને દેશોએ પ્રથમવાર 5 ટકા VAT લાગુ કર્યો. (સેવા અને સામાન પર)
- પેટ્રોલના ભાવોમાં 127 ટકાનો વધારો

(૮) **25 મો હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળો** :

- તા. 5 થી 8 જાન્યુઆરી, 2018
- GMDC ગ્રાઉન્ડ, અમદાવાદ
- હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થા દ્વારા "આધ્યાત્મિક ઇમેજિકા" તરીકે ઓળખાતા સૌપ્રથમ હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાનું 5 થી 8 જાન્યુઆરી સુધી જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજન કરાયું છે.

**વિગતઃ-**

- **35 ફૂટ ઊંચુ શિવલિંગ, 11 કુંડી યજ્ઞશાળા, કૈલાશ પર્વતની પ્રતિકૃતિ બનાવાશે.**
- પૂજ્ય સ્વામી દયાનંદ સરસ્વતીના અધ્યક્ષપદે હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થા દ્વારા આયોજિત મેળામાં 300 થી વધુ આધ્યાત્મિક સંસ્થા 400 થી વધુ સ્ટોલ્સમાં તેમના સેવા કાર્યો દર્શાવાશે. ઉપરાંત 60,000 ચો.મી. ના ભવ્ય સંકુલમાં 35 ફૂટ ઊંચુ શિવલિંગ, 11 કુંડની યજ્ઞશાળા, ગાં પ્રદર્શન, કૈલાશ પર્વત-હરદ્વાર ગંગા પ્રતિકૃતિ, સૈન્યનું પ્રદર્શન મૂકવામાં આવશે.
- મેળા દરમિયાન કન્યાવંદન, માતૃવંદના, આચાર્યવંદન, ગંગા-તુલસી વંદન, વીર વંદન જેવા કાર્યક્રમો થશે. આ ઉપરાંત રોજ રાત્રે ભારતીય અને ગુજરાતના લોકજીવનને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.
- **પર્યાવરણ જાળવણીના 8 ઉદ્દેશોને પ્રાધાન્ય**
- મેળામાં સંસ્થાના છ મૂળભૂત ઉદ્દેશ્યોઃ વન-વન્યજીવોનું સંરક્ષણ, જીવ સૃષ્ટિનું સંતુલન, પર્યાવરણ સંરક્ષણ, પારિવારિક તથા માનવીય મૂલ્યોનું સંવર્ધન, મહિલા સન્માન અને રાષ્ટ્રભક્તિ જાગરણનો પ્રચાર થશે.

(૯) **વર્ષ 2018** :આગામી વર્ષમાં 8 રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે.

- 8 રાજ્યોમાં અત્યારે આ પરિસ્થિતિ છે, આ છે મુખ્ય મુદ્દાઓ

| | |
|---|---|
| મધ્યપ્રદેશ- 230<br>ભાજપ- 165<br>કોંગ્રેસ- 58 | ત્રણ વખતથી ભાજપ સત્તામાં છે. વ્યાપમં અને ખેડૂત આત્મહત્યાના મુદ્દે કોંગ્રેસ શિવરાજસિંહ ચૌહાણને ઘેરશે. |
| છત્તીસગઢ- 90<br>ભાજપ- 49<br>કોંગ્રેસ- 39 | 15 વર્ષથી ભાજપ સત્તામાં. આ વર્ષે કોંગ્રેસથી અલગ થયેલા અજિત જોગીનો પક્ષ ત્રિપાંખિયો જંગ સર્જી |

| | |
|---|---|
| | શકે. |
| મેઘાલય- 60 ભાજપ- 29 કોંગ્રેસ- 13 | રાજ્યમાં કોંગ્રેસની સરકાર છે. રાહુલ ગાંધીનો પ્રયત્ન કોંગ્રેસીઓનું ભાજપગમન અટકાવવાનો છે. |
| નાગાલેન્ડ- 60 પીપલ્સ નાગા ફ્રન્ટ- 38 કોંગ્રેસ- 8 | નાગાલેન્ડ પીપલ્સ ફ્રન્ટની સરકાર છે.નાગા અસ્મિતા અને ગ્રેટર નાગાલેન્ડની માગ મુખ્ય મુદ્દા છે. |
| રાજસ્થાન- 200 ભાજપ- 163 કોંગ્રેસ- 21 | વસુંધરાના શીર્ષ નેતૃત્વ સાથે અણબનાવનો લાભ લેવા કોંગ્રેસ તત્પર, પેટાચૂંટણીની જીતથી આત્મવિશ્વાસ વધ્યો. |
| કર્ણાટક- 224 ભાજપ- 40 કોંગ્રેસ- 122 | કોંગ્રેસ હારશે તો દક્ષિણમાં તે સાફ થઇ જશે. લિંગાયતને હિંદુ ધર્મથી અલગ માન્યતા મુખ્ય રાજકીય મુદ્દો |
| મિઝોરમ- 40 અન્ય- 6 કોંગ્રેસ- 34 | પૂર્વોત્તરમાં ભાજપ સતત જૂના કોંગ્રેસી નેતાઓને સાથે લઇ રહ્યો છે. મિઝોરમમાં પણ આ જ રણનીતિ છે. |
| ત્રિપુરા- 60 સીપીઆઇએમ- 49 કોંગ્રેસ- 10 | ડાબેરી સરકારનો કોંગ્રેસ સાથે સીધો મુકાબલો થશે. સીએમ માણિક સરકાર માટે ગઢ બચાવવાનો મુખ્ય પડકાર |

**(૧૦) 28 વર્ષ પછી ભારતમાં એશિયાકપ અને હોકીકપ એક સાથે રમાશે**

- **હોકી વર્લ્ડ કપ- 28 નવેમ્બરથી 16 ડિસેમ્બર**
  હોકી વર્લ્ડકપ ઓરિસ્સાની રાજધાની ભુવનેશ્વરમાં આ વર્ષે યોજાશે. તેમાં ભારત સહિત 16 દેશોની ટીમ ભાગ લેશે. આ પહેલા ભારત 1982 અને 2010 માં આ ઇવેન્ટની યજમાનીકરી ચૂક્યો છે.
- **એશિયાકપ- સપ્ટેમ્બર- 2018**
  એક દિવસીય ટૂર્નામેન્ટ- 1990-91 પછી બીજી વાર ભારતમાં યોજાશે. 14 વર્ષ પછી ફરીથી 6 ટીમ ભાગ લેશે. ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા સિવાય ટીમ હવે નક્કી થશે.
- **બોક્સિંગ ચેમ્પિયનશીપ- નવેમ્બર- 2018**
  વિમેન્સ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશીપ આ વર્ષે દિલ્હીમાં યોજાશે. તેમાં 64 દેશોની મહિલા બોક્સર ભાગ લઇ શકે છે. સાત દિવસની આ ઇવેન્ટ વર્ષના અંતે યોજાશે. જો કે તારીખો હજી નક્કી નથી.
- પહેલી વખત આંતરરાષ્ટ્રીય સ્કી કપ યોજાશે : ભારતમાં પહેલી વખત આંતરરાષ્ટ્રીય સ્કી કપનું આયોજન કરાશે. 15 થી 21 જાન્યુઆરી સુધી ઉત્તરાખંડના ઓલીમાં યોજાનારા આ કપમાં સાઉથ એશિયન દેશોના સ્કીયર ભાગ લેશે. આ માટેનું સ્થળ ઇન્ટરનેશનલ સ્કી ફેડરેશનથી સર્ટિફાઇડ છે.

**(૧૧) રણજી ટ્રોફી- 2017-18**

- પ્રથમવાર વિદર્ભ ટીમ વિજેતા
- હરીફ- દિલ્હી
- ફાઇનલ- હોલ્કર મેદાન- ઇન્દોર ખાતે રમાઇ
- ગતવર્ષે ગુજરાત ચેમ્પિયન હતું. (ગુજરાત V/S મુંબઇ)

(૨) **GST અને RTI** :આગામી શૈક્ષણિક વર્ષથી ધોરણ- 9 અને 11 ના વિદ્યાર્થીઓને GST અને RTI નો કાયદો ભણાવાશે.

- ગુજરાત શિક્ષણ બોર્ડ હેઠળની રાજ્યની સ્કૂલોને આવરી લેવાશે.
- ધોરણ- 9 માં સામાજિક વિજ્ઞાનમાં RTI તેમજ ધોરણ-11 મા અર્થશાસ્ત્રમાં GST નો પાઠ ભણાવાશે.
- GST વિષયને રાજ્યની આર્ટ્સ –કોમર્સ કોલેજમાં સામેલ કરાયો છે.

**(3) પ્રોફેસર સત્યેન્દ્રનાથ બોઝ- જન્મ તા. 01 જાન્યુઆરી**

VIVEKANAND ACADEMY GANDHINAGAR

- 125 મી જન્મજયંતિની ઉજવણી
- વતન- પશ્ચિમ બંગાળ

## 3 January

**(૧) ચૂંટણી ફંડ માટે ઇલેક્ટોરલ બોન્ડ :**

- આ બોન્ડ 15 દિવસ જ કાયદેસર રહેશે.
- બોન્ડ આપનારનું નામ ગુપ્ત રહેશે.
- બોન્ડ ખરીદનારે બેંકમાં KYC રજૂ કરવું પડશે.
- રાજકીય પક્ષોને દાન આપવાની વ્યવસ્થા પારદર્શક બનાવવા માટે સરકારે ચૂંટણી બોન્ડની યોજના શરૂ કરી દીધી. નાણામંત્રી અરુણ જેટલીએ લોકસભામાં જણાવ્યું કે, ભારતનો કોઇપણ નાગરિક, કંપની અથવા સંસ્થા એસબીઆઇની વિશેષ શાખાઓમાંથી આ બોન્ડ ખરીદી શકે છે. બોન્ડ જાન્યુઆરી, એપ્રિલ, જુલાઇ અને ઓક્ટોબરમાં 10-10 દિવસ માટે મળશે. એક હજાર, 10 હજાર, એક લાખ અને એક કરોડ રુપિયાના ગુણાંકના હિસાબમાં ગમે તેટલા બોન્ડ ખરીદી શકાય છે.

**(૨) હાયપર સોનિક મિસાઇલ** : ચીન દ્વારા વિકસાવવામાં આવી. – સફળ પરીક્ષણ

- અન્ય નામ- DF – 17 અથવા હાયપર સોનિક ગ્લાઇડર વ્હિકલ (HGV) ડોંગ ફેગ- DF-41
- આગામી 2020 સુધીમાં સામેલ કરાશે.
- **હાયપર સોનિક મિસાઇલ કેવી હોય ?**
  હાયપર સોનિક મિસાઇલ ભારેખમ દારૂગોળો લઇને ખૂબ ઝડપથી નીચે ઉડી શકે.
  આ મિસાઇલ નીચે ઉડતી હોવાથી બેલિસ્ટિક મિસાઇલની જેમ આંતરવી મુશ્કેલ.
  અમેરિકાની એન્ટિ મિસાઇલ સિસ્ટમ આંતરે એ પહેલાં જ હુમલો કરી શકશે.
  મિસાઇલ આંતરવા તૈનાત કરેલી સિસ્ટમને પણ નષ્ટ કરવા સક્ષમ

**(3) તાજમહલ- આગરા**

- દૈનિક માત્ર 40,000 પ્રવાસીઓ મુલાકાત લેશે.
- એક પ્રવાસી માત્ર 3 કલાક જ સંકુલમાં રહી શકશે.
- હેરિટેજ સાઇટને બચાવવાના ભાગરૂપે મર્યાદા નક્કી કરાઇ
- સંસ્થા- આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા

**(૪) શાયર અનવર જલાલપુરી** : 71 વર્ષે લખનઉ ખાતે અવસાન

- કાર્ય- ભગવદ્ ગીતાના 7000 સંસ્કૃત શ્લોકોનું ઉર્દૂમાં અનુવાદ કરનાર
- યશ ભારતી સન્માન મેળવનાર

**(૫) મહેસૂલ વિભાગ** : ગુજરાત સરકાર

- નવતર પ્રયોગ
- **નાયબ સચિવોને મહેસૂલી કામગીરીની જવાબદારી**
- જિલ્લાઓમાં મહેસૂલી કામગીરીના મોનિટરીંગ અને સમીક્ષા માટે મહેસૂલ વિભાગ દ્વારા સચિવ-નાયબ સચિવોને જિલ્લાઓના પ્રભારી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.
- **દર મહિને એક જિલ્લાની મુલાકાત લેશે.**
- રાજ્ય સરકાર દ્વારા મહેસૂલી કામગીરીને અસરકારક અને પરિણામલક્ષી બનાવવા મહેસૂલ વિભાગના 10 સંયુક્ત સચિવ- નાયબ સચિવોને પ્રભારી બનાવાયા છે. તેમને 33 જિલ્લાઓ ફાળવી દેવાયા છે. નાયબ સચિવો તેમને ફાળવાયેલા જિલ્લાની મહિનામાં ઓછામાં ઓછી એકવાર મુલાકાત લેશે અને જિલ્લાતંત્રની કામગીરીની સમિક્ષા કરશે. સરકારી યોજનાઓના અમલીકરણ અને મહેસૂલી કામગીરી અંગે તેઓ વિભાગને પોતાનો રીપોર્ટ પણ આપશે.

**(૬) ભારત** :દેશમાં વાઘની વસતી ગણતરી

- નેશનલ ટાઇગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) નો અહેવાલ
- વિશ્વમાં કુલ 3890 વાઘ
- વિશ્વના 70 ટકા વાઘ ભારત પાસે કુલ- 2226
- રશિયા- 433
- ઇન્ડોનેશિયા- 371
- મલેશિયા- 250
- NTCA ના અહેવાલ મુજબ 2017 માં દેશમાં 115 વાઘના મૃત્યુ : વધુ MP(29 વાઘ)
- **આ વર્ષે વાઘની ગણતરી થશે, એપનો ઉપયોગ થશે.**
- વાઘની ગણતરી દર 4 વર્ષ બાદ થાય છે. આ વર્ષે પણ થશે. તેના માટે વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટ્યૂટે એક એપ બનાવી છે. મોનિટરિંગ સિસ્ટમ ફોર ટાઇગર ઇન્ટેન્સિવ પ્રોટેકશન એન્ડ ઇકોલોજિકલ સ્ટેટસ(એમ-સ્ટ્રાઇપ્સ) નામની આ એપથી વાઘના પગલાં, ક્ષેત્ર રેકોર્ડ કરાશે. તેમાં 18 રાજ્યોનું 4 લાખ ચો. કિ.મી. ક્ષેત્ર કવર થશે.

- 1973 માં વાઘ સંરક્ષણ માટે "પ્રોજેક્ટ ટાઇગર" નો પ્રારંભ

## 4 January

(૧) **બ્રિટન- એલીનોર તોફાન**

- 160 કિ.મી.ની ઝડપે પવન ફૂંકાયો

(૨) **મિશન સેવન સમિટ**-IAF દ્વારા પૂર્ણ કરાયું.

- **સાત ખંડના સાત શિખર સર કરતી વાયુ સેના**
- 2005 માં માઉન્ટ એવરેસ્ટ આરોહણ કર્યા પછી ઇન્ડિયન એરફોર્સ એક નવો નિર્ધાર કર્યો. વિશ્વના સાતેય ખંડના એક-એક સર્વોચ્ચ શિખર સર કરી ત્યાં ત્રિરંગો લહેરાવવાનો. આ મિશન પૂરૂ થઇ ચૂકયું છે. વાયુસેનાએ વિશ્વના સાતેય ખંડના સાત સર્વોચ્ચ શિખર પર ત્રિરંગો ફરકાવ્યો છે. એશિયામાં માઉન્ટ એવરેસ્ટ, ઓસ્ટ્રેલિયાનો માઉન્ટ કોઝૂસ્કો, દક્ષિણ અમેરિકામાં માઉન્ટ એક્રોનકાગુઆ, એન્ટાર્કટિકામાં માઉન્ટ વિન્સન, માસિફ, યુરોપનો માઉન્ટ એલ્બરસ અને આફ્રિકાનો માઉન્ટ કિલિમાન્જરો સર કર્યો હતો. વાયુદળ મિશન સેવન સમિટપાર પાડનારુ પ્રથમ ભારતીય ઓર્ગેનાઇઝેશન બન્યું છે.

(3) **ભારતીય બાસમતી ચોખા** : 2018 થી યુરોપિયન સંઘમાં ભારતીય બાસમતી ચોખા પર બે વર્ષનો પ્રતિબંધ

- વિશ્વના 70 ટકા બાસમતી ચોખાનું ઉત્પાદન ભારતમાં થાય છે.
- 2015-16 માં ચોખાની નિકાસ રૂ.22,727 કરોડ
- આપણા ચોખામાં પીબી 1 અથવા પુસા 1410 નામની બીમારી થાય છે. તેને અંગ્રેજીમાં બ્લાસ્ટ કહેવામાં આવે છે. સ્થાનિક ભાષામાં ઝૂલસા, ઝોંકા અથવા પ્રધ્વંસ કહેવામાં આવે છે. લીલા રંગના છોડની પાંદડીઓમાં ભૂરા રંગના ટપકા જોવા મળે છે. ધીમે-ધીમે મોટા થઇને હોડી જેવા આકારમાં ફેરવાઇ જાય છે. તે પીરી કુલેરિયા ઓરોઇઝી નામની ફૂગ હોય છે. મૂળ સિવાય આખા છોડમાં ફેલાઇ જાય છે. તેને દૂર કરવા માટે ચોખાના છોડમાં ખેડૂતો ટ્રાઇસાઇકલોઝોલ નામના ફેંગીસાઇડ (ફૂગનાશક) નો ઉપયોગ કરે છે. અમેરિકાની ડોવ કંપની તેનું ઉત્પાદન કરે છે,જે સસ્તી, વાપરવામાં સરળ અને સૌથી અસરકારક માનવામાં આવે છે. મોટાપાયે, સારા ગુણવત્તાવાળો પાક ઉગાડવા માટે જંતુનાશકોનો ઉપયોગ ખૂબ જરૂરી છે. સમસ્યા એ છે કે કોઇપણ ખાદ્ય પદાર્થ ઊગી ગયા અને લણાઇ ગયા પછી પણ જંતુનાશકોનું અમુક પ્રમાણ તો રહી જ જાય છે. તેનું મેક્સિમમ રેઝીડ્યુ લેવલ (એમઆરએલ) કહે છે. જો ખાદ્ય પદાર્થની અંદર એમઆરએલનું પ્રમાણ વધારે હોય, એટલે કે તેની ભીતર પેસ્ટિસાઇડ્સ કે ફંગીસાઇડ્સનું પ્રમાણ અમુક લિમિટ કરતા વધારે હોય તો તે આરોગનારના શરીરને નુકસાન પહોંચાડે છે. આથી પ્રમાણિત એજન્સીઓ પાકમાં એમઆરએલ સતત ચેક કરતી રહેતી હોય છે. વિદેશમાં વાસ્તવમાં અને ભારતમાં કાગળ પર આનું કડક ચેકિંગ કરવામાં આવતું હોય છે.

યુરોપિયન યુનિયને અત્યાર સુધીમાં એવો નિયમ રાખ્યો હતો કે તેમને ત્યાં આયાત થતા બાસમતી ચોખામાં ટ્રાઇસાઇકલોઝોલ ફેંગીસાઇડ્સનું પ્રમાણ 1 પીપીએમ હોવું જોઇએ. હવે તેમણે નિયમ વધુ કડક કર્યા છે અને 0.01 પીપીએમ (પાર્ટ પર મિલિયન) થી વધારે પેસ્ટિસાઇડ્સવાળા બાસમતી ચોખા નહીં ચાલે.

(૪) **ઇન્ડિયન ઓઇલ 2018ને વિશ્વાસ વર્ષ તરીકે ઉજવશે. – સ્વીકારશે.**

- 2018 – Year of Trust

## 5 January

(૧) **બોમ્બ સાઇકલોન જેનેસિસ** : USA ના ફ્લોરિડા 30 વર્ષ બાદ હિમ વર્ષા

- બરફ ઓગાળવા માટે દક્ષિણ કેરોલિનામાં રસ્તા પર 17 હજાર ટન મીઠાનો છંટકાવ
- ખાસ- 1 ચમચી મીઠું 18 લિટર બરફ ઓગાળી શકે છે.

(૨) **દેશનું પ્રથમ સોલાર વિલેજ** : રસુલપુરા-ગિર જંગલ) ગિર સોમનાથ

- પંચાયત અને ઘરો સૌર ઊર્જાથી ઝળહળશે.
- 5 Jan. થી વન વિભાગ દ્વારા આ સોલર પ્લાન્ટનો પ્રારંભ કરાયો
- ખર્ચ 3.70 લાખ

(3) **ઓખી વાવાઝોડું** –2400 કિ.મી.નું અંતર કાપીને નવો રેકોર્ડ બનાવ્યો- દેશનું પ્રથમ વાવાઝોડું

- 40 વર્ષ બાદ સૌથી વધુ અંતર
- બંગાળની ખાડીથી ગુજરાત સુધીની સફર
- છેલ્લા ત્રણ દશકનું ભયાનક વાવાઝોડું

(૪) **બોમ્બજેનેસિસ વાવાઝોડું શું છે ? (USA)**

બોમ્બજેનેસિસ વાવાઝોડું ત્યારે આવે છે કે જ્યારે વાવાઝોડાનું બાયોમેટ્રિક પ્રેસર 24 કલાકમાં 24 મિલિબાર્સ જેટલું ઘટી જાય, તેને કારણે વાવાઝોડું ખૂબ શક્તિશાળી બની જતું હોય છે. બાયોમેટ્રિક પ્રેશર તે વાતાવરણનું દબાણ હોય છે અને મિલિબાર તેને માપવાનું એકમ છે. આવા વાવાઝોડામાં ઝડપી પવન ફૂંકાવા સાથે બરફ વર્ષા થતી હોવાથી બોમ્બજેનેસિસ નામ આપવામાં આવ્યું છે.

(૫) **વેસ્ક્યુલર રોબોટિક્સ** :

- ➢ રોબોટિક્સની મદદથી 3 મિનિટમાં 100 ટકા બ્લોકેજ દૂર કરાઇ
- ➢ ઇન્ટરનેશનલ કાર્ડિયોલોજિસ્ટ અને પદ્મશ્રી ડો. તેજસ પટેલની વૈશ્વિક સિદ્ધિ – અમદાવાદી
- ➢ USA બાદ FDA માન્ય રોબોટિક હાર્ટ પ્રોસિજરમાં અમદાવાદ વિશ્વમાં પ્રથમ
- ➢ 2018 ના અંત સુધીમાંએક લાખ સર્જરીનું લક્ષ્યાંક
- ➢ આ ટેકનોલોજી સૌપ્રથમવાર અમદાવાદમાં લાવવા પાછળની ફિલસૂફી જણાવતા ડો. તેજસ પટેલે કહ્યું કે 2000ની સાલમાં તેમણે પહેલીવાર રેડીયલ કેથેરાઇઝેશન શરૂ કર્યું ત્યારે ઘણાએ આના જોખમ સામે ચેતવી તેનાથી દૂર રહેવા સલાહ આપેલી. પણ હિંમત અને વિશ્વાસથી તેઓ આગળ વધ્યા. ત્યારે આ સર્જરીની કિંમત રૂા. 7 લાખહતી તે રેડિયલ કેથેરાઇઝેશનના પરિણામે ઘટીને બે લાખ થયેલી. નિષ્ફળતા પણ ઘટે એટલે જોખમ લઉ છું. અત્યાર સુધીમાં આ ટેકનોલોજીમાં તેમણે 5 હજારથી વધુ કાર્ડિયોલોજિસ્ટને તાલીમ આપી છે. હવે આ રોબોટિક્સ એ હ્રદયરોગના દર્દીઓમાં મૃત્યુદર ઘટાડતી ટેકનોલોજી છે. તે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સીથી સજ્જ છે. એટલે કાર્ડિયોલોજિસ્ટ ભૂલ કરે તો રોબોટ તે સુધારી લે છે. તેઓ આગામી પાંચ વર્ષમાં ઝીરો ફેલ્યોરના લક્ષ્ય સાથે રોબોટિક્સ ટેકનોલોજી માટે વધુ 5,000 ને તૈયાર કરશે. તેમણે અત્યાર સુધીમાં કૂલ કેટલી સર્જરી કરી તે વિશે પુછતાં તેમણે ગર્વભેર જણાવેલું કે 2018 ના ડિસેમ્બર સુધીમાં તેઓ એક લાખ સર્જરી પુરી કરશે. વિશ્વમાં આવા તેઓ ત્રીજા ડોકટર બનશે. કુલ ચાર તબીબ હતા તેમાંથી બે જ હયાત છે.

## 6 January

(૧) **સી- 161 બોટ** :પોરબંદર કોસ્ટગાર્ડ જેટી પરથી સી- 161 બોટ તરતી મુકાઇ

- ➢ લંબાઇ- 7.6 મીટર
- ➢ ઝડપ- 35નોટિકલ માઇલ
- ➢ સતત 8 કલાક પેટ્રોલિંગ કરશે.

(૨) **ગ્લોબલ પાટીદાર સમિટ- 2018**

- ➢ તા. 5 થી 7 જાન્યુઆરી
- ➢ મહાત્મા મંદિર, ગાંધીનગર
- ➢ આયોજક- સરદારધામ- વિશ્વ પાટીદાર કેન્દ્ર
- ➢ આગામી વર્ષોમાં સરકારી સહિત તમામ ક્ષેત્રે પ્રવેશમાટે પાટીદાર યુવાનોને તૈયાર કરાશે. લક્ષ્યાંક વર્ષ- 2026

(૩) ભારત : ચાલુ નાણાકીય વર્ષમાં GDP નો દર 6.5 ટકા રહેવાનો અંદાજ : અહેવાલ- સેન્ટ્રલ સ્ટેટેટિક્સ ઓફિસ (CSO) નવી દિલ્હી

- ➢ અગાઉ અંદાજ- 7.1 ટકાનો હતો.
- ➢ GDP :

| | | |
|---|---|---|
| GDP : | 2014-15 | 7.5% |
| | 2015-16 | 8 % |
| | 2016-17 | 7.1 % |

(૪) **RBI : રૂા. 10ની નવી નોટ**

- ➢ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ રૂા. 10 ની નવી નોટનો ફોટો જાહેર કર્યો હતો. આ સાથે એ સ્પષ્ટતા કરી હતી કે રૂા. 10 ની જૂની નોટ પણ માન્ય રહેશે. રૂા.10ની નવી નોટ ચોકલેટી બ્રાઉન કલરની છે. આ નોટના સિરિયલ નંબર ચડતાક્રમમાં જોવા મળશે. સરકારે બજારમાં મુકવા માટે આશરે 1 અબજની રૂા. 10 ની નોટનું છાપકામ પૂર્ણ કરી દીધું છે.
- ➢ **શું છે ખાસ ?**
- ➢ નોટની પાછળની બાજુ કોણાર્કના સૂર્યમંદિરનો ફોટો હશે. જ્યારે આગળની બાજુ ગાંધીજી
- ➢ સ્વચ્છતા અભિયાનનો લોગો મૂકવામાં આવ્યો.
- ➢ 10 દેવનાગરી લિપિમાં લખવામાં આવ્યું છે.

(૫) **33 મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા- 2018 તા. 7-1-18**

- ➢ કુલ- 1044 સ્પર્ધકો
- ➢ ભાઇઓ માટે – 5500 પગથિયા
- ➢ બહેનો માટે – 2200 પગથિયા
- ➢ 1971 થી આયોજન કરાય છે.

(૬) **કેન્દ્ર દ્વારા GTU ની પેટન્ટ સેન્ટર તરીકે પસંદગી : દેશનું બીજુ સેન્ટર બનશે.**

- જીટીયુને કેન્દ્ર સરકારે પેટન્ટ સેન્ટર તરીકે મંજૂરી આપી છે. કેન્દ્ર સરકારના નેશનલ રિસર્ચ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા આઇપીઆરએસ તરીકે જીટીયુની પસંદગી કરવામાં આવી છે. જીટીયુમાં હવે ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ સેન્ટર સ્થપાશે અને જે દેશનું બીજી આઇપીઆર સેન્ટર બનશે. કેન્દ્ર સરકાર દ્વારા ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ એટલે કે પેન્ટન્ટ અને કોપી રાઇટ તેમજ ટ્રેડમાર્ક સહિતની બૌદ્ધિક સંપદા કામગીરી માટે નેશનલ રિસર્ચ ડેવલપમેન્ટ કોર્પોરેશન નામની ઓટોનોમસ સંસ્થા શરૂ કરાઇ છે. નેશનલ રીસર્ચ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા ભારતમાં બે એકેડેમિક ઇન્સ્ટિટયુટની આઇપીઆર સેન્ટર તરીકે પસંદગી કરવામાં આવી છે. જેમાં જીટીયુનો પણ સમાવેશ થાય છે. નેશનલ રીસર્ચ ડેવલપમેન્ટ કોર્પોરેશને જીટીયુની પેટન્ટ ફેસિલિટી સેન્ટર તરીકે પસંદગી કરી છે. દેશમાં માત્ર બે જ સંસ્થાની પસંદગી થઇ છે. જેમાં પ્રથમ છે આઇઆઇટી કાનપુર અને બીજી જીટીયુ

## 7 January

(૧) **એવિએશન સેફ્ટી નેટવર્ક** :અહેવાલ

- 2017 નું વર્ષ હવાઇ યાત્રાના ઇતિહાસમાં સૌથી સલામત
- માત્ર 10 અકસ્માત જેમાં 44 ના મૃત્યુ
- અગાઉ 2016 માં 303ના મૃત્યું.

(૨) **29 મો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ- 2018**

- સાબરમતી રિવર ફ્રન્ટ- અમદાવાદ
- 44 દેશ, 18 રાજ્યોના 245 જ્યારે ગુજરાતના 290 થી વધુ પતંગબાજો જોડાયા- ભાગ લીધો
- તા. 7 થી 14 જાન્યુઆરી
- અન્ય સ્થળો- ડાકોર, ગાંધીધામ, જામનગર, રાજકોટ, સુરત, વડોદરા, અરવલ્લી, દ્વારકા, અમરેલી, પાલનપુર, પાવાગઢ, વલસાડ, સાપુતારા અને પોળો (વિજયનગર)
- થીમ- "એક ભારત શ્રેષ્ઠ ભારત"
- ગત વર્ષે 2016 માં પતંગ ઉદ્યોગને રૂ.572 કરોડની આવક થઇ હતી.

(3) **માથાદીઠ આવક-** 2017-18 માં ભારતમાં માથાદીઠ આવકના વિકાસ દરમાં 8.3 ટકાનો વધારો થશે.

- વર્ષ 2016-17માં 9.7 ટકાનો વધારો : અહેવાલ- CSO નવી દિલ્હી

(૪) **શ્રી પરેશ ધાનાણી** :કોંગ્રેસના સૌથી યુવાન વયના 24 મા વિરોધ પક્ષના વિધાનસભા નેતા તરીકે વરણી (41 વર્ષ )

- વતન- અમરેલી
- બેઠક- અમરેલી

(૫) **જિવાની** : ઇરાનના ચાબહાર બંદરગાહ નજીક પાકિસ્તાનમાં જિવાની ખાતે ચીની સૈન્ય મથક સ્થપાશે.

- **પાકિસ્તાનના જિવાની ખાતે ઊભું થશે સૈન્ય મથક**
- દક્ષિણ એશિયા વિષયક નિષ્ણાંતનું કહેવું છે કે ચીન જિવાની ખાતે લશ્કરી મથક ઊભું કરવા જઇ રહ્યો છે. અમેરિકી સૈન્યના પૂર્વ કર્નલ લોરેન્સ સેલિનનું પણ કહેવું છે કે પાકિસ્તાન અને ચીની અધિકારીઓ વચ્ચે જિવાની ખાતે નૌકાદળનું નવું મથક ઊભું કરવા સહમતી સધાઇ ચૂકી છે. ચીન અને પાકિસ્તાન સંયુક્ત નૌકાદળ અને વાયુદળ મથક ઊભું કરવાની ક્ષમતા ધરાવે છે. પરંતુ હાલમાં આવું મથક બિનજરૂરી છે. ચીને તાજેતરમાં પોતાનું વિદેશમાં આવેલું પ્રથમ લશ્કરી મથક આફ્રિકાના દિજબૌતી ખાતે કાર્યરત કર્યું હતું. ચીને 99 વર્ષના લીઝ પર શ્રીલંકાનું હમ્બનતોતા બંદરગાહ પણ હસ્તગત કર્યું છે.

(૬) **ચોરવાડથી વેરાવળના સમુદ્રમાં 25 મી ફેબ્રુઆરી (2018)એ ભાઇઓ બહેનો માટે તરણ સ્પર્ધા**

- દર બે વર્ષે ચોરવાડથી વેરાવળના સમુદ્રમાં યોજાનાર વીર સાવરકર અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધા 25 ફેબ્રુઆરીના રોજ યોજાશે. 30મી વખત યોજાવા જઇ રહેલી આ સ્પર્ધામાં ભાઇઓ માટે ચોરવાડથી વેરાવળ 21 નોટીકલ માઇલ અને બહેનો માટે આદ્રીથી વેરાવળ 16 નોટીકલ માઇલનું અંતર સમુદ્રમાં તરીને કાપવાનું રહેશે. દરિયાની ભરતી, ઓટ અને કરંટ મુજબ ટેકનિકલ અભિપ્રાય સાથે તા. 25 ફેબ્રુઆરીના રોજ સ્પર્ધા નક્કી કરવામાં આવી છે.

(૭) **જેન્ડર પેરિટી (સમાનતા) ઇન્ડેક્સ** :

- MHRD ના સર્વે મુજબ 7 રાજ્યોમાં ઉચ્ચ શિક્ષણમાં કન્યાઓ આગળ
- ઓલ ઇન્ડિયા હાયર એજ્યુકેશન સર્વે અનુસાર હવે ઉચ્ચ શિક્ષણ મેળવનારાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે. આ સરવે એચઆરડી મંત્રાલયમાં મંત્રી પ્રકાશ જાવડેકરે બહાર પાડ્યો હતો. એ સરવે અનુસાર જેન્ડર પેરિટી

VIVEKANAND ACADEMY GANDHINAGAR

ઇન્ડેક્સમાં પાછલા સાત વર્ષોમાં દેશમાં સુધારો આવ્યો છે. 2010-11 માં જેપીઆઇ 0.86 હતો. જે 2016-17 માં વધીને 0.94 થયો છે. આ આંકડા પુરવાર કરે છે કે ઓછામાં ઓછા સાત રાજ્યોમાં તો મહિલાઓએ પુરુષોને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં પાછળ રાખી દીધા છે.

- **તામિલનાડુ સૌથી આગળ**
- છોકરીઓ દ્વારા ઉચ્ચ શિક્ષણ મેળવનારાઓમાં તામિલનાડુ સૌથી આગળ છે. હિમાચલપ્રદેશ 36.7 ટકા, કેરળમાં 34.2 ટકા, પંજાબમાં 28.6 ટકા અને તામિલનાડુમાં 46.9 ટકા, આંધ્રપ્રદેશમાં 32.4 ટકા તેમજ હરિયાણામાં 29 ટકા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવનારાઓમાં આગળ છે.
- **પાછળ રહી ગયેલા રાજ્યો**

બિહાર સહિત 8 રાજ્યોમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનો ગુણોત્તર ઓછી સરેરાશથી પણ ઓછો છે. ઉત્તરપ્રદેશમાં 24.9 ટકા, મધ્યપ્રદેશમાં 20 ટકા, ઓડિશામાં 21 ટકા, બિહારમાં 14 ટકા, ગુજરાતમાં 20.2 ટકા, રાજસ્થાનમાં 20.5 ટકા, મિઝોરમમાં 24.5 ટકા, પશ્ચિમ બંગાળમાં 18.5 ટકા છે. બિહારમાં આ આંકડો સૌથી ઓછો છે.

(૮) **અરુણાચલપ્રદેશ** – દેશની બીજી ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટયુટ (FTII) સ્થપાશે

- પ્રથમ- FTII પૂણે ખાતે
- માહિતી અને પ્રસારણ મંત્રાલય

## 8 January

(૧) **કરુણા અભિયાન** :ઉત્તરાયણમાં પક્ષીઓને બચાવવા – સારવાર આપવા તા. 10 થી 20 જાન્યુઆરી 2018 દરમિયાન વન વિભાગ દ્વારા કરુણા અભિયાન યોજાશે.

- હેલ્પ લાઇન – કંટ્રોલ રૂમ- 1962

(૨) **જીરૂ : સમગ્ર વિશ્વમાં ઊંઝાના બજારના જીરુની ભારે માગ**

- ગુજરાતમાં સુરેન્દ્રનગર, બનાસકાંઠા અને પાટણ જીરુનું વધુ ઉત્પાદન
- વૈશ્વિક સ્તરે જીરુની નિકાસમાં સીરિયાનું મુખ્ય હરીફ ભારત હતું.
- વર્ષ 2017 માં જીરાનું કુલ ઉત્પાદન

| **રાજ્ય** | **ઉત્પાદન (ટનમાં)** |
|---|---|
| ગુજરાત | 2,84,000 |
| રાજસ્થાન | 2,00,000 |
| અન્ય રાજ્યો | 1480 |
| કુલ- | 4,85,480 |

- ભારતના હરીફ સીરિયા સિવાય તૂર્કી, પાકિસ્તાન, ઇરાન, મેક્સીકો, મોરોક્કો અને ચિલીમાં પણ જીરાનું વાવેતર થાય છે. વૈશ્વિક સ્તરે જીરાની નિકાસમાં 71 ટકા હિસ્સો ભારત ધરાવે છે. આરબ રાષ્ટ્રો જીરુ સારા એવા પ્રમાણમાં આયાત કરે છે. તેઓ ભારતને જીરાના વાડકા તરીકે પણ ઓળખે છે. આરબ રાષ્ટ્રો સિવાય બ્રાઝિલ, મેક્સીકો, સ્પેન, અમેરિકા, વિયેટનામ અને બાંગ્લાદેશ વધુ પ્રમાણમાં જીરુની આયાત કરે છે.
- ભારતમાં જીરુ ઉત્પાદનના લગભગ 58 ટકા હિસ્સા ગુજરાત ધરાવે છે.

(3) **સ્વચ્છ સર્વેક્ષણ- 2018**

- તા. 4 જાન્યુઆરી થી 10 માર્ચ- 2018
- સ્વચછતા એપ ડાઉનલોડ કરીને તમારી આજુબાજુ સફાઇ સાથે જોડાયેલી ફરિયાદો સંબંધિત કચેરીને મોકલી આપો.
- અંતે આ અંગે સ્પર્ધા પણ યોજાશે.

## 9 January

(૧) **સાઉદી અરબ** : દરિયાઇ માર્ગે હજયાત્રાની ભારતની દરખાસ્તનો સાઉદી અરબ દ્વારા સ્વીકાર

- મક્કા ખાતે વાર્ષિક હજ સમજૂતી પર હસ્તાક્ષર કરાયા
- મુંબઇથી જેદ્દાહ દરિયાઇ માર્ગે હજ માટે જઇ શકાશે. અંતર 2300 નો. મા.
- 1995 થી આ વિકલ્પ બંધ હતો.

(૨) **75 મો ગોલ્ડન ગ્લોબ એવોર્ડ- 2018**

- લોસ એન્જિલસ- USA
- NRI અઝીઝ અન્સારી (T.N.) પ્રથમ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ વિજેતા (બેસ્ટ એકટર- ટેલિવિઝન સીરીઝ – મ્યુઝિકલ કોમેડી) (ધ માસ્ટર ઓફ નન)
- પ્રથમવાર લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ વિજેતા અશ્વેત મહિલા- ઓપ્રાહ વિનફ્રે
- બેસ્ટ એકટ્રેસ(ડ્રામા) – ફ્રાન્સિસ મેકડરમોન્ટ
- બેસ્ટ એકટર(ડ્રામા)- ગોરી ઓલ્ડમેન
- બેસ્ટ ફિલ્મ- થ્રી બિલબોર્ડ્સ આઉટસાઇડ એબિંગ, મિસૂરી
- બેસ્ટ ફિલ્મ (મ્યુઝિકલ/કોમેડી)– લેડી બર્ડ
- બેસ્ટ લિમિટેડ સીરિઝ/ટીવી ફિલ્મ-બિગ લિટલ લાઇસ

- બેસ્ટ ડાયરેક્ટર(મોશન પિક્ચર)- ગુલિરમો ડેલ ટોરો (ધ શેપ ઓફ વોટર)
- બેસ્ટ એક્ટર, ટીવી સીરિઝ (મ્યુઝિકલ/કોમેડી)– અઝિઝ અન્સારી (મૂળ ભારતીય)
- બેસ્ટ ટીવી સીરિઝ- ધ માર્વલસ મિસિસ માઇસલ
- બેસ્ટ ટીવી સીરિઝ(ડ્રામા) – ધ હેન્ડમેડ્સ ટેલ
- બેસ્ટ સપોર્ટિંગ એક્ટર- ઇવાન મેકગ્રેગોર (ફર્ગો)
- બેસ્ટ સપોર્ટિંગએક્ટ્રેસ- લોરા ડર્ન (બિગ લિટલ હાઉસ)
- બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ (મોશન)- એલિસન જેની (આઇ, ટોન્યા)
- બેસ્ટ મોશન પિક્ચર (વિદેશી ભાષા) – ઇન ધ ફેડ, જર્મની, ફ્રાન્સ
- બેસ્ટ મોશન પિક્ચર (એનિમેશન)- કોકો
- બેસ્ટ સપોર્ટિંગ એક્ટર-સેમ રોકવેલ (થ્રી બિલબોડ્સ આઉટસાઇડ એબિંગ, મિસૂરી)
- બેસ્ટએક્ટ્રેસ- નિકોલ કિડમેન (બિગ લિટલ લાઇસ)
- બેસ્ટ એક્ટર- એલેકઝાન્ડર કાર્સગાર્ડ (બિગ લિટલ લાઇસ)
- બેસ્ટ એક્ટ્રેસ (ટીવીસીરિઝ/ડ્રામા) –એલિઝાબેથ મોસ (હેન્ડમેઇડ્સ ટેલ)
- બેસ્ટ એક્ટર (ટીવીસીરિઝ/ડ્રામા)- સ્ટર્લિંગ કે બ્રાઉન (ધીસ ઇઝ અસ)

(3) **9 જાન્યુઆરી –16 મો પ્રવાસી ભારતીય દિવસ.** પ્રથમ પ્રારંભ- 2003. આ વર્ષે 6 થી 8 જાન્યુઆરી

- યજમાન- સિંગાપોર
- 9 Jan. 18 ના રોજ નવી દિલ્હી ખાતે પ્રથમવાર 124 ભારતીય મૂળના સાંસદોનું પ્રથમ સંમેલન યોજાયું.
- 23 દેશના 124 સાંસદ અને17 મેયરની ઉપસ્થિતિ
- મિની વર્લ્ડ પાર્લામેન્ટ – PM દ્વારા સંબોધન
- સાંસદોને ભારતના સ્થાયી એમ્બેસેડર ગણાવ્યા.
- **ગુયાનાથી 20 સાંસદ આવ્યા**
- 141 સભ્યોમાં સૌથી વધુ 20 સાંસદ અને ત્રણ મેયર ગુયાનાના હતા. આ સિવાય અમેરિકા, બ્રિટન, દક્ષિણ આફ્રિકા, કેનેડા વગેરે દેશોના સાંસદો જોડાયા. US ના બે મેયર હતા, જે સેનેટ સભ્ય છે.
- **3 દેશોના પીએમ ભારતીય છે.**
- દુનિયાના ત્રણ દેશોમાં ભારતીય મૂળના વડાપ્રધાન છે. આયર્લેન્ડમાં ભારતીય મૂળના લિયો વરદાકર, પોર્ટુગલમાં એન્ટોનિયો લુઇસ દ કોસ્ટા અને મોરેશિયસમાં પ્રવિન્દ જગન્નાથ વડાપ્રધાન છે. આ સિવાય અમેરિકા, ગુયાના, પોર્ટુગલમાં ભારતીય મૂળના લોકો કેબિનેટ મંત્રી પણ છે. કેનેડામાં 4 મંત્રી ભારતીય મૂળના છે.
- **દુનિયામાં 3.8કરોડ લોકો ભારતીય મૂળના છે.**
  દુનિયામાં 3 કરોડ 80 લાખ લોકો ભારતીય મૂળના રહે છે. 29 દેશોમાં ભારતીય મૂળના લોકોની વસતી એક લાખથી વધુ છે. તેમાં પર્સન ઓફ ઇન્ડિયનનો ઓરિજિન (પીઓઆઇ) અને નોનરેસિડેન્ટ ઇન્ડિયનનો સમાવેશ થાય છે. સૌથી વધુ અંદાજે 41 લાખ લોકો સાઉદી અરબમાં રહે છે. ત્યારબાદ નેપાળમાં 40 લાખ અને યુએઇમાં 35 લાખ ભારતીય મૂળના છે.
- **અહીં સૌથી વધુ ભારતીય**

| **દેશ** | **ભારતીય વસતી** |
|---|---|
| સાઉદી અરબ | 41 લાખ |
| નેપાળ | 40 લાખ |
| યુએઇ | 35 લાખ |
| અમેરિકા | 34.5 લાખ |
| મલેશિયા | 20 લાખ |

(આ આંકડા 2016 સુધીના છે. સ્રોત- વિદેશ મંત્રાલય)

- ભારતીય મૂળના લોકો દુનિયામાં સૌથી વધુ પૈસા વિદેશથી ભારત મોકલે છે. વર્લ્ડ બેન્ક મુજબ 2017 માં ભારતીય સમાજે 4.25 લાખ કરોડ રૂપિયા સ્વદેશ મોકલ્યા છે. બીજા નંબર પર ચીન છે.

(૪) **USA – H 1 - B વિઝા નીતિમાં ફેરફાર નહિં.**

- શું છે H1-B વિઝા ?
- H1-B વિઝા એ નોન ઇમિગ્રન્ટ વિઝા છે. જે હેઠળ અનેક અમેરિકન કંપનીઓ વિદેશી ટેકનિકલ નિષ્ણાંતોને ત્યાં નોકરી આપે છે. H1-B વિઝા હેઠળ અનેક ટેક્નિકલ કંપનીઓ દર વર્ષે હજારો કર્મચારીઓની ભરતી કરે છે.
- USCIS જનરલ કેટેગરીમાં દર વર્ષે 65,000 વિદેશી કર્મચારીઓને H1-B વિઝા પર નોકરી આપે છે જ્યારે 20,000 H1-B વિઝા માસ્ટર્સ ડિગ્રી કે તેથી ઉચ્ચ ડિગ્રી ધરાવનાર વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.
- એપ્રિલ 2017 માં H1-B વિઝા માટે 1,99,000 અરજીઓ મળી હતી.
- **નવા નિયમની શું અસર થઇ હોત ?**

VIVEKANAND ACADEMY GANDHINAGAR

- નવા નિયમ મુજબ જે H1-B વિઝા ધારકોની ગ્રીન કાર્ડ મેળવવાની અરજી પેન્ડિંગ હોય તેઓ નોકરીઓ મેળવી શક્યા ન હોત અને તેમને ભારતમાં પાછા આવવાની ફરજ પડી હોત.

(૫) **LGBTQ** :ગે (પ્રિન્સ) યુવરાજ માનવેન્દ્રસિંહનો હનુમંતેશ્વર 1927 નામનો મહેલ દેશનું પ્રથમ સમલૈંગિક સંશોધન કેન્દ્ર બનશે.

- સ્થળ –રાજપીપળાથી 15 કિ.મી.ના અંતરે –નર્મદા નદી કિનારે
- લેસ્બીયન ગે બાય સેક્સુઅલ ટ્રાન્સઝેન્ડર એન્ડ સમલૈંગિક

(૬) **સુપ્રીમ કોર્ટ –સિનેમાઘરોમાં રાષ્ટ્રગાન વગાડવું હવે ફરજિયાત નથી.**

- કેન્દ્રના એફિડેવિટ બાદ SC દ્વારા ફેરફાર
- **રાષ્ટ્ર ગાન વખતે ક્યારે ઊભા થવું ફરજિયાત ?**
- સિવિલ અને સૈનિક સન્માન સમારોહ વખતે
- રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ જ્યારે રાષ્ટ્રીય સલામી આપે ત્યારે
- પ્રજાસત્તાક દિનની સત્તાવાર પરેડ અને સ્વતંત્રતા દિવસે પીએમના ભાષણ વખતે
- સત્તાવાર સરકારી સમારંભમાં રાષ્ટ્રપતિ/ રાજ્યપાલ આવે ત્યારે અને જાય ત્યારે
- આકાશવાણી પર રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રજોગ વાયુ સંદેશ વખતે
- રાષ્ટ્રધ્વજને પરેડમાં લાવવામાં આવે કે કોઇ રેજિમેન્ટને જ્યારે તેનું પ્રતીક અપાય ત્યારે
- નોંધ- SC દ્વારા 30-11-2016 ના રોજ સિનેમાઘરોમાં ફિલ્મ પહેલા રાષ્ટ્રગાન વગાડવું ફરજિયાત બનાવ્યું હતું.

## 11 January

(૧) **ISRO** :રોકેટ વિશેષજ્ઞ કે. સિવન ISROના નવા ચેરમેન

- 1982 થી ISRO સાથે સંકળાયેલા સિવન PSLV પ્રોજેક્ટના તજજ્ઞ
- 104 ઉપગ્રહ એક સાથે મોકલવાની વિશેષ સિદ્ધિ
- વર્તમાન ચેરમેન એ. એસ. કિરણકુમાર 14 જાન્યુઆરીએ નિવૃત્ત થશે.
- શ્રી સિવન- IIT ચેન્નાઇમાંથી એરોનોટિકલ ઇજનેર

(૨) **આધારકાર્ડ** :પ્રાઇવસીને વધુ સુરક્ષિત કરવા 12 આંકડાના સ્થાને 16 ડિજિટનો વર્ચ્યુઅલ નંબર જનરેટ થશે. – UIDAI : 1-6-18 થી અમલી બનશે.

- નવી ટુ- લેયર સિક્યોરિટી સિસ્ટમ
- 1/07 થી ફિંગર – આંખની સાથે ચહેરાનું પણ વેરિફિકેશન માન્ય
- આધાર ડેટાબેઝમાં લીકના સમાચારોના વિવાદ વચ્ચે યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા (યુઆઇડીએઆઇ) એ બુધવારે નવી ટુ-લેયર સેફટી સિસ્ટમ વર્ચ્યુઅલ આઇડી બનાવવા અને લિમિટેડ કેવાયસી-ની જાહેરાત કરી છે. એક અહેવાલ મુજબ આ બંને ઉપાયોના યુઝર્સની પ્રાઇવસી પહેલા કરતાં વધુ મજબૂત થઇ જશે.

વર્ચ્યુઅલ આઇડીના કારણે કોઇ પણ આધાર નંબરના ઓથેન્ટિકેશન સમયે તમારે આધાર નંબર શેર કરવાની જરૂર ખતમ થઇ જશે આ રીતે આધાર ઓથેન્ટિકેશન પહેલા કરતા વધુ સલામત થઇ જશે. વર્ચ્યુઅલ આઇડી એક 16 અંકોની નંબર હશે. જે ઓથેન્ટિકેશન માટે આધાર નંબરની જગ્યાએ ઉપયોગમાં લેવાશે. આ જરૂરિયાત સમયે કમ્પ્યૂટર દ્વારા તત્કાલ જનરેટ થશે. બધી એજન્સીઓને 1 જૂન સુધીમાં આ નવી સિસ્ટમ અપનાવવાની રહેશે. લિમિટેડ કેવાયસી સુવિધા આધાર યુઝર્સ માટે નહીં, પરંતુ એજન્સીઓ માટે છે. એજન્સીઓ કેવાયસી માટે તમારા આધારની વિગતો લે છે અને તેનો સંગ્રહ કરે છે.

**આ સુવિધાથી આધાર ડેટા એક્સેસ થઇ શકશે નહીં.**

- આ કેવાયસીનો પ્રકાર મર્યાદિત રહેશે. આનાથી જે તે સંસ્થાઓ લોકોનો આધાર ડેટા એક્સેસ કરી શકશે નહીં. આ સંસ્થાઓ ફક્ત વર્ચ્યુઅલ આઇડીને આધારે તમામ પ્રકારનું કામ પેપરલેસ કરી શકશે. આ નવી સુવિધા અને સિસ્ટમમાં યૂઝર્સ જેટલી વખત ઇચ્છે તેટલી વખત વર્ચ્યુઅલ આઇડી જનરેટ કરી શકશે. કારણ કે અગાઉ જનરેટ કરેલા વર્ચ્યુઅલ આઇડીની વેલિડિટી થોડા સમય માટે જ રહેશે.
- વર્ચ્યુઅલ આઇડી જનરેટ કરવા ટોકન અપાશે.
- વર્ચ્યુઅલ આઇડી જનરેટ કરવા માટે UIDAI દ્વારા દરેક આધાર નંબર માટે એક ટોકન અપાશે. આ ટોકનને આધારે એજન્સીઓ આધારના ડેટાનું વેરિફિકેશન કરી

શકશે. દરેક આધાર નંબર માટે ટોકન નંબર અલગ અલગ રહેશે આ ટોકન સ્થાનિક એજન્સીઓને આપવામાં આવશે.

- જેઓ આધાર નંબર આપવા માગતા નથી તેઓ KYC માટે વર્ચ્યુઅલ ID આપી શકશે.

(3) **આંચલ ઠાકુર (21):** સ્કીઇંગમાં ભારતને મેડલ અપાવનાર પ્રથમ સ્કીયર બની.

- તુર્કીમાં આયોજિત આલ્પાઇન એજદર સ્કીઇંગ ચેમ્પિયનશિપમાં ઠાકુરએ બ્રોન્ઝ મેડલ જીતી ઇતિહાસ બનાવ્યો.
- વતન- હિમાચલપ્રદેશ

(૪) **વર્લ્ડ બેંક** :વર્ષ2018 માં ભારતનો ગ્રોથ રેટ 7.3 ટકા રહેવાનો અંદાજ

(૫) **કેન્દ્રીય કેબિનેટ** : સિંગલ બ્રાન્ડ રિટેલ, કન્સ્ટ્રકશનમાં 100 ટકા તેમજ એવિએશન સેકટરમાં એપ્રૂવલ રૂટ અને પાવર એક્સચેન્જમાં ઓટોમેટિક રૂટ દ્વારા 49 ટકા FDI ને મંજૂરી

- હેતુ- દેશમાં વિદેશી રોકાણને વેગ આપવા મહત્વના નિર્ણયો લેવાયા
- સિંગલ બ્રાન્ડ રિટેલ : અત્યાર સુધી શું હતું, હવે શું થશે ?
- સરકારે સિંગલ બ્રાન્ડ રિટેલમાં 100 ટકા એફડીઆઇને ઓટોમેટિક રૂટથી મંજૂરી આપી છે.
- સરકારે 2014 માં સિંગલ બ્રાન્ડ રિટેલમાં 100 ટકા એફડીઆઇને પરવાનગી આપી હતી. જોકે આ માટે સરકારની પરવાનગી લેવાનું ફરજિયાત બનાવ્યું હતું.
- હવે સરકારે સિંગલ બ્રાન્ડ રિટેલમાં ઓટોમેટિક રૂટથી 100 ટકા એફડીઆઇને મંજૂર કરતાં વિદેશી કંપનીઓએ ક્લિયરન્સની પ્રોસેસમાંથી પસાર થવું પડશે નહીં.
- **ઓટોમેટિક રૂટથી રોકાણ એટલે શું ?**
- ભારતમાં સીધું વિદેશી રોકાણ બે પદ્ધતિથી આવે છે. તેમાંનો એક માર્ગ છે રિઝર્વ બેન્ક કે પછી ભારત સરકારની આગોતરી મંજૂરી લીધા વિના જ સીધું વિદેશી રોકાણ (FDI) લાવવું. આ પદ્ધતિએ એટલે કે સરકાર અથવા રિઝર્વ બેન્કની આગોતર પરવાનગી વિના લાવવામાં આવતા સીધા વિદેશી રોકાણને ઓટોમેટિક રૂટથી મેળવેલા રોકાણ તરીકે ગણતરીમાં લેવામાં આવે છે. માત્ર RBI ને જાણ કરવાની રહેશે. બીજો માર્ગ છે સરકારની આગોતરી મંજૂરી મેળવીને સીધું વિદેશી રોકાણ લાવવાનો. આ પદ્ધતિથી લાવેલા રોકાણને ગવર્નમેન્ટ રૂટથી લાવેલા FDI તરીકે ઓળખવામાં આવે છે.
- **સિંગલ બ્રાન્ડ રિટેલ એટલે શું ?**
- દુકાનમાં એક જ બ્રાન્ડની વસ્તુઓ વેચાશે. અત્યાર સુધી તેમાં ઓટોમેટિક રૂટથી 49 ટકા અને મંજૂરી રૂટથી 100 ટકા FDI ની મંજૂરી હતી.

## 12 January

(૧) **રાષ્ટ્રીય યુવા દિવસ**

- સ્વામી વિવેકાનંદનો (155 મો) જન્મ દિવસ
- જીવનકાળ – 1863 – 1902
- 22 મો રાષ્ટ્રીય યુવા મહોત્સવ-18 તા. 12 થી 16 જાન્યુઆરી, 18
- ગૌતમબુદ્ધ વિશ્વ વિદ્યાલય-ગ્રેટર નોઇડા (U.P.)

(૨) **શીખ રમખાણો : 1984 નવી દિલ્હી**

- 3300 થી વધુ શીખોનો ભોગ લેનારા રમખાણોના 186 કેસ પુનઃ ખુલશે.
- જસ્ટિસ ઢિંગરાની આગેવાનીમાં S. C. દ્વારા SIT તપાસ અપાઇ
- બે માસમાં અહેવાલ રજૂ કરાશે.
- કુલ- 241 કેસો જેમાંથી 186 તપાસ વિના બંધ કરાયા હતા. (કુલ 10 કમિશન)

(3) **ઉત્તરાખંડ** – મદરેસાઓમાં હવે વૈકલ્પિક વિષય રૂપે સંસ્કૃત ભણાવાશે.

(૪) **દેશના 1125 કેન્દ્રીય વિદ્યાલયમાં સવારે ગવાતી હિન્દીમાં પ્રાર્થના અને સંસ્કૃતની ઋચાઓ બંધકરવા માંગ**

- **શું પ્રાર્થના, ઋચા ધર્મનો પ્રચાર છે ? : સુપ્રીમ કોર્ટ**
- સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવીને પૂછ્યું કે શું કેન્દ્રીય વિદ્યાલયોની મોર્નિંગ એસેમ્બલીમાં સંસ્કૃત વેદની ઋચાઓ અને હિન્દીમાં પ્રાર્થના બોલાવવી ગેરબંધારણીય છે ? શું આ કોઇ ધર્મ વિશેષનો પ્રચાર છે ? કેન્દ્ર સરકાર અને કેન્દ્રીય વિદ્યાલય સંગઠનને ચાર સપ્તાહમાં જવાબ આપવાનો રહેશે. સુપ્રીમકોર્ટમાં દાખલ એક અરજીમાં કહેવાયું છે કે કેન્દ્રીય વિદ્યાલયોમાં બધા ધર્મોના બાળકોને ફરજિયાતપણે પ્રાર્થના બોલવાની હોય છે. મધ્યપ્રદેશ હાઇકોર્ટના વકીલ વિનાયકશાહે તેને

બંધારણનો ભંગ અને એક ધર્મની માન્યતાઓને પ્રોત્સાહન આપનાર ગણાવતા તેના પર પ્રતિબંધ મૂકવાની માગણી કરી છે.

- મોર્નિંગ એસમ્બલીમાં પહેલા ઋચા અને પછી પ્રાર્થના બોલાય છે.

  **ઋચા-** અસતો મા સદગમય, તમસો મા જ્યોતિર્ગમય, મૃત્યોર્મામૃતં ગમય ..... શાંતિઃ શાંતિઃ શાંતિઃ

  **પ્રાર્થના** – દયા કર દાન વિદ્યા કા, હમે પરમાત્મા દેના, દયા કરના હમારી આત્મા મેં શુદ્ધતા દેના

- હમારે ધ્યાન મેં આઓ, પ્રભુ આંખો મેં બસ જાઓ અંધેરે દિલ મેં આકર કે પરમ જ્યોતિ જલા દેના
- **પડકારના મુદ્દા** :પ્રાર્થના ફરજિયાત કરવી ધાર્મિક નિર્દેશ, તે બંધારણનું ઉલ્લંઘન
- **બંધારણનો ભંગ કેવી રીતે**
- બંધારણની કલમ 28 (1) હેઠળ કોઇ પણ સ્કૂલમાં ધાર્મિક નિર્દેશ આપી શકાય નહીં. કેન્દ્રીય વિદ્યાલયોમાં સંસ્કૃત અને હિંદીમાં પ્રાર્થના માટે બાળકોને મજબૂર કરવા ધાર્મિક નિર્દેશ જ છે, જે બંધારણનો ભંગ છે. કેન્દ્રીય વિદ્યાલયોમાં બધા ધર્મોના બાળકો અભ્યાસ કરે છે.
- કલમ-19માં મળેલી અભિવ્યક્તિના અધિકારનો પણ ભંગ છે. તે બાળકોની અભિવ્યક્તિના અધિકારની સ્વતંત્રતા પર પ્રહાર છે.
- **માગ-** સ્કૂલોમાં ધાર્મિક પ્રાર્થના એક ધર્મને પ્રોત્સાહન આપે છે. તેને બંધ કરાવીને બાળકોને વિજ્ઞાનનું જ્ઞાન આપો.
- **નિયમ-** બધા માટે પ્રાર્થના જરૂરી
- શાહના જણાવ્યા મુજબ સમગ્ર દેશમાં 1125 કેન્દ્રીય વિદ્યાલય છે. તેમાં સમાન વૈદિક ઋચાઓ, પ્રાર્થના બોલવાનો નિયમ છે. બધા વિદ્યાર્થીઓ માટે તે ગાવી ફરજિયાત છે. એવું નહીં કરનારાને બધા સામે સજા કરીને અપમાનિત કરવામાંઆવે છે.

## 13 January

(૧) **સુપ્રીમ કોર્ટના 4 જજોએ ચીફ જસ્ટિસ પર મીડિયા સમક્ષ પ્રેસ કોન્ફરન્સમાં ત્રણ આરોપો લગાવ્યા.** નવી દિલ્હી નામ- (૧) જસ્ટિસ કુરિયન જોસેફ(૨) જસ્ટિસ જે. ચેલમેશ્વર (૩) જસ્ટિસ રંજન ગોગાઇ (૪) જસ્ટિસ મદન લોકુર

- **વિવિધ બેન્ચોને કેસની ફાળવણી મનસ્વીપણે**
- રાષ્ટ્ર અને સુપ્રીમકોર્ટ માટે દૂરગામી મહત્વ રાખતાકેસ ચીફ જસ્ટિસે મનસ્વીપણે પસંદગીની પીઠોને સોંપ્યા તેનો કોઇ તર્ક નહોતો. આ બધું ખતમથવું જોઇએ. કેસ ફાળવણીની પ્રક્રિયા મનસ્વી છે.
- **તપાસઃ** ચીફ જસ્ટિસ માસ્ટર ઓફ રોસ્ટર છે. તેમને અધિકાર છે કે કોર્ટમાં આવેલો કયો કેસ કઇ બેન્ચ અથવા જજને સોંપવામાં આવે. બંધારણીય પીઠમાં કયા જજનો સમાવેશ કરવો તેની પસંદગીનો અધિકાર પણ તેમની પાસે જ છે. જે કે, બંધારણ નિષ્ણાંત ડો. આદિશ સી. અગ્રવાલ કહે છે કે તેનોઅર્થ એ નથી કે ચીફ જસ્ટિસ અન્ય સાથીઓ સાથે કાયદા અથવા તથ્યાત્મકરૂપે ઉપર છે. ચીફ જસ્ટિસ સમાન લોકોમાં પ્રથમ (ફર્સ્ટ અમોંગ ઇક્વલ) છે. તે ન તો વધુ છે અને તેમનાથી ઉતરતા પણ નથી.
- એમઓપી ફાઇનલ થવામાં વિલંબ, સરકારની ચૂપકીદી
- લુથરા વિ. સરકાર કેસમાં સુપ્રીમકોર્ટે કહ્યુ હતું કે જજોની નિયુક્તિ સાથે સંકળાયેલ એમઓપી ફાઇનલ કરવામાં વિલંબ કરવામાં ન આવે. કેસ બંધારણીય પીઠમાં હોય તો બીજી બેન્ચ સુનાવણી કેવી રીતે કરી શકે છે. કોલેજિયમે એમઓપી ફાઇનલ કરીનેમાર્ચ 2017માં સરકારને મોકલી હતી. કોઇ જવાબ આપ્યો નહીં. ચૂપકીદીથી માની લેવાય કે કોલેજિયમ દ્વારા નિશ્ચિત એમઓપી સરકારે માની લીધી છે.
- **તપાસઃ** બંધારણ નિષ્ણાંત પીડીટી આચારી કહે છે કે સરકારની ચૂપકીદી યોગ્ય નથી. સંમતિ અથવા અસંમતિ આપવી જોઇએ. કોઇ બાબત પર ચૂપકીદીને કાયદાકીય મૌન સંમતિ માની શકાય નહીં. સરકારની મંજૂરી વિના એમઓપી પર મહોર મારવાનો અધિકાર સુપ્રીમ કોર્ટ કોલેજિયમ પાસે પણ નથી.
- જજોને કાઢવા માટે મહાભિયોગ સિવાય પણ રસ્તા હોવા જોઇએ.
- 4 જુલાઇ, 2017 નારોજ સુપ્રીમ કોર્ટના 7 જજોની બંધારણીય પીઠે જસ્ટીસ સી. એચ. કર્નન પર ચુકાદો આપ્યો. અમારામાંથી બે જજોએ જજોની નિમણૂંક પ્રક્રિયા ફરીથી જોવાની જરૂરિયાત વ્યક્ત કરી. એવી વ્યવસ્થા બનાવવા જણાવ્યું, જેમાં મહાભિયોગ સિવાય અન્ય રસ્તા પણ હોય.

- **તપાસઃ** મહાભિયોગ સિવાય જજો પર અન્ય કાર્યવાહી નિશ્ચિત કરવાની પ્રક્રિયા બનાવવા અંગે સરકારે દરખાસ્ત તૈયાર કરી હતી પરંતુ પસાર ન થઇ. જજોની નિમણૂંક માટે સરકારે રાષ્ટ્રીય ન્યાયિક પંચ બનાવ્યું. જેને સુપ્રીમ કોર્ટે રદ કરી દીધું.
- વર્તમાન CJI – શ્રી દિપક મિશ્રા

(૨) **ISRO** : વર્ષ 2018નો પ્રથમ અને ISRO નો સ્વદેશી 100 મો ઉપગ્રહ – કાર્ટોસેટ- 2 સફળતાપૂર્વક તરતો મૂકાયો

- સ્થળ- SDSC – શ્રી હરિકોટા
- PSLV-C 40 નું 42 મું ઉડ્ડયન
- ISRO :5 વર્ષમાં વિદેશી ઉપગ્રહો લોન્ચ કરીને ISROએ 963 કરોડની કમાણી કરી (ટર્ન ઓવર રૂા.1924 કરોડ)(નફો- રૂા.209 કરોડ)
- વેપારનું કામ ISRO ની બ્રાન્ચ અંતરિક્ષ કોર્પોરેશન કરે છે.

**મિશનની ખાસ વાતો** :

- કુલ ઉપગ્રહ – 31 દેશ- 7
- દેશઃ USA – 19, દક્ષિણ કોરિયા- 05, ફ્રાન્સ, બ્રિટન, કેનેડા અને ફિનલેન્ડનો 1 – 1 ઉપગ્રહ
- ભારતીય ઉપગ્રહો -3, વિદેશી ઉપગ્રહો- 28
- કાર્ટોસેટ- 2 ઉપગ્રહનું વજન 710 કિલોગ્રામ
- વિદશી ઉપગ્રહોનું વજન- 508 કિલોગ્રામ
- ભારતીય ઉપગ્રહોનું વજન- 815 કિલોગ્રામ
- હેતુ- માર્ગ પરિવહન અને ગ્રામીણ સુવિધા માટે
- કુલ વજન- 1323 કિલોગ્રામ
- પીએસએલવીનું ઉડ્ડયન 42 મું
- ઇસરોનું અંતરિક્ષ મિશન 90 મું
- ઇસરોના સેટેલાઇટ લોન્ચ 100 મો

ઇસરોની ફેક્ટ ફાઇલ

| | |
|---|---|
| સ્પેસ ક્રાફટ મિશન- | 95 |
| લોન્ચ મિશન- | 65 |
| સ્ટુડન્ટ મિશન- | 09 |
| રિએન્ટ્રી મિશન- | 02 |
| વિદેશી સેટેલાઇટ લોન્ચ- | 237 |
| ભારતીય સેટેલાઇટ - | 100 |
| કુલ સેટેલાઇટ લોન્ચ- | 337 |

- કાર્ટોસેટ શું કરશે ?
- પેક્રોમેટિક અને મલ્ટિસ્પેક્ટ્રલ કેમેરાજે ઉચ્ચ ક્ષમતાની તસવીર લેવામાં સક્ષમ
- તેનો ઉપયોગ નાગરિક અને સૈન્યની જરૂરિયાત માટે કરી શકાશે.
- મોસમ ઉપર નજર રાખવા માટે
- તસવીરોનો ઉપયોગ ભૂમિનકશા બનાવવા, રસ્તા નેટવર્ક ઉપર નજર રાખવા, પાણી વિતરણમાં કરી શકાશે.

(3) **રાયસિંગપુરા રોડા**- ભારતનું એકમાત્ર પ્રાચીન પક્ષી મંદિર

- આ મંદિરમાં ગરૂડ, હંસ અને મોરની મૂર્તિઓ જોવા મળે છે.
- અંદાજે- 1500 વર્ષ જૂનું
- ચૌલુક્ય શૈલીનું બાંધકામ –કોતરણી
- સ્થળ- હિંમતનગર- સાબરકાંઠા

(૪) **NEETI** :ડિગ્રી ઇજનેરીમાં પ્રવેશ માટે 2019 થી દેશભરમાં કોમન ટેસ્ટ NEETI લાગુ કરાશે.

- નેશનલ એન્જિનિયરિંગ એન્ટ્રન્સ ટેસ્ટ ફોર ટેકનિકલ ઇન્સ્ટિટયૂટ – NEETI

(૫) **NDVI સિસ્ટમથી રાજ્યના ખેતરમાં લીલોતરીનું માપ- અંદાજ લેવાશે.**

- ઇસરોના અમદાવાદ સ્થિત સ્પેસ એપ્લિકેશન સેન્ટર (સેક) દ્વારા ખેડૂત ઉપયોગી સિસ્ટમ વિકસાવાઇ છે. આ સિસ્ટમનું નામ 'નોર્મલાઇઝ ડિફરન્સ વેજિટેશન ઇન્ડેક્સ (એનડીવીઆઇ)' છે. સિસ્ટમનું કામ નામ પ્રમાણે વેજિટેશનએટલે કે વનસ્પતિ ઉગેલો હરિયાળો વિસ્તાર કેટલો છે. તેનું માપ કાઢવાનું છે. આ સિસ્ટમ ઇસરોના અર્થ ઓબ્ઝર્વેશન સેન્ટર અને અગાઉના ઉપગ્રહો દ્વારા મળેલા ડેટાનો ઉપયોગ કરી લીલોતરીમાં શું વધારો કે ઘટાડો થયો તેની નોંધ રાખશે.
- કોઇ એક વિસ્તારમાં આજે મેદાન હોય અને આવતી કાલે ઘાસ કે વનસ્પતિ ઉગી જાય તો આસપાસના લોકોને ખબર પડે. પરંતુ સમગ્ર વિસ્તારમાં, જિલ્લામાં, રાજ્યમાં કે દેશમાં લીલોતરીની શું સ્થિતિ છે, એ જાણવું હોયતો ઉપગ્રહની મદદ લેવી પડે. એટલે જ સેક દ્વારા આ સિસ્ટમ વિકસાવાઇ છે. તેની વેબસાઇટ પર જે તે વિસ્તારમાં વનસ્પતિ વિસ્તાર અમુક સમયગાળા દરમિયાન કેટલો વધ્યો કે ઘટ્યો એ જાણી શકાય છે.

VIVEKANAND ACADEMY GANDHINAGAR

- 2016 થી હરિયાણામાં પ્રાથમિક તબક્કે NDVI ઉપયોગ શરૂ કરી દેવાયો છે : પાક વીમો, જંગલની માપણી વગેરેમાં મદદરૂપ થશે.

## 14 January

**(૧) મકર સંક્રાંતિ – ઉત્તરાયણ**

- ચોક્કસ તારીખે ઉજવાતો એકમાત્ર ભારતીય તહેવાર
- અંગ્રેજી કેલેન્ડર- ગ્રેગોરીયન મુજબ

**(૨) કેસરની ખેતી** :બનાસકાંઠા બાદહવે કચ્છના માંડવી તાલુકાના રામપરા ગામમાં અમેરિકન કેસરની ખેતીનો એક એકરમાં સફળ પ્રયોગ

- અમેરિકન કેસર પાકની અંદર મોટે ભાગે કોઇપણ જાતનું ફર્ટિલાઇઝર ખાતર કે રાસાયણિક ખાતરનો છંટકાવ કરવામાં આવતો નથી માત્ર ઓર્ગેનિક પદ્ધતિથી જ તેનું ઉત્પાદન લેવામાં આવતું હોય છે. જો કે ઘણા ખેડૂતો આ વસ્તુનો ઉપયોગ કરે છે. પરંતુતેની ગુણવત્તા નબળી બને છે. જ્યારે ઓર્ગેનિક ખેતીથી ઉત્પાદન થયેલા કેસરનો બજાર ભાવ વધુ મળે છે.
- **વાવેતરનો શ્રેષ્ઠ સમય**
  અમેરિકન કેસરને વધુ પડતી ઠંડીનું વાતાવરણ માફક આવે છે. જેને ધ્યાનમાં રાખીને બંને મિત્રોએ ઓક્ટોબરમાં વાવેતર કર્યું હતું. કેસરનો પાક પાંચ મહિનાનો છે જેથી ફેબ્રુઆરી મહિનામાં તેનું ઉત્પાદન આવશે.
- **શું છે કેસરની કિંમત ?**
  અમેરિકન કેસર કાશ્મીરી કેસર કરતાં અલગ છે. જીણા પાન, સ્વાદ-કલર સરખા જ હોય છે. જથ્થાબંધ બજારમાં અમેરિકન કેસરનો ભાવ કિલોના રૂા. 65 થી 75 હજાર અને બિયારણની કિંમત પ્રતિકિલો એક લાખ હોય છે.

**(3) 15 કલાકારોને રાષ્ટ્રીય અકાદમી એવોર્ડ**

- લલિત કલા અકાદમી 15 કલાકારોને ઉત્કૃષ્ટ કલાકૃતિઓ માટે રાષ્ટ્રીય અકાદમી પારિતોષિક 2017-18 આપશે. તેમાં ગુજરાતના દેવાશીષ, છત્તીસગઢના રબી નારાયણ ગુપ્તા, ઇન્દિરા પી ઘોષ અને રાજસ્થાનના પંકજ ગેહલોતને સામેલ કરાયા.

**(૪) જેફ બેજોસ એમેઝોનના CEO** - 1 હજાર પ્રવાસી વિદ્યાર્થીઓને 210 કરોડ રૂપિયાની સ્કોલરશીપ આપશે.

- જરૂરિયાતમંદને મદદ કરાશે. USA

**(૫) 15 જાન્યુઆરી- ભારતીય સેના દિવસ**

**(૬) આંતરરાષ્ટ્રીય ઊંટ મહોત્સવ : 2018**

- બિકાનેર – રાજસ્થાન
- તા. 13 અને 14 જાન્યુઆરી

**(૭) માઉન્ટ થેડોર હર્જલ સ્મારક** :જેરૂ સલેમ – ઈઝરાયલ

- થેડોર હર્જલ – ઇઝરાયલની આઝાદીનું આંદોલન ચલાવનાર
- જેરૂસલેમ : જેરૂસલેમનું માઉન્ટ હર્જલ મેમોરિયલ સામાન્ય લોકો માટે ખૂલ્લું મુકાયું છે. તે ગુંબજ આકારની દિવાલ જેવું છે. તેમાં 23 હજાર ઇંટો લગાવાઇ છે. દરેક ઇંટ પર એક શહીદનું નામ છે. આ ઇંટો પર સેના-પોલીસ ઉપરાંત સામાન્ય લોકોના પણ નામ છે. જેમણે દેશ માટે પોતાના પ્રાણ આપ્યા છે. તેની ડિઝાઇનને રોયલ ઇન્સ્ટિટયૂટ ઓફ બ્રિટિશ આર્કિટેક્ટે ઇન્ટરનેશનલ આર્કિટેક્ટ પ્રાઇઝ – 2018 ના 62 દાવેદારોમાં પસંદ કરાઇ છે.

**(૮) ભારત- ઇઝરાયલ સંબંધો :**

- 15 વર્ષ બાદ ઇજરાયલના P.M. બેન્જામિન નેતન્યાહૂ આજથી 6 દિવસના ભારત પ્રવાસે –દિલ્હીમાં આગમન ( 14 – 1 થી)
- અગાઉ 2003 માં PM એરિયલ શેરોન ભારતની યાત્રાએ આવ્યા હતા.
- મિત્રતા : ભારત-ઇઝરાયલના સંબંધના 25વર્ષ
- 2017 માં ભારત-ઇઝરાયલની મિત્રતાને 25 વર્ષ પૂરા થયા છે. બંને દેશોએ ઉજવણી કરી. પીએમ મોદી ઇઝરાયલ ગયા હતા. શ્રી મોદી ઇઝરાયલ જનારા પ્રથમ વડાપ્રધાન હતા. નેતન્યાહૂની આ યાત્રા આ મિત્રતાને કેન્દ્રમાં રાખીને જ યોજાઇ રહી છે. આ મિત્રતા 1999 માં ગાઢ બની જ્યારે કારગિલના યુદ્ધ દરમિયાન ઇઝરાયલે ભારતને ફક્ત એકવાર કહેવા પર લેઝર ગાઇડ બોમ્બ અને માનવરહિત વિમાન આપ્યા હતા. ભારે માત્રામાં વિસ્ફોટક પણ આપ્યા હતા.
- 1950માં ભારતે ઈઝરાયલને રાષ્ટ્ર તરીકે માન્યતા આપી.
- 1992 માં વડાપ્રધાન નરસિંહરાવે ઈઝરાયલ સાથે કૂટનીતિક સંબંધોને માન્યતા આપી.
- 2003 માં વડાપ્રધાન અટલબિહારી વાજપેયીએ ઈઝરાયલ સાથે સંબંધોને નવા શિખરો સુધી

VIVEKANAND ACADEMY GANDHINAGAR

પહોંચાડવાનો પ્રયાસ કર્યો. તેના બાદ ઈઝરાયલના રાષ્ટ્રપતિ એરિયલ શેરોન ભારત આવ્યા હતા.

- 2015 માં પ્રથમ વખત રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ઈઝરાયલ ગયા.
- સંયુક્ત કામગીરી માટે ૭ ક્ષેત્રમાં સહકાર સાધવા કરાર થયા.

  ૧. સાયબર સિક્યોરિટી
  ૨. પેટ્રોલિયમ અને ગેસ
  ૩. એર ટ્રાન્સપોર્ટ
  ૪. હોમિયોપેથીમાં સંશોધન
  ૫. ફિલ્મ નિર્માણમાં સહકાર
  ૬. સ્પેસ સાયન્સ
  ૭. બિઝનેસમાં મૂડી રોકાણ
  ૮. મેટલ-એરબેટરીઝ
  ૯. સોલર થર્મલ ટેક્નોલોજી
- **દિલ્હીના તીનમૂર્તિ ચોકનું હૈફા નામકરણ :**
  દિલ્હીમાં આવેલા તીનમૂર્તિ ચોકને તીનમૂર્તિ હૈફા ચોકનું નામ આપી ભારત અને ઈઝરાયલ વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરાયો છે. હૈફા ઇઝરાયલી શહેર છે. એક સમારંભમાં પીએમ મોદી એનપીએમ નેતાન્યાહૂએ આ ચોકનું નામકરણ કર્યું હતું.
- ઇઝરાયલની જાસૂસી સંસ્થા મોસાદ અને ભારતની RAW વચ્ચે સંબંધો વધુ મજબૂત બનશે.
- રાષ્ટ્રભાષા- હિબ્રુ

**25 વર્ષમાં અસૈનિક કારોબાર 20 ગણો વધ્યો**

- ઈઝરાયલ સાથેના દ્વિપક્ષીય સંબંધ 1992માં શરૂ થયા હતા. ત્યારે સંરક્ષણ ક્ષેત્રને છોડીને બિઝનેસ 1300 કરોડ રૂ. હતો. આ અસૈન્ય કારોબાર 2017 સુધી 20 ગણો વધીને 25 હજાર કરોડ રૂ. વાર્ષિક સુધી પહોંચી ગયો. 2014 માં ઈઝરાયલથી 30 હજાર કરોડ રૂ. ના હથિયાર ખરીદ્યા હતા.
- પોરબંદરના સોથી વધુ 1000 જેટલા યુવાનો ઈઝરાયલમાં સ્થાયી થયા છે.
- પોરબંદરમાં હિબ્રૂ ભાષાના કલાસ ચાલે છે.
- HOOPOE – ISRAEL નું રાષ્ટ્રીય પક્ષી
- ગુજરાત પ્રવાસે : PM બેન્જામીન નેતન્યાહૂ અને PM શ્રી નરેન્દ્ર મોદી
- (૧) ગાંધી આશ્રમની મુલાકાતે
- (૨) આઇ ક્રિએટ સેન્ટર (દેવ ધોલેરા) નું ઉદ્દઘાટન
- (૩) શાકભાજીના ઉછેર માટે ઇન્ડો-ઈઝરાયલ સેન્ટર ઓફ એક્સલેન્સ – વદરાડ, પ્રાંતિજની મુલાકાત (કુલ-28 સેન્ટર જેમાંથી ત્રણ ગુજરાતમાં)
- (૪) ખજૂર સંશોધન કેન્દ્ર- કૂકમા- ભૂજનું રિમોટ દ્વારા વદરાડથી ઉદ્દઘાટન
- ગેલ મોબાઇલ જીપ સૂઇગામ ખાતે બોર્ડર પર BSF ના જવાનોને ભેટ અપાઇ
- ઇન્ટરનેશનલ સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશિપ એન્ડ ટેક્નોલોજી – I Create

(૯) **ભોગલી બિહુ** – ગુવાહાટીથી 50 કિ.મી. દૂર આવેલા પનબારીમાં ગોરાઇમારીલેક ખાતે ઉજવાતો સામૂહિક માછીમારીનો ઉત્સવ

(૧૦) **CBRN : શસ્ત્રો**

- કેમિકલ, બાયોલોજિકલ, રેડિયોલોજિક અને ન્યુક્લિયર- CBRN
- આગામી સમયમાં યુદ્ધના સમયે સૌથી વધુ ખતરો CBRN હથિયારો સામે – જનરલ બિપિન રાવતે
- સદ્દભાગ્યે ભારતે સીબીઆરએન પ્રોટેકશન વ્યવસ્થા છે. અલબત્ત, એ વ્યવસ્થા પૂરતી નથી. ડિફેન્સરિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ) એ સીબીઆરએનસામે લડત આપી શકે એવા 8 વાહન તૈયાર કરી દીધા છે અને બીજા આઠ બને છે. પરંતુ ભારત જેવા વિશાળ દેશ માટે માત્ર આઠ વાહન પુરતા નથી. એટલે જ જનરલ રાવતે એ અંગે ચિંતા વ્યક્ત કરી છે અને સરકાર માટે પણ એ વિષય ચિંતાનું કારણ હોવો જોઇએ.

(૧૧) **જૂનાગઢ અને સિદ્ધપુરમાં ઉત્તરાયણે પતંગ નથી ઉડતા**

- ગુજરાતની નવરાત્રીની જેમ ગુજરાતની ઉત્તરાયણની ચર્ચા ભલે વિશ્વભરમાં થતી હોય પરંતુ ગુજરાતમાં એવા કેટલાંક મહત્વપૂર્ણશહેરો પણ છે જ્યાં ઉત્તરાયણનું આકાશ સૂનું હોય છે. ઐતિહાસિક શહેર જૂનાગઢમાં ઉત્તરાયણના દિવસોમાં પતંગ નથી ઉડાડવામાં આવતા. નવાબીકાળથી અહીં નવરાત્રિ અને દિવાળી દરમિયાન પતંગો ઉડે છે. ભાદરવા અને આસો મહિના દરમિયાન અહીં પતંગ-દોરાનું બજાર તેજીમાં હોય છે. ઉત્તરાયણના દિવસોમાં અહીં નહીવત પતંગ ઉડે છે ઉપરાંત આ સમયે પતંગ ઉડાડવા માટે જરૂરી પવન પણ નથી

VIVEKANAND ACADEMY GANDHINAGAR

હોતો. તીર્થક્ષેત્ર સિદ્ધપુરમાં પણ આવી જ પરિસ્થિતિ છે. પાટણ જિલ્લાના આ શહેરમાં ઉત્તરાયણના દિવસે પતંગ ન ઉડવા પાછળ ઐતિહાસિક કારણ રહેલું છે. દંતકથાઓ પ્રમાણે ગુજરાતના પ્રસિદ્ધ રાજવી સિદ્ધરાજ જયસિંહનું અવસાન ઉત્તરાયણના દિવસે થયું હોવાથી અહીં ઉત્તરાયણના દિવસે પતંગ નથી ઉડાડવામાં આવતી. આવીજરીતે ગુજરાતના ઘણા નાના શહેરો અને તાલુકા સ્થળોમાં ઉત્તરાયણની ઉજવણીમાં પતંગને નહીવત્ત સ્થાન મળે છે.

- 1914માં ઉત્તરપ્રદેશથી સનાઉલ્લાખાને અમદાવાદ આવીને પતંગ બનાવવાની શરૂઆત કરી હતી. એ વખતે પતંગ બનાવનાર તેઓ સંભવતઃ પ્રથમ કારીગર હતા.
- પતંગ ઉદ્યોગ- અમદાવાદ, ખંભાત અને નડિયાદ

## 16 January

(૧) **પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય** : ભારતના 300 જિલ્લા, 3 લાખ ગામ અને 10 રાજ્ય તેમજ UT ને ખુલ્લામાં શૌચથી મુક્ત બનાવાયા

- 20 Oct. 14 થી અત્યાર સુધીમાં 5.94 કરોડ શૌચાલય બનાવાયા
- 2 Oct. – 2017 38.70 %
- 15 Jan. 18 76.26 %
- સ્વચ્છ ભારત મિશન હેઠળ

## 17 January

(૧) **હજ સબસિડી** : ચાલુ વર્ષથી હજ માટે સરકારી મદદ બંધ

- સબસિડી પાછળ અપાતું ભંડોળ હવે મુસ્લિમ યુવતીઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે ઉપયોગ કરાશે. (વર્ષે અંદાજે 700 કરોડ)
- સુપ્રીમ કોર્ટ 2012માં સબસિડી બંધ કરવા આદેશ કર્યો હતો.
- 1932માં બ્રિટિશ સરકારે ભારતમાં હજ સબસિડી શરૂ કરી હતી.
- 52 મુસ્લિમ દેશોમાંથી એક પણ દેશ સબસિડી આપતો નથી.

(૨) **ભારતની પ્રથમ સ્પોર્ટ્સ રેડિયો ચેનલ લોન્ચ** :

- કુલ 34 વૈશ્વિક રમતોની લાઇવ કોમેન્ટ્રી આપશે.
- જ્યારે 400 થી વધુ રમતોના લાઇવ અપડેટ્સ અને કોમેન્ટ્રી પણ મળશે.

(3) **ડો. નીમા બહેન આચાર્ય (MLA-ભૂજ )**

- 14 મી ગુજરાત વિધાનસભાના પ્રોટેમ સ્પીકર તરીકે વરણી

(૪) **HPCL રાજસ્થાન રિફાઇનરી લિમિ.**

- દેશની પ્રથમ ઇકો- ફ્રેન્ડલી રિફાઇનરી
- સ્થળ- બાડમેર
- કુલ- 43000 કરોડનો પ્રોજેક્ટ 4 વર્ષે પૂર્ણ થશે : રાજસ્થાન સરકારને તેનાથી દર વર્ષે રૂ. 34 હજાર કરોડ મળશે.
- **HPCL ની 74 ટકા અને રાજસ્થાન સરકારની 26 ટકા ભાગીદારી**
- આ રિફાઇનરી હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને રાજસ્થાન સરકાર સાથે મળીને બનાવી રહ્યા છે. તેનું નામ એચપીસીએલ રાજસ્થાનરિફાઇનરી લિમિટેડ છે. તેમાં એચપીસીએલની 74 ટકા અને રાજસ્થાન સરકારની 26 ટકા ભાગીદારી છે. ઈકો-ફ્રેન્ડલી ટેકનિકવાળી આ રિફાઇનરી સ્ટાન્ડર્ડ પેટ્રોલિયમ ઉત્પાદનો તૈયાર કરનારી દેશની પહેલી રિફાઇનરી હશે. આ રિફાઇનરીની વાર્ષિક પેટ્રોકેમિકલ ઉત્પાદન ક્ષમતા અંદાજે 90 લાખ મેટ્રિક ટન હશે.

**40 હજાર લોકોને પરોક્ષ અને એક હજારને સીધી રોજગારી મળશે.**

- રિફાઇનરી બનવાથી રાજ્યમાં 40 હજારથી વધુ લોકોને પરોક્ષ અને 1 હજાર લોકોને સીધી રોજગારી મળશે. આ દેશની સૌથી મોડર્ન-રિફાઇનરી પણ હશે. પબ્લિક સેકટરમાં દેશની પહેલી ઇન્ટેગ્રેટેડ રિફાઇનરી અને પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્ષ પણ હશે. તેનાથી પેટ્રોલ, રબર, પેઇન્ટ, પ્લાસ્ટિક ઉદ્યોગોનો પણ વિકાસ થયો.

(૫) **વિશ્વનું સૌથી વધુ ઠંડુ ગામ** :

- ઓયમ્યાકોન- રશિયા
- શિયાળામાં સરેરાશ તાપમાન -50 ડિગ્રી સેલ્સિયસ
- હાલમાં -62 ડિગ્રી સે. તાપમાન

## 18 January

(૧) **ગુજરાત સ્કૂલ એન્ડ કોલેજ સ્પોર્ટ્સ લીગ- 2018**

- હેતુ- ખેલકૂદ ક્ષેત્રે ગુજરાતના યુવાઓ માટે સ્પર્ધાત્મક વાતાવરણ અને પ્રતિભા શોધ કરવી.

VIVEKANAND ACADEMY GANDHINAGAR

- નોંધણી- 18 થી 31 જાન્યુઆરી, 18
- કુલ ઇનામો- રૂા. 3.06 કરોડ
- **વિવિધ રમતોઃ-**

| શાળા | કોલેજ |
|---|---|
| ફૂટબોલ (ભાઇઓ) | ફૂટબોલ (ભાઇઓ) |
| કબડ્ડી (બંને) | કબડ્ડી (ભાઇઓ) |
| ખો-ખો (બહેનો) | ખો-ખો (બહેનો) |
| વોલીબોલ (બંને) | વોલીબોલ (ભાઇઓ-બહેનો) |
| હેન્ડ બોલ (બંને) બાસ્કેટ બોલ (બંને) | બાસ્કેટ બોલ (ભાઇઓ-બહેનો) |

- વિભાગ- સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત

(૨) **સંરક્ષણ મંત્રીશ્રી નિર્મલા સીતારમણ**

- સુખોઇ- 30 MKI માં ઉડાન ભરનાર દેશના પ્રથમ સંરક્ષણ મંત્રી
- જોધપુર એરબેઝ- રાજસ્થાન

(3) **ચટગાંવ યુનિવર્સિટી** – ઢાંકા, બાંગ્લાદેશ

- પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી ડી લિટની પદવીથી સન્માનિત.ડોકટર ઓફ લેટર્સ- ડી-લિટ

(૪) **GPS ડિવાઇસ** –1 એપ્રિલ, 2018 થી તમામ પેસેન્જર વાહનોમાં GPS ડિવાઇસ લગાવવું ફરજિયાત

- સરકારી અને ખાનગી તમામ પેસેન્જરવાહનોને લાગુ પડશે.

**પોલીસ કનેકટેડ પેનિક બટન પણ ફરજિયાત**

- માત્ર ગ્લોબલ પોઝિસનિંગ સિસ્ટમ જ નહીં, સરકારી અને પ્રાઇવેટ પેસેન્જર વાહનોમાં પેનીક બટન સિસ્ટમપણ લોડ કરવાની રહેશે. જે સીધા જ પોલીસ કંટ્રોલરૂમ સાથે કનેકટેડ રહેશે. દિલ્હીમાં તમામ પ્રાઇવેટ ટ્રાવેલ્સ, પેસેન્જર વ્હિકલમાં આ સિસ્ટમ અપલોડ છે. નિર્ભયા કેસ પછી સુપ્રિમ કોર્ટે આપેલા ચૂકાદાને પગલે ભારત સરકારની ગાઇડલાઇનનો અમલ ગુજરાતના પેસેન્જર વ્હિકલમાં કરાવવા માટે ગુજરાત સરકાર પાસે 31 મી માર્ચ સુધીનો જ સમય રહ્યો છે. આ વ્યવસ્થા વાહનોથી લઇને પોલીસ ડિઝાસ્ટર મેનેજમેન્ટના કંટ્રોલરૂમ સાથે જોડવાની રહેશે.

(૫) **વિદેશી પ્રવાસીઓ** – ભારતે 2017 માં 27 અબજ ડોલરની કમાણી કરી

- વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં 15.2 ટકાનો વધારો
- પ્રવાસન ક્ષેત્રે ભારતના કૂલ GDP માં 6.88 ટકાનો હિસ્સો

## 19 January

(૧) **GST કાઉન્સિલની બેઠક : નવી દિલ્હી**

- 29 વસ્તુઓ અને 53 સેવાઓ પરના GST ના દરોમાં ઘટાડો કરાયો
- અમલ- 25-01-18 થી થશે.
- GST ના નવા દરો
- થીમ પાર્ક, વોટર પાર્ક, જોય રાઇડ, ગો કાર્ટિંગ સેવાઓ 28 ટકા હવે 18 ટકા
- પ્રાઇવેટ કંપની રાંધણગેસ પરનો ટેક્સ 18 ટકા હવે 5 ટકા
- હીરા અને ડાયમન્ડ 03 ટકા હવે 0.25 ટકા
- એમ્બ્યૂલન્સ વાહનો 15 ટકા હવે શૂન્ય ટકા
- જૂની કાર 28 ટકા, હવે 18 ટકા
- બોટલનું પાણી 18 ટકા, હવે 12 ટકા
- રાઇસ બ્રાન શૂન્ય ટકા, હવે 5 ટકા
- ડીઓઇલ્ડ રાઇસ બ્રાન હવે શૂન્ય ટકા
- આરટીઆઇ તપાસ હવે શૂન્ય ટકા
- ટેલરિંગ સર્વિસિસ 18 ટકા, હવે 5 ટકા
- મેટ્રો અને મોનો રેલ કન્સ્ટ્રકશન પ્રોજેકટ 18 ટકા, હવે 12 ટકા
- આરડબલ્યૂઇ મેમ્બર્સને અપાતી સર્વિસમાં માફી મર્યાદા હાલ રૂા. 5,000 વધારીને હવે રૂા. 7,500
- ભારત બહાર વિમાન ટ્રાન્સપોર્ટ સર્વિસ હવે શૂન્ય ટકા
- જહાજોમાં મોકલાતા સામાનની સર્વિસ પર હવે શૂન્ય ટકા
- મીડ ડે મીલ માટેની બિલ્ડિંગ પર GST રેટ હવે 12 ટકા
- લેધર ગુડ્સ અને ફૂટવેર ઉત્પાદન માટે જોબવર્ક સર્વિસ પરનો જીએસટી હવે 5 ટકા
- ફર્ટિલાઇઝર ગ્રેડ ફોસ્ફરિક એસિડ હવે 12 ટકા
- બાયોડીઝલ હવે 12 ટકા
- શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ ફી કે પરીક્ષા ફી પર GST નાબૂદ

(૨) **વિધાનસભા ચૂંટણી :ત્રણ રાજ્યો**

- પૂર્વોત્તર – ત્રિપુરામાં તા. 18 અને નાગાલેન્ડ મેઘાલયમાં તા. 27 ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાશે. કુલ બેઠકો- 180

VIVEKANAND ACADEMY GANDHINAGAR

- પરિણામ- તા. 3 માર્ચ, 2018
- તમામ બેઠકો પર મતદાન માટે EVM અને VVPAT નો ઉપયોગ કરાશે.
- ત્રણે રાજ્યોમાં 60 – 60 બેઠકો

(3) **અગ્નિ- 5** :પરમાણુ શસ્ત્રોથી સજ્જ અગ્નિ- 5 મિસાઇલનું સફળ પરીક્ષણ

- રેન્જ- 5000 કિ.મી. થી વધુ
- સ્થાન- ડો. કલામ આઇલેન્ડ, બાલાસોર, ઓડિસા
- અગ્નિ- 5 ની રેન્જમાં ચીનના મહત્તમ શહેરો
- અન્ય નામ- શાંતિ શસ્ત્ર
- 19 મિનિટમાં 4900 કિ.મી.નું અંતર પાર
- ઝડપ- 28 હજાર કિ.મી. પ્રતિ કલાક
- ડિફેન્સ રિસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO) ના સૂત્રોએ કહ્યું હતું કે અગ્નિ- 5 એ દેશની સૌથી લાંબા અંતરની અણુક્ષમતા ધરાવતી મિસાઇલ છે. સવારે 9:55 કલાકે તેને અબ્દુલ કલામ આઇલેન્ડથી છોડવામાં આવી હતી. તેનું પરીક્ષણ સફળ રહ્યું હતું. આ મિસાઇલ ત્રણ સ્ટેજમાં કામ કરે છે, તે યોગ્ય સમયે બંગાળના અખાતમાં પડી હતી. અગ્નિ- 5ને સંપૂર્ણપણે દેશમાં જ બનાવવામાં આવી છે. તેના પ્રક્ષેપણ માટે કમ્પોઝિટ રોકેટ મોટરનો ઉપયોગ કરાય છે. તે પણ ભારતની બનાવાઇ છે. મિસાઇલના લોન્ચિંગની સાથે તેનો રિયલ ટાઇમ ડેટા લેવામાં આવ્યો હતો.
- **શું છે અગ્નિ- 5 ની વિશેષતાઓ ?**

  તે 1000 કિલો સુધીના અણુશસ્ત્રો લઇ જઇ શકે.

  આ મિસાઇલ 17 મીટર લાંબી અને 2 મીટર પહોળી છે.

  તેનું વજન આશરે 50 ટન છે.

  તેની લોન્ચિંગ સિસ્ટમમાં કેનસ્ટાર ટેક્નિકનો ઉપયોગ કરાયો છે. આથી તેને આસાનીથી એકથી બીજા સ્થળે લઇ જઇ શકાય છે.

  જમીનથી જમીન પર પ્રહાર કરનાર આ મિસાઇલ સરળતાથી રડારમાં પકડાતી નથી.

  આ મિસાઇલ 3 સ્ટેજ ધરાવે છે અને સોલિડ ફ્યૂઅલથી ચાલે છે.

  તેના દ્વારા એકથી વધુ અણુશસ્ત્રો એક સાથે છોડી શકાય છે. એક વાર શસ્ત્રો છોડ્યા પછીતેને રોકી શકાતા નથી.

(૪) **ICC : (દુબઇ): ICCવાર્ષિક એવોર્ડ જાહેર**

- વિરાટ કોહલીને એક જ વર્ષમાં 4ICC એવોર્ડ
- **ICC ટીમ ઓફ ધ યર** :ડીન એલ્ગાર, ડેવિડ વોર્નર, વિરાટ કોહલી (સુકાની), સ્ટિવન સ્મિથ, ચેતેશ્વર પુજારા, બેન સ્ટોક્સ, ક્વિન્ટન ડી કોક (વિકેટ કીપર), આર. અશ્વિન, મિચેલ સ્ટાર્ક, કાગિસો રબાડા તથા જેમ્સ એન્ડરસન
- **ICC વન-ડે ટીમ ઓફ ધ યર** :ડેવિડ વોર્નર, રોહિત શર્મા, વિરાટ કોહલી (સુકાની), બાબર આઝમ, એબી ડીવિલિયર્સ, ક્વિન્ટન ડી કોક (વિકેટ કીપર), બેન સ્ટોક્સ, ટ્રેન્ટ બાઉલ્ટ, હસન અલી, રાશિદખાન, જશપ્રીત બુમરાહ
- આઇસીસી ક્રિકેટ ઓફ ધ યર – વિરાટ કોહલી (ભારત)
- ટેસ્ટ પ્લેયર ઓફ ધ યર- સ્ટિવ સ્મિથ (ઓસ્ટ્રેલિયા)
- વન-ડે પ્લેયર ઓફ ધ યર – વિરાટ કોહલી (ભારત)
- ટી- 20 પરફોર્મન્સ ઓફ ધ યર- યુજવેન્દ્ર ચહલ (ભારત)
- ઇમર્જિંગ પ્લેયર ઓફ ધ યર – હસન અલી (પાકિસ્તાન)
- એસોસિએટ પ્લેયર – રાશિદખાન (અફઘાનિસ્તાન)
- અમ્પાયર ઓફ ધ યર- મુરાઇસ ઇરાસમસ (સા. આફ્રિકા)
- વિમેન્સ ક્રિકેટ ઓફ ધ યર- એલિસ પેરી (ઓસ્ટ્રેલિયા)
- વિમેન્સ વન-ડે પ્લેયર- એમી સેથર્ટવર્ટ (ન્યૂઝીલેન્ડ)
- વિમેન્સ ટી- 20 ક્રિકેટર- બેથ મૂની (ઓસ્ટ્રેલિયા)
- વિમેન્સ ઇમર્જિંગ પ્લેયર- બેથ મૂની (ઓસ્ટ્રેલિયા)
- સ્પિરિટ ઓફ ક્રિકેટ- અન્યા શ્રુબ્રસોલ (ઇંગ્લેન્ડ)

(૫) **રાજ્યો અને સરકાર :**

(૧) ત્રિપુરા – માર્કસિસ્ટ કોમ્યુનિસ્ટ પાર્ટી – C.M. માણિક સરકાર

(૨) મેઘાલય- કોંગ્રેસ – C.M. મુકુલ સંગમા

(૩) નાગાલેન્ડ – નગાપીપલ્સ ફ્રન્ટ + BJP ગઠબંધન- C.M.- ટી. આર. જેલિયાંગ

(૬) **ઇન્ટરનેટ સંબંધી ગુનાઓ અટકાવવા ખાસ પોલીસ દળ રચાશે. - ગૃહ મંત્રાલય**

- ગૃહ મંત્રાલય તાબે એક સાયબર પોલીસ ફોર્સની રચના કરવામાં આવશે. દેશમાં વધી રહેલા સાઇબર ક્રાઇમને અટકાવવામાટે આ પ્રકારનું દળ રચાશે. સાયબર એન્ડ ઇન્ફર્મેશન સિક્યોરિટી (સી.આઇ.એસ.) ડિવિઝનની રચના માટે રાજનાથસિંહના વડપણ હેઠળ બેઠક મળી

VIVEKANAND ACADEMY GANDHINAGAR

હતી. જેમાં સિંહે કહ્યું હતું કે ઇન્ડિયન સાયબર ક્રાઇમ કોઓર્ડીનેશન સેન્ટર અને સાયબર પોલીસ ફોર્સની સી.આઇ.એસ. ની રચના કરાશે.

(૭) **U.K.** : બ્રિટનની કેબિનેટમાં પ્રથમવાર "મિનિસ્ટર ફોર લોન્લિનેસ" ની નિમણૂંક કરાઇ

- એકલવાયાપણાની સમસ્યા વિશ્વ વ્યાપી બની છે.
- બ્રિટનમાં દર 10 વ્યક્તિએ એક એકલવાયાપણાની લાગણીથી પીડાય છે.
- મંત્રી-ટ્રેસી ક્રોચ

(૮) **"2 જી સાગાસન ફોલ્ડ્સ" પુસ્તક**

- લેખક- એ. રાજા

(૯) **વાર્ષિક સર્ચ એન્ડ રેસ્ક્યુ એકસરસાઇઝ – 2018**

- ચેન્નાઇનો દરિયા કિનારો
- ભારત અને જાપાન કોસ્ટગાર્ડનો સંયુક્ત નૌકા અભ્યાસ-કવાયત

## 20 January

(૧) **લાભના પદ : (ઓફિસ ઓફ પ્રોફિટ)**

- ચૂંટણીપંચ દ્વારા દિલ્હીના APP ના 20MLA ગેરલાયક ઠેરવ્યા
- દિલ્હી સરકારે માર્ચ 2015 માં આમ આદમી પાર્ટીના 21 ધારાસભ્યોને સંસદીય સચિવ બનાવ્યા હતા. જેની સામે ભાજપ અને કોંગ્રેસે સવાલો ઉઠાવ્યા હતા. રાષ્ટ્રપતિને અરજી કરીને આ MLA નું ધારાસભ્ય પદરદ કરવાની માગણી કરાઇ હતી. દિલ્હી સરકારે આ પછી વિધાનસભામાં એક ખરડો રજૂ કરીને સંસદીય સચિવના હોદ્દાને લાભનું પદ નહીં ગણવાની જોગવાઇ કરી હતી જોકે તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ આ ખરડો નામંજૂર કરીને ફગાવ્યો હતો. આ પછી તમામ 21 ધારાસભ્યોના સભ્યપદ સામે સવાલો ઉભા કરાયા હતા. રાષ્ટ્રપતિએ આ મામલાની ચૂંટણી પંચને તપાસ કરવા કહ્યું હતું પંચે હવે 20MLA ને ગેરલાયક ઠરાવીને તેમનું સભ્યપદ રદ કરવા રાષ્ટ્રપતિને ભલામણ કરી હતી જે માન્ય રખાઇ છે.

(૨) **ભારત** :ભારતને 42 દેશોના ઓસ્ટ્રેલિયા ગ્રુપમાં 43મું સ્થાન અપાયું.

- અણુપ્રસાર સંધિમાં સહી ન કરી હોવા છતાં 3 મહત્વના ગ્રુપમાં સામેલ થવામાં ભારત સફળ
- **ઓસ્ટ્રેલિયા ગ્રુપ શું છે ?**

ઓસ્ટ્રેલિયા ગ્રુપ એ 42 દેશોનું સ્વૈચ્છિક અને કોઓપરેટીવ ગ્રુપ છે જે કોઇપણ દેશ કેઆતંકી સંગઠનો દ્વારા રાસાયણિક કે બાયોલોજિકલ હથિયારો વિકસાવવામાં ન આવે કે આવા વિનાશક શસ્ત્રો બનાવવા માટેની ટેક્નોલોજી સામગ્રી કે સાધનો મેળવવામાં ન આવે તે માટે કામ કરી રહ્યું છે. અણુ ટેક્નોલોજીની નિકાસને કારણે વિનાશક શસ્ત્રોનો પ્રસાર ન થાય તે જોવાની કામગીરી તે કરી રહ્યું છે. ભારતે આ ગ્રુપમાં 43 મા દેશ તરીકે સભ્યપદ મેળવ્યું છે.

**ભારતનો વિરોધ કરતો ચીન વાસેનાર એગ્રીમેન્ટ કે MTCR નો સભ્ય જ નથી.**

મહત્વની વાત એ છે કે 48 દેશના NSG ગ્રૂપમાં ભારતના પ્રવેશ માટે અવરોધો સર્જતો ચીન વાસેનાર એગ્રીમેન્ટ કે MTCR નો સભ્ય જ નથી. આ બંને ગ્રૂપ પરંપરાગત અને અણુશસ્ત્રો તેમજ મિસાઇલની ટ્રાન્સફરમાં પારદર્શકતા અને જવાબદારી વિકસાવવામાં તેમજ ડ્યૂઅલ વપરાશની સામગ્રી અને ટેક્નોલોજીની ટ્રાન્સફરમાં મહત્વની ભૂમિકા નિભાવે છે.

**ભારતે અગાઉ વાસેનાર એગ્રીમેન્ટ અને MTCR માં સ્થાન મેળવ્યું છે.**

- ભારતે અણુ પ્રસાર સંધિ (નોન પ્રોલિફરેશન ટ્રિટી)માં સહી નહીં કરી હોવા છતાં તેણે ત્રણ મહત્વના ગ્રૂપમાં સભ્યપદ મેળવ્યું છે. જેમાં મિસાઇલ ટેક્નોલોજી કંટ્રોલ રિજિમ (MTCR) તેમજ વાસેનાર એગ્રીમેન્ટ (WA)નો સમાવેશ થાય છે. હવે તેણે ઓસ્ટ્રેલિયા ગ્રૂપમાં સભ્યપદ મેળવીને ચાર પૈકી ત્રણ મહત્વના નોન પ્રોલિફરેશન ગ્રૂપમાં સ્થાન મેળવ્યું છે. ભારતે હવે ફક્ત ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રૂપ (NSG) માં જ પ્રવેશ મેળવવાનો બાકી છે. ચીન આ મુદ્દે NSG માં વીટોનો ઉપયોગ કરીને ભારતનો પ્રવેશ અટકાવી રહ્યો છે. ભારતે ગયા ડિસેમ્બરમાં વાસેનાર એગ્રીમેન્ટમાં 42 મા સભ્ય તરીકે અને ગયા વર્ષે જૂનમાં 35 મા સભ્ય તરીકે MTCR માં સભ્યપદ મેળવ્યું હતું.
- ભારતે જ્યારે અમેરિકા સાથે નાગરિક અણુકરાર કર્યા છે ત્યારે તે NSG જેવા નિકાસ નિયંત્રણ ક્ષેત્રમાં કે ગ્રૂપમાં સામેલ થવા પ્રયાસો કરી રહ્યો છે. NSG, MTCR અને વાસેનાર એગ્રીમેન્ટ પરંપરાગત શસ્ત્રો, અણુશસ્ત્રો,

બાયોલોજિકલ તેમજ કેમિકલ શસ્ત્રો અને ટેક્નોલોજીનો પ્રસાર ન થાય તે માટે કામગીરી કરી રહ્યો છે.

(3) **મધ્યપ્રદેશ** : 27 મા રાજ્યપાલ તરીકે પૂર્વ C.M. શ્રીમતિ આનંદી બહેન પટેલની નિમણૂંક

- M.P. ના બીજા મહિલા રાજ્યપાલ
- પ્રથમ મહિલા રાજ્યપાલ - M.P. – સરલા ગ્રેવાલ (1989)

(૪) **ગાલે વાવાઝોડું- ઉત્તર યુરોપ**

- 203 કિ.મી.ની ઝડપે પવન

(૫) **સ્માર્ટ સિટી પ્રોજેક્ટ : મિશન**

- વધુ નવ શહેરોનો સમાવેશ
- કુલ- 99 શહેરો
- (૧) બરેલી (૨) મુરાદાબાદ અને (૩) સહરાનપુર (UP)
- બિહાર- શરીફનગર
- અરૂણાચલ –ઇટાનગર
- T. N. – ઇ રોડ
- દાદરા અને નગર હવેલીનું સેલવાસા
- લક્ષદ્વિપ – કવારતી
- દીવ –દમણ

(૬) **બે દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવ- 2018**

- સૂર્યનગરી મોઢેરા (મહેસાણા)
- નિર્માણ- સોલંકી રાજવી ભીમદેવ પહેલો- ઇ.સ. 1026

(૭) **વિધાનસભા ચૂંટણી- 2017**

- શ્રેષ્ઠ કામગીરી બદલ શ્રેષ્ઠ વ્યવસ્થાપન એવોર્ડ અમદાવાદ જિલ્લા કલેકટરશ્રીને અપાયો.

## 21 January

(૧) **21 જાન્યુઆરી – સાયકલ દિવસ**

- **બ્રાન્ડ એમ્બેસેડર- સલમાનખાન**
- **મંત્રાલય- પેટ્રો- ગેસ**

(૨) **ધ સીક્રેટ ડાયરી ઓફ કસ્તુરબા**

- લેખિકા- નીલિમા ડાલમિયા
- વતન- ચિડાવાના – રાજસ્થાન

(3) **ચેતના ગાલાસિંહ – ભારત** તરફથી WEF-2018માં ભાગ લેનાર એકમાત્ર મહિલા

- મૂળ ગુજરાતી દીકરી- કચ્છી
- વર્લ્ડ ઇકોનોમી ફોરમના 50 વર્ષના ઇતિહાસમાં પહેલીવાર બધા સહ-અધ્યક્ષ મહિલાઓ છે. દુનિયામાં શ્રેષ્ઠ કાર્ય કરનારી આ પાંચ મહિલાઓ છે. તેમનામાં ભારત તરફથી માનદેશી ફાઉન્ડેશન ચલાવનારા ચેતના ગાલા સિંહા પણ છે. તેમની સાથે ક્રિસ્ટીન લેગાર્ડે (આઇએમએફ), નોર્વેના પ્રધાનમંત્રી એરના સોલબર્ગ, આઇબીએમના પ્રમુખ જિની રોમેટી જેવા મહિલાઓ છે. દાવોસમાં 23 થી 26 જાન્યુઆરી સુધી આ સંમેલન યોજાશે. ચેતના ગાલાસિંહ પ્રોફેસર હતા પરંતુ મહિલાઓની સ્થિતિએ એવું હચમચાવી નાંખ્યુ કે તેમણે નોકરી છોડીને ગરીબો માટે ફાઉન્ડેશન ચલાવવાનું શરૂ કર્યું મુંબઇમાં કચ્છી ગુજરાતી ગાલા પરિવારમાં પાંચ ભાઇ હતા. સંયુક્ત પરિવાર હતો. પાંચે ભાઇ નલ બજારમાં કરિયાણાની દુકાન ચલાવતા હતા. તેમનામાંથી એક ભાઇ મગનલાલ ગાલાના પુત્રી ચેતના છે, જેમને ચાર બહેન, બે ભાઇ છે. ભાસ્કર સાથે વાત કરતા ચેતનાએ જણાવ્યું કે મને ઇકોનોમિક્સમાં રસ હતો, તેથી મુંબઇ યુનિવર્સિટીમાંથી ઇકોનોમિક્સમાં માસ્ટર ડિગ્રી લઇ લીધી. તે વખતે જયપ્રકાશ નારાયણનું આંદોલન ચાલુ હતું તો અર્થશાસ્ત્રના વિદ્યાર્થી હોવાને કારણે મને સમાજવાદી આંદોલનમાં પણ રસ હતો. પછી નોકરી મળી ગઇ તો પ્રોફેસર બની ગયા.
- મહિલાઓ માટે માનદેશ બેન્કનું પણ સંચાલન

(3) **રજિસ્ટ્રાર જનરલ** :સુપ્રીમ કોર્ટની સૌથી મહત્વપૂર્ણ વ્યક્તિ

- દેશની સૌથી મોટી અદાલત સુપ્રીમકોર્ટ. અહીંના પ્રશાસનિક કાર્યોની સૌથી મહત્વપૂર્ણ વ્યક્તિ છે. રજિસ્ટ્રાર જનરલ. રજિસ્ટ્રાર જનરલ જ એ વ્યક્તિ છે જે સુપ્રીમકોર્ટમાં તમારી અરજી સ્વીકારશે કે નહીં, તેના પર સૌથી પહેલા નિર્ણય કરે છે.

  અરજી પર અરજદારને જાતે દલીલ કરવાનો અધિકાર આપી શકાય છે કે નહીં એ પણ એ જ નક્કી કરે છે. તાજેતરમાં જજો વચ્ચે થયેલા વિવાદબાદ દિવ્ય ભાસ્કરે રજિસ્ટ્રારની તાકાતની તપાસ કરી કેમ કે અરજીઓ ચીફ જસ્ટિસથી પણપહેલા તેમની પાસે આવી છે. કોર્ટની સૌથી મહત્વપૂર્ણ કડી છે રજિસ્ટ્રાર.

(૪) **સેના જળ લોન્ચ- શહીદ પરિવારોના કલ્યાણ માટે આ આવક વપરાશે.**

- 1 લિટરના રૂા.6
- આયોજક- આર્મી વેલફેર એસોસિએશન

(૫) **બ્લાઇન્ડ વર્લ્ડકપ – 2018 - ક્રિકેટ**

- ભારત સતત બીજીવાર વર્લ્ડકપ ચેમ્પિયન – યજમાન – શારજહા
- હરિફ- પાકિસ્તાન
- કેપ્ટન-અજય કુમાર રેડ્ડી (અગાઉ- 2014 માં વિજેતા)

(૬) **USA માં શટડાઉન** : 37 વર્ષમાં 5 વખત શટડાઉન- સંકટ દૂર થયું

(૭) **હસમુખ પટેલ-** સુવિખ્યાત આર્કિટેક્ટનું અમદાવાદ ખાતે અવસાન

- સેપ્ટ યુનિવર્સિટીના ડીન એમેરિટસ તરીકે

## 22 January

(૧) **નવા મુખ્ય ચૂંટણી કમિશનર- ઓમ પ્રકાશ રાવત –** MP કેડરના IAS

- તા. 23-1-18 થી કાર્યરત
- ચૂંટણી કમિશનર તરીકે અશોક લવાસાની નિમણૂંક
- ઓ. પી. રાવત- CEC
- સુનિલ અરોરા- EC
- અશોક લવાસા- EC
- શ્રી રાવતની મુદ્દત ડિસેમ્બર- 18 માં પૂર્ણ થશે. (કુલ ત્રણ સભ્યો 1+2=3)

(૨) **63 મો ફિલ્મફેર એવોર્ડ- 2018**

- મુંબઇ
- કેટેગરી અને બેસ્ટ એવોર્ડ

| | |
|---|---|
| બેસ્ટ પોપ્યુલર એક્ટ્રેસ | વિદ્યાબાલન (ફિલ્મ – તુમ્હારી સુલુ) |
| બેસ્ટ પોપ્યુલર એક્ટર | ઇરફાનખાન (હિન્દી મીડિયમ) |
| બેસ્ટ એક્ટર | રાજકુમાર રાવ (ફિલ્મ ટ્રેપ્ડ) |
| બેસ્ટ એક્ટ્રેસ ક્રિટિક્સ | ઝયરા વસીમ (ફિલ્મ સિક્રેટ સુપર સ્ટાર) |
| બેસ્ટ ફિલ્મ | હિન્દી મીડિયમ |
| બેસ્ટ ડિરેક્ટર પોપ્યુલર | અશ્વિની ઐયર તિવારી (ફિલ્મ બરેલી કી બર્ફી) |
| બેસ્ટ ફિલ્મ ક્રિટિક | ન્યૂટન |
| બેસ્ટ શોર્ટ ફિલ્મ નોન ફિક્શન | ઇન્વિઝિબલ વિંગ્સ |
| બેસ્ટ સ્ક્રીનપ્લે એવોર્ડ | મુક્તિ ભવન |
| ઓરિજિનલ સ્ટોરી એવોર્ડ | ન્યૂટન |
| બેસ્ટ ડાયલોગ | હિતેશ કેવલિયા (ફિલ્મ શુભ મંગલ સાવધાન) |
| સપોર્ટિંગ રોલ ફીમેલ | મહેર વીજ (ફિલ્મ સીક્રેટ સુપરસ્ટાર) |
| સપોર્ટિંગ રોલ મેલ | રાજકુમાર રાવ ( ફિલ્મ બરેલી કી બર્ફી) |
| બેસ્ટ ડેબ્યુ ડિરેક્ટર | કોંકણાસેન શર્મા (ફિલ્મ અ ડેથ ઇન ધ ગેજ) |
| પીપલ ચોઇસ શોર્ટ ફિલ્મ | અનાહુત |
| બેસ્ટ એક્ટર શોર્ટ ફિલ્મ | જેકી શ્રોફ (ફિલ્મ ખુજલી) |
| બેસ્ટ શોર્ટ ફિલ્મ | જુસ |
| બેસ્ટ મ્યુઝિક આલ્બમ | જગ્ગા જાસૂસ |
| બેસ્ટ પ્લેબેક સિંગર મેલ | અરિજિતસિંહ(રોકે ના રુકે નેના, ફિલ્મ બદ્રીનાથ કી દુલ્હનીયા) |
| બેસ્ટ લિરિક્સ | અમિતાભ ભટ્ટાચાર્ય (ગલતી સે મિસ્ટેક ફિલ્મ જગ્ગા જાસૂસ) |
| બેસ્ટ પ્લેબેક સિંગર ફિમેલ | મેઘના મિશ્રા (નચદી ફીરા, ફિલ્મ સિક્રેટ સુપરસ્ટાર) |
| બેસ્ટ બ્રેકગ્રાઉન્ડ સ્કોર | પ્રીતમ (ફિલ્મ જગ્ગા જાસૂસ) |
| બેસ્ટ કોરિયોગ્રાફી | જિવય ગાંગુલી અને રુએલ દોસાન (ફિલ્મ જગ્ગા જાસૂસ) |
| બેસ્ટ સાઉન્ડ ડિઝાઇન | અનીસ જોન (ફિલ્મ ટ્રેપ્ડ) |
| બેસ્ટ એડિટિંગ | નીતિન બૈદ (ફિલ્મ ટ્રેપ્ડ) |
| બેસ્ટ એક્શન | ટોમ સ્ટ્ડર્સ (ફિલ્મ ટાઇગર જિન્દા હૈ) |

VIVEKANAND ACADEMY GANDHINAGAR

| | |
|---|---|
| બેસ્ટ સિનેમેટોગ્રાફી | સિરશા રે (ફિલ્મ ધ ડેથ ઇન ધ ગંજ) |
| બેસ્ટ કોસ્ચ્યુમ | રોહિત ચતુર્વેદી (ફિલ્મ અ ડેથ ઇન ધ ગંજ) |

**(3) દિવ્ય ભાસ્કરનો નેગેટિવ મન્ડેની ત્રીજી વર્ષ ગાંઠ**

➢ **પ્રારંભ- 22-1-2015**

**(૪) મહારાજા- એર ઇન્ડિયા**

➢ આ અતિથિને મહારાજાની જેમ વિશેષ અનિભૂતિ કરાવવાનો સંદેશ આપે છે. ઠાઠ-બાઠની આ પ્રતિક્રિયાને એર ઇન્ડિયાના બોબી કૂકા અને ઉમેશ રાવે 1946 માં બનાવી હતી.

➢ **ભોલુ ગાર્ડ- ભારતીય રેલવે**

➢ રેલવેના 150 મા સ્થાપનાદિવસ પર 2002 માં એનઆઇડીએ ભોલૂ બનાવ્યો હતો. તેનો હાથનું ગ્રીન સિગ્નલ સતત આગળ વધતા રહેવાનો સંદેશ આપે છે.

➢ અમૂલ ગર્લ- 1966માં એડ એજન્સી ડાકુન્હાના ઇ ફર્નાન્ડીઝે બનાવ્યું તે સંદેશ આપે છે કે દરેક ઘટના રોમાંચક હોય છે અને જિંદાદિલ પાસુ પણ હોય છે. ટેકનોલોજી નહોતી તો વર્ષો સુધી અનેક શહેરોમાં એક સાથે તેના હોર્ડિંગ લાગતા રહે છે.

**(૫) દરિયાઇ ઉત્તરાયણ** :ખંભાતમાં ઉત્તરાયણ પછીના રવિવારે ચગે છે પતંગ, 1960 થી પરંપરાનો પ્રારંભ

➢ ગુજરાતમાં ઉત્તરાયણ અને બીજા દિવસે વાસી ઉત્તરાયણ મનાવવામાં આવે છે. વિશ્વમાં એકમાત્ર ખંભાત એવું નગર છે. જ્યાં ઉત્તરાયણ પછીના પ્રથમ રવિવારે દરિયાઇ ઉત્તરાયણ દરિયા કિનારે દરિયા કિનારે મનાવાય છે. આ દરિયાઇ ઉત્તરાયણનો પ્રારંભ 1960 થી થયો હતો.

**(૬) પીપરિયા ગામ**

➢ જિલ્લો- સુરત

➢ 96 ટકા આદિવાસી વસતીવાળું ગામને દેશના પ્રથમ સ્માર્ટ વિલેજ તરીકેનો એવોર્ડ

➢ કુલ- રૂા.3 કરોડનો ખર્ચ

**(૭) ડાયનાસોરના ઇંડા** :બીડના મુવાડા ગામેથી ખોદકામ વખતે ડાયનાસોરના ઇંડા મળ્યા તા. બાલાસિનોર જિ. મહીસાગર

➢ ગુજરાતમાં એક સમયે જુરાસિક પાર્કના પ્રાણીઓ હોવાના દાવાને ફરી સમર્થન

➢ વધુ તપાસ માટે ઇંડા – જિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાને સોંપાશે.

➢ ફોસિલ પાર્ક – રૈયાલી- 1981માં ઇંડા અને અવશેષો (અસ્મિ) મળી આવ્યા હતા.

**(૮) શેડો મિનિસ્ટ્રી** : ગુજરાત વિધાનસભામાં ભાજપ સરકારને વિવિધ વિકાસના કામો- ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ પરઘેરવા માટે કોંગ્રેસ પ્રથમવાર શેડો મિનિસ્ટ્રી બનાવશે

➢ મૂળ- કેનેડા, ઓસ્ટ્રેલિયા, U.K. ની પોલિટિક્સ પેટર્ન અજમાવશે.

➢ કોંગ્રેસના MLA ને ખાતા વહેંચવામાં આવશે.

**(૯) ફર્સ્ટ વિમેન એવોર્ડ- 2018**

➢ રાષ્ટ્રપતિશ્રીના હસ્તેકુલ- 112 ક્ષેત્રની 90 મહિલાઓને પ્રથમવાર રાષ્ટ્રપતિ ભવન ખાતે સન્માનિત કરાઇ

➢ કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ઐશ્વર્યા રાય બચ્ચન 2002 થી જ્યૂરી તરીકે સેવા આપે છે. આ સન્માન મેળવનારા તેઓ ભારતના પહેલા અભિનેત્રી છે. આ સિદ્ધિ બદલ તેમને ફર્સ્ટ લેડીઝ એવોર્ડ અપાયો હતો. આ પ્રસંગે રાજસ્થાનના જયપુર રેલવે સ્ટેશન પર કુલીનું કામ કરીને ગુજરાન ચલાવતી મંજૂને પણ સન્માનિત કરાઇ હતી. તેઓ ફકત 30 કિલો વજન ધરાવતા હોવા છતાં મુસાફરોનો 30 કિલો સામાન ઉંચકે છે. શરૂઆતમાં તેમને કુલી તરીકે કામગીરી કરવા બેજ નહોતો અપાયો, પરંતુ આ રોજગારી તેમણે લડાઇ કરીને મેળવી હતી.

રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત આ સુંદર પ્રસંગે કૂલ 90 મહિલા હાજર રહી હતી. રાષ્ટ્રપતિ કોવિંદે કહ્યું હતું કે, સ્ત્રી સશક્તિકરણ અંગે સરકારે કરેલા પ્રયાસોનું પરિણામ દેખાઇ રહ્યું છે, જે આનંદની વાત છે. આ દરમિયાન ફિક્કીના પહેલા મહિલા વડા બનવા બદલ નૈના લાલ કિડવાઇ તેમજ પહેલી મહિલા મર્ચન્ટ નેવી કેપ્ટન, પહેલી પેસેન્જર ટ્રેન ડ્રાઇવર, પહેલી બસ ડ્રાઇવર, પહેલી ફાયર ફાઇટર અને એન્ટાર્કટિકા પહોંચનારી પહેલી મહિલાને પણ ફર્સ્ટ લેડીઝ એવોર્ડ આપીને સન્માનિત કરાઇ હતી.

એમબીએ કરીને રાજસ્થાનમાં પોતાના ગામ સોડામાં સરપંચ બનનારી છાવી રાજાવતને પણ રાષ્ટ્રપતિએ સન્માનિત કરી હતી. રાષ્ટ્રપતિ કોવિંદે કહ્યું હતું કે, એમબીએ કરીને યુવતી ગામ વિશે વિચારે છે. આ

પ્રકારના વિચારો આખા દેશને બદલી શકે છે. આ ઉપરાંત દેશની પહેલી પ્રાઇવેટ ડિટેક્ટિવ રાજાણી પંડિતને પણ એવોર્ડ અપાયો હતો.

તેમણે 25 વર્ષની કારકિર્દીમાં 75 હજારથી વધુ કેસનો ઉકેલ લાવી દીધો છે. રાષ્ટ્રપતિએ સ્પેશિયલી ચેલેન્જડ યુવતી દીપા સિંઘલને પણ બિરદાવી હતી, જેણે પડકારોનો સામનો કરીને આઇએએસ અધિકારી બની છે.

(૧૦) **ભારત** : 35 કરોડ ડોલરના સોલાર ડેવલપમેન્ટ ફંડની સ્થાપના કરશે.

- ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સ હેઠળ ભંડોળ ઉભું કરાશે.
- ભારત 2022 પહેલા જ 175 ગીગા વોટની રિન્યુએબલ એનર્જી સ્થાપિતનું લક્ષ્ય સિદ્ધ કરશે.
- હાલમાં એલાયન્સમાં 121 દેશોનો સમાવેશ

## 23 January

(૧) **રાષ્ટ્રપ્રેમ દિવસ** :

- સુભાષચંદ્ર બોઝનો જન્મ દિવસ (નેતાજી ઉપનામ) કટક- ઓડિસા - 1897 – 1945

(૨) **48 મી વર્લ્ડ ઇકોનોમિક ફોરમ- 2018 (વાર્ષિક બેઠક)**

- તા. 23 થી 26 જાન્યુઆરી- 18
- સ્થળ-દાવોસ (સ્વિત્ઝર્લેન્ડનું રિસોર્ટ શહેર)- પર્વતમાળા- આલ્પ્સ, નદી- વાસર
- પ્રથમવાર ભારતીય PM ઉદ્દઘાટન સત્રને હિન્દીમાં સંબોધશે.
- અગાઉ-1994 – નરસિંહરાવ(P.M.)
- 1997- એચ. ડી. દેવગૌડા (P.M.)
- બેઠકમાં પ્રથમવાર 21 ટકા મહિલાઓ અને 70 દેશના પ્રમુખ
- સ્વિસ રાષ્ટ્રપતિ –એલન બેરસેટ
- વર્લ્ડ ઇકોનોમિક ફોરમની સ્થાપના 1971 માં યુરોપિયન મેનેજમેન્ટના નામે જિનિવા યુનિવર્સિટીના પ્રો. ક્લોઝ એમ. શ્વાબે કરી હતી. હાલમાં મુખ્ય આયોજક
- 1987 માં આ સંગઠનનું નામ WEF અપાયું.
- ભારતના કુલ- 130 સભ્યો
- સૌથી વધુ USA – 780
- સમાપન સંબોધન- US પ્રમુખ ટ્રમ્પ દ્વારા કરાયું.

**દાવોસમાં 4 દિવસ શું થશે ?**

- 23 જાન્યુ. – વિશેષાધિકારો – અપ્રવાસીઓ પર ચર્ચા
- 24 જાન્યુ.- શોષણ, ધર્મ, માનસિક સ્વાસ્થ્ય મુદ્દે ચર્ચા.
- 25 જાન્યુ. જાતિ, એલજીબીટી મુદ્દે ચર્ચા.
- 26 જાન્યુ. અક્ષમતા પર ચર્ચા
- થીમ- ક્રિએટિંગ એ શેર્ડ ફ્યુચર ઇન એ ફ્રેકચર્ડ વર્લ્ડ (વિભાજીત વિશ્વના સંયુક્ત ભાગીદારીવાળા સુંદર ભવિષ્યનું નિર્માણ)

**બેઠકમાં 2000 કંપનીઓના સીઇઓ ભાગ લઇ રહ્યા છે.**

- દાવોસ- 2018માં ડબલ્યુટીઓ, વર્લ્ડ બેન્ક, આઇએમએફ સહિત મુખ્ય સંગઠનોના 38 પ્રમુખ બેઠકમાં સામેલ થઇ રહ્યા છે. વિવિધ દેશોની 2000 કંપનીઓના CEO ભાગ લેશે.
- બેઠકમાં 400 સત્ર હશે. તેમાં 70 દેશના પ્રમુખો સહિત 350 નેતા ભાગ લેશે.
- દાવોસમાં પહેલીવાર યોગ સત્રનું આયોજન થશે. બાબા રામદેવના 2 શિષ્યો યોગ શીખવશે.
- શાહરુખ ખાન પણ દાવોસ ખાતે. તેમહિલા સશક્તિકરણ સત્રને સંબોધશે. શાહરુખ, કેટ વિન્સ્લેટ, એલ્ટન જોનને 24મો ક્રિસ્ટલ એવોર્ડ અપાશે.
- એક સત્રને આરબીઆઇના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન પણ સંબોધશે.
- ફોરમમાં પાક. ના વડાપ્રધાન શાહિદ ખકાન અબ્બાસી,ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ ભાગ લેશે.
- વડાપ્રધાન દાવોસમાં ત્રણ અલગ અલગ કાર્યક્રમોમાં દુનિયાના નેતાઓ, ઉદ્યોગપતિઓ અને અન્ય મહેમાનોને ભારત તરફથી જમાડાશે.
- તેમાટે તાજ હોટલથી 32 શેફની ટીમ દાવોસ ગઇ છે. તે પોતાની સાથે 1000 કિલો મસાલા અને અન્ય સામાન લઇ ગયા છે.

**ભારતને આ લાભ થઇ શકે છે.**

- ભારતને નવા વિદેશી રોકાણકારો મળી શકે છે. વિદેશી કંપનીઓને નવા ટેક્સ કાયદાનો લાભ મળશે. તેથી રોકાણમાં રસ લેશે, અનેક નેતાઓ અને બિઝનેસમેન એક જ મંચથી ભારતના આર્થિક પરિવર્તનનો સંદેશ આપી શકાશે.
- ભારતનો 2025 સુધીમાં 5 ટ્રિલિયન ડોલરની ઇકોનોમી બનાવવાનો લક્ષ્યાંક

- મોદીએ પોતાના ભાષણમાં વધુમાં જણાવ્યું હતું કે, વિશ્વ સમુદાય ત્રણ વાત પર ધ્યાન આપે. મહત્વના દેશો વચ્ચે સહયોગ સધાય નિયમોનું ચુસ્ત પાલન કરાય અને મતભેદો નિવારીને સંગઠિત બનીને પડકારોનો સામનો કરાય.

**કલાઇમેન્ટ ચેન્જ- પડકાર- 1**

- જે રીતે આર્કટિક ગ્લેશિયર પીગળે છે તે જોતા કાઇમેન્ટ ચેન્જ વિશ્વ સામેનો મોટો પડકાર છે. ઘણી ગરમી, ઠંડી અને વરસાદ તેનું સર્જન છે. માનવ અને પ્રકૃતિ વચ્ચે જંગ છેડાયો છે. આપણે સાથે મળીને તેનો સામનો કરવાનો છે. ભારતે આ માટે 2022 સુધીમાં 175 ગિગાવોટ રિન્યુએબલ ઊર્જા ઉત્પન્ન કરવાનું નક્કી કર્યું છે.

**આતંકવાદ- પડકાર- 2**

- આતંકવાદ વિશ્વ સામેનો બીજો પડકાર છે. ભારત અને આખું વિશ્વ તેના સપાટામાં છે. સારો આતંકવાદ અને ખરાબ આતંકવાદ વચ્ચેનો ભેદ દૂર કરવાની જરૂર છે. શિક્ષિત બેકારોને આતંકવાદી બનતા રોકવાના છે.
- રક્ષણવાદ- પડકાર- 3
- વિશ્વ સામે ત્રીજો પડકાર રક્ષણવાદ અને આત્મ કેન્દ્રિત થવાનો છે. ગ્લોબલાઇઝેશન સંકોચાઇ રહ્યું છે. બીજા વિશ્વ યુદ્ધ પછીના સંગઠનોની ભૂમિકા જૂની પુરાણી છે તેને બદલવાની જરૂર છે. નવા નવા ટેક્સ અને ટેરિફ લદાઇ રહ્યા છે.દ્વિપક્ષીય કરાર બંધ થયા છે. વિદેશી રોકાણ બંધ થયા છે અને ગ્લોબલ સપ્લાય ચેન ધીમી પડી છે.
- ગ્લોબલ સાયબર સિક્યોરિટી સેન્ટર માર્ચ- 2018 થી જીનિવા ખાતે પ્રારંભ
- સાયબર હુમલાઓથી વિશ્વમાં વાર્ષિક 28 લાખ કરોડનું નુકશાન
- G-20 ના દેશો પણ જોડાશે
- દુનિયાના હેકર્સ અને ડેટા લીંકથી બચવાના પ્રયાસોના ભાગરૂપે વર્લ્ડ ઇકોનોમિક ફોરમે સાયબર સુરક્ષા માટે એક નવું વૈશ્વિક સેન્ટર ખોલવા એલાન કર્યું છે. જેનું હેડકવાર્ટર જીનિવામાં રહેશે. તે માર્ચથી કામગીરી શરૂ કરશે.

(3) **વૈશ્વિક આર્થિક સૂચકાંક- 2018**

- કુલ- 103 વિકાસશીલ દેશમાં ભારત 62 મા ક્રમે
- ગત વર્ષે ભારત 60 મા ક્રમે હતું.
  (૧) વિકસિત દેશમાં –પ્રથમ નોર્વે
  (૨) વિકસતા દેશમાં- પ્રથમ લિથુઆનિયા
- ચીન- 26 મા અને પાકિસ્તાન- 47 મા ક્રમે
- સંસ્થા- WEF દાવોસ (સ્વિસ)

(૪) **IMF** :વર્ષ 2018 માં ભારતનો GDP 7.4 અને ચીનનો 6.8 ટકા રહેવાનો અંદાજ

## 24 January

(૧) **ભારત-** રોકાણ આકર્ષવામાં જાપાનને પાછળ રાખી ભારત વિશ્વનો પાંચમા ક્રમનો દેશ- WEF – દાવોસ
(૧) USA(૨) ચીન (૩) જર્મની(૪) U.K.(૫) ભારત

- આ સર્વેમાં વૈશ્વિક સીઇઓએ ટોચના માર્કેટમાં અમેરિકાની તરફેણ (46 ટકા) કરી હતી. ત્યારબાદ ચીન (33 ટકા) અને જર્મની (20 ટકા) બીજા અને ત્રીજા ક્રમાંકે છે, જ્યારે (15 ટકા) સાથે યુકે ચોથા ક્રમાંકે અને ભારત (9 ટકા) સાથે પાંચમા ક્રમાંકે છે.
- છેલ્લા એક વર્ષમાં ભારતમાં ઘણા માળખાકીય સુધારા થયા છે, મોટા ભાગના કલાયન્ટો ભારતના આર્થિક ગ્રોથ અંગે આશાવાદ ધરાવી રહ્યા છે. સરકારે આંતર માળખાકીય સુધારા, મેન્યુફેકચરિંગ અને સ્કિલિંગ, સાયબર સુરક્ષા સંબંધી અને કલાયમેન્ટ ચેન્જ બાબત જોખમો દર્શાવતા પરિસ્થિતિ સુધારવાના પ્રયાસો હાથ ધર્યા છે.

(૨) **ટેક્સ હેવન બ્લેક લિસ્ટ કંટ્રીઝ** :

- EU દ્વારા પનામા, UAE, ટ્યુશિનિયા, મોંગોલિયા, મકાઉ, ગ્રેનાડા અને બાર્બાડોઝ બ્લેક લિસ્ટ યાદીમાંથી બહાર

(3) **24 જાન્યુઆરી નેશનલ ગર્લ ચાઇલ્ડ ડે**

(૪) **આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (ILO)**

- ભારતનો બેરોજગારી દર 3.4 ટકાથી વધીને 3.5 ટકા સુધી જશે.
- ભારતમાં 2018 માં બેરોજગારોની સંખ્યા 1.86 કરોડ જે હવે 2019 માં 1.89 કરોડ થશે.

(૫) **રાષ્ટ્રગાન-** જન ગણ મન નો બંધારણ સભા દ્વારા સ્વીકાર – 1950

## 25 January

(૧) **8 મો રાષ્ટ્રીય મતદાતા દિવસ**

- 25-1-1950 – ભારતીય ચૂંટણીપંચની સ્થાપના- નવી દિલ્હી
- 2011 થી મતદાતા દિવસની ઉજવણી

(૨) **પ્રશંસનીય સેવા મેડલ- ગુજરાત પોલીસ**

- અન્ય નામ- રાષ્ટ્રપતિ મેડલ
- રાજ્ય પોલીસના નવ અધિકારીઓ- જવાનોની પસંદગી
- અમરનાથ યાત્રાળુઓને બચાવનાર વલસાડના બહાદુર ડ્રાઇવર સલીમ શેખને ઉત્તમ જીવન રક્ષક પદકથી સન્માનિત કરાશે.

(3) **સિક્કિમમાં** વૃક્ષોના જતન અને સંવર્ધનમાટે લોકોને વૃક્ષો સાથે ભાઇ-બહેન જેવા માનવીય સંબંધો માટે સત્તાવાર મંજૂરી અપાઇ છે. સ્થાનિક પ્રણાલીમાં તેને મિતીની અથવા મિત કહેવાય છે. હવે વૃક્ષોને દત્તક પણ લઇ શકાશે.

ભારતીય અંતરિક્ષ અનેસંધાન કેન્દ્ર “ઇસરો” એ રોકેટની મદદથી મોકલેલા “કાર્ટોસેટ- 2” એ તેનું કામ શરૂ કરી દીધું છે. સેટેલાઇટ દ્વારા ઇંદોરના હોલકર સ્ટેડિયમની તસવીર મોકલવામાં આવી છે. અત્યાર સુધી મેપિંગ અને જીપીએસ માટે વિદેશી ટેકનિક ઉપર આધાર રાખવો પડતો હતો. હવે પૃથ્વીના અવલોકન માટેના આ સેટેલાઇટથી ભારત આ મામલે સ્વનિર્ભર બન્યું છે.

**નિયુક્તિ**

- ભારતીય સાંસ્કૃતિક પરિષદના અધ્યક્ષ તરીકે વિનય સહસ્ત્રબુધેની નિમણૂંક થઇ
- ભારતીયસેનાના દક્ષિણ કમાન્ડના પ્રમુખ તરીકે લેફ્ટનન્ટ જનરલ ડી. આર. સોનીને નિયુક્ત કરાયા
- રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સના મહાનિર્દેશક તરીકે લેફ્ટનન્ટ જનરલ બી. એસ. સાહવતની નિમણૂક થઇ
- ફીફા વર્લ્ડ કપની ઓર્ગેનાઇઝિંગ કમિટીના અધ્યક્ષ તરીકે એલેક્સી સોરોકિનની નિમણૂક થઇ
- આફ્રિકા પાર્ક સંગઠનના અધ્યક્ષ તરીકે બ્રિટિશ રાજ પરિવારના પ્રિન્સ હેન્રી ની નિમણૂક થઇ
- દૂરદર્શન ન્યૂઝના મહાનિર્દેશક તરીકે ઇરા જોશી નિમાયા

**રમત-જગત**

- દિલ્હીને ફાઇનલ મુકાબલામાં 9 વિકેટથી હરાવીને રણજી ટ્રોફીનો ખિતાબ વિદર્ભે પહેલી વાર જીત્યો
- જે લીગ કપના ફાઇનલમાં યોકોહામા એક મારિનોઝને હરાવી ફૂટબોલ કલબ સરેજો ઓસાકાએ ખિતાબ દક્ષિણ આફ્રિકાના કેવિન એન્ડરસને જીત્યો

**અસામાન્ય**

- પૂરીના જગન્નાથમંદિરમાં મોબાઇલ ફોન સાથે પ્રવેશ પર પ્રતિબંધ. ભંગ કરનારનો મોબાઇલ જપ્ત કરી કેસ થશે.
- માઉન્ટ એવરેસ્ટ પર એકલા આરોહણ કરવા ઉપર પ્રતિબંધ. પર્વતારોહકની સલામતી માટે નિર્ણય થયો છે.
- ખુલ્લામાં શૌચની કુપ્રથાથી મુક્ત રાજ્ય તરીકે અરૂણાચલ પ્રદેશને ઘોષિત કરાયું.
- શાકભાજી વેચનારા ધંધાર્થીઓને નુકશાન જાય તો તેને બાકીની રકમનું વળતર સરકાર આપી દે તેવી ભાવાંતર ભરપાઇ યોજના હરિયાણામાં શરૂ થઇ.

**ન્યૂઝ મેકર્સ**

- પ્રધાનમંત્રીએ 200 કૂવામાંથી પ્રતિદિન 1.75 લાખ બેરલ તેલ ઉત્પાદનની ક્ષમતાવાળી રાજસ્થાન રિફાઇનરીનો બાડમેરમાં શુભારંભ કર્યો.

**શોધ- સંશોધન**

- સ્વાસ્થ્ય અને બિમારી વચ્ચે આનુવંશિક સંબંધો શોધવા માટે તથા સચોટ ઇલાજ મેળવવા “વિશ્વના સૌથી મોટા માનવ જીનોમ શોધ પરિયોજના” ચીનમાં શરૂ થઇ.

**નિધન**

- ભગવદ્દગીતાના 700 શ્લોકોને ઉર્દૂમાં અનુવાદ કરનાર અનવર જલાલપુરીનું નિધન થયું. તેમને યશભારતી પુરસ્કારથી સન્માનિત કરાયા.
- પ્રસિદ્ધ વ્યંગકવિ સુરેન્દ્ર દુબેનું તાજેતરમાં નિધન થયું. પદ્મશ્રી અને કાકા હાથરસી હાસ્ય રત્ન પુરસ્કારથી તેનું સન્માન થયું હતું.
- મલયાલમ મિમિક્રી કલાકાર કલાભવન અબ્બી હબ્બીનું નિધન થયું.

**પુરસ્કાર**

- “બીગ લીટલ બુક” પુરસ્કારથી પ્રસિદ્ધ બંગાળી લેખક નબાણીતા દેવ સેનાનું સન્માન થયું.
- 75 મા એન્યુઅલ ગોલ્ડન એવોર્ડમાં બેસ્ટ એકટરનો એવોર્ડ જેમ્સ ફ્રેન્કો અને ગેરી ઓલ્ડમેનનો મળ્યો.

**અર્થકારણ**

- વર્લ્ડ ઇકોનોમિક ફોરમના ગ્લોબલ મેન્યુફેકચરિંગ ઇન્ડેક્સમાં 100 દેશમાં ભારત 30 મા ક્રમે મૂકાયું.

(૪) **ધ ઓર્ડર ઓફ ધ રાઇઝિંગ સન એવોર્ડ-જાપાનનો સર્વોચ્ચ નાગરિક સન્માન** :ગુજરાતી ટેક્સ કન્સલ્ટન્ટ અને ઇન્ડો જાપાન ફ્રેન્ડશીપ એસોસિએશન ગુજરાતના પ્રમુખ શ્રી મુકેશ પટેલને અપાયો.

(૫) **નાણા મંત્રાલય** :રૂ. 88,139 કરોડની મૂડી જાહેર ક્ષેત્રની 20 બેંકોને અપાશે.

- અગાઉ ઓકટોબર- 2017 માં બેંકો માટે રૂ. 2.1 ટ્રિલિયનના રિકેપિટલાઇઝેશનની યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.

(૬) **એન્વાયરમેન્ટલ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ (EPI)- 2018**

- પર્યાવરણનું રક્ષણ કરવાના ક્ષેત્રે વિશ્વના કુલ 180 દેશોમાં ભારત 177મા ક્રમે
- પ્રથમ – (૧) સ્વિત્ઝર્લેન્ડ (૨) ફ્રાન્સ (3) ડેન્માર્ક (૪) માલ્ટા (૫) સ્વીડન
- બુરુન્ડી- 180 મો દેશ
- વર્ષ 2016 માં ભારત- 141 મા ક્રમે
- અહેવાલ તૈયાર કરનાર : (૧) પેલ યુનિવર્સિટી (૨) કોલમ્બિયા યુનિવર્સિટી
- નોંધઃ- કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા આ અહેવાલનો રદિયો આપ્યો છે. આ માત્ર રેન્કિંગ છે.

(૭) **પ્રજાસત્તાક પર્વ- 2018 : નવી દિલ્હી**

- પહેલીવાર આસિયાન દેશોના 10 નેતાઓ એકસાથે ભારતનાપ્રજાસત્તાક પર્વના મહેમાન બની રહ્યા છે. ભારતે અત્યાર સુધી પ્રજાસત્તાક દિને ફકત બે વખત એકસાથે બે રાષ્ટ્રના વડાઓને આમંત્રણ આપ્યું છે. આસિયાન દેશોની કુલ જીડીપી રૂ. 213 લાખ કરોડ છે જે ભારતથી 33 ટકા વધુ છે.વસતીની દ્રષ્ટિએ ભારતમાં આસિયાનદેશોથી બમણી વસતી છે. આસિયાન દેશો સાથેભારત વાર્ષિક 5.2લાખ કરોડરૂપિયાનો વેપાર કરે છે. આ દેશોસાથે ભારતના સંબંધો માત્ર આર્થિકનથી.ભારતનાસાંસ્કૃતિક વારસામાંતેમનું પણ યોગદાનછે. જાણીએ કોણ છે આદેશનાનેતાઓ અને શું છે તેમની વિશેષતા...

(૧) **બ્રુનેઇ**

હસનલબોલ્કીઆહ, સુલતાન, વડાપ્રધાન

2500થીવધુકારધરાવતા હસનલબોલ્કીઆહની ગણના સૌથી ધનિકવ્યક્તિઓમાં થાય છે. 1800 રૂમનો તેમનો મહેલ વિશ્વનું સૌથી વિશાળ પ્રાઇવેટ ઘર છે.

414 મિલિયનડોલરવેપાર ભારતનોબ્રુનેઇસાથે

(૨) **કંબોડિયા :**

હુન સેન, વડાપ્રધાન

હુનસેન માત્ર 32 વર્ષની વયે વડાપ્રધાન બન્યા હતા.તેઓ1988 થી દેશના વડાપ્રધાન છે. તેઓ કંબોડિયાના કુખ્યાત માઓવાદી સંગઠન ખ્મેરરુગનાસભ્ય હતા.

**124**મિલિયન ડોલર વેપારભારતનોકંબોડિયા સાથે

(3) **લાઓસ :**

થોંગલોઉન સિસુલીથ,વડાપ્રધાન

ત્રણ ભાષા બોલીજાણતા થોંગલાઉન 2016 માંવડાપ્રધાન બન્યાહતા. તેમણેવિયેટનામમાં અભ્યાસકર્યો હતો. તેમની ગણના ઉદારવાદી નેતાતરીકે થાયછે.

**131** બિલિયનડોલર વેપારભારતનો લાઓસ સાથે

(૪) **મલેશિયા :**

નજીબ રઝાક, વડાપ્રધાન

નજીબ રઝાકગોલ્ફ રમવાનાશોખીન છે.અમેરિકાનાબેપ્રમુખ(ઓબામા-ડોનાલ્ડ ટ્રમ્પ) સાથેગોલ્ફ રમી ચૂક્યા છે.ટ્રમ્પતેમનેપોતાના ફેવરીટવડાપ્રધાનકહેછે.

**8967**મિલિયન ડોલરવેપારભારતનો મલેશિયાસાથે

(૫) **મ્યાન માર :**

આંગ સાન સૂ કી, સ્ટેટકાઉન્સેલર (પીએમ સમકક્ષ)

શાંતિ માટેના નોબેલ પારિતોષિકવિજેતા ઓંગ સાન સૂ કીએ નવી દિલ્હીમાં અભ્યાસ કર્યો હતો. તેઓદિલ્હીની લેડી શ્રી રામ કોલેજમાંથી ગ્રેજ્યુએટથયા હતા.

**1232** મિલિયન ડોલર વેપાર ભારતનો મ્યાનમાર સાથે

(૬) **ફિલિપાઇન્સ :**

રોડ્રીગો દૂતર્તે, પ્રમુખ

અમેરિકાપ્રત્યેના તિરસ્કાર તથાદેશનાડ્રગ માફિયાઓસામે હિંસક અભિયાન માટેહંમેશાચર્ચામાં રહે છે. તેઓલકઝરી કાર અને બાઇક્સના શોખીન છે.

**1237** મિલિયન ડોલર વેપાર ભારતનો ફિલિપાઇન્સ સાથે

(૭) **થાઇલેન્ડ :**

પ્રયુત-ચાન-ઓ-ચા, વડાપ્રધાન

અર્મીના નિવૃત્તઅધિકારીપ્રયુતલેખક પણ છે. 2016 માં તેમણે નવાવર્ષ નિમિત્તે

ગીતલખ્યુંહતું.અનિષ્ટથીબચવાહાથીનીછબિ ધરાવતું બ્રેસલેટપહેરેછે.

**5747** મિલિયન ડોલર વેપાર ભારતનો થાઇલેન્ડ સાથે

(૮) **વિયેતનામ :**

નુયેન હૂન ફૂક, વડાપ્રધાન

અમેરિકા અને વિયેતનામના યુદ્ધમાં તેમની માતા તથાબહેનનું મોતથયુંહતું. ગતવર્ષે મે મહિનામાંતેઓઅમેરિકાના પ્રમુખ ડોનાલ્ડટ્રમ્પના મહેમાન બન્યા હતા.

**5088**મિલિયન ડોલર વેપાર ભારતનો મ્યાનમાર સાથે

(૯) **ઇન્ડોનેશિયા :**

જોકો વિડોડો, પ્રમુખ, ઇન્ડોનેશિયા

68વર્ષ બાદફરી પ્રજાસત્તાક દિવસેઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ અતિથિ

પ્રજાસત્તાક દિવસેઆવખતેઇતિહાસનું પુનરાવર્તન થશે. ભારતે 26 જાન્યુઆરી 1950 નારોજ પ્રથમ પ્રજાસત્તાક દિવસ ઉજવ્યો હતો અને તે સમયે દક્ષિણ પૂર્વ એશિયાના દિગ્ગજ નેતા અને ઇન્ડોનેશિયાના પ્રથમ રાષ્ટ્રપતિ સુકર્ણો મુખ્યઅતિથિ બન્યા હતા. તે પ્રજાસત્તાક દિવસના 68 વર્ષ બાદ ભારતે આવખતે ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડોનેઆમંત્રણ આપ્યું છે. રોક મ્યુઝિકના શોખીન જોકો વિડોડો 'જોકોવાઇ' નામે લોકપ્રિય છે.

**10772** મિલિયન ડોલર વેપાર ભારતનો ઇન્ડોનેશિયા સાથે

(૧૦) **સિંગાપોર** :

**પ્રમુખ- હલીમા યાકુબ**

**9842 મિલિયન ડોલર વેપાર ભારતનો સિંગાપોર સાથે**

**શ્રી હલીમાના પિતા ભારતીય**

## 26 January

(૧) **69 મો પ્રજાસત્તાક પર્વ**

- ગુજરાતમાં મહેસાણા ખાતે રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી

(૨) **આસિયાન એસોસિએશન ઓફ સાઉથઇસ્ટ એશિયન નેસન્સ કુલ- 10 સભ્ય દેશો**

- સ્થાપના- 1967
- વડું મથક- બેંગકોક (થાઇલેન્ડ)
- PM લી. સિએન લૂંગ
- આસિયાનના ચેરમેન

(૩) જાણીતા ગઝલકાર- કવિ જલન માતરી : 84વર્ષે અમદાવાદ ખાતે અવસાન

- વતન- માતર (ખેડા)
- જન્મ- 01-09-1934
- મૂળ નામ- જલાલુદ્દીન સઆઉદ્દીન અલવી : તખલ્લુસ- જલાન માતરી
- એવોર્ડ- નરસિંહ મહેતા એવોર્ડ- 2016
- લોકપ્રિય ગઝલ- શ્રદ્ધાનો હો વિષયતોપુરાવાની શી જરૂર ? કુરાનમાં તો ક્યાંય પયગંબરની સહી નથી.

(૪) **પદ્મ પુરસ્કાર- 2018**

(1) પદ્મવિભૂષણ- 03
(2) પદ્મભૂષણ- 09
(3) પદ્મશ્રી - <u>73</u>
કુલ- 85

**(1) પદ્મવિભૂષણ :**

| **નામ** | **ક્ષેત્ર** | **રાજ્ય** |
|---|---|---|
| ઇલિયારાજા | સંગીત કલા | તમિલનાડુ |
| શ્રી ગુલામ મુસ્તુફાખાન | શાસ્ત્રીય ગાયક | મહારાષ્ટ્ર |
| પરમેશ્વરન પરમેશ્વરન | સાહિત્યકાર | કેરળ |

**(૨) પદ્મભૂષણ :**

| **નામ** | **ક્ષેત્ર** | **રાજ્ય** |
|---|---|---|
| પંકજ અડવાણી | બિલિયર્ડ-સ્નૂકર | કર્ણાટક |
| એ. ક્રીસોસ્ટોમ | અધ્યાત્મ | કેરળ |
| મહેન્દ્રસિંહ ધોની | ક્રિકેટ | ઝારખંડ |
| એ. કદાકિન | પબ્લિક અફેર | રશિયા |
| આર. નાગાસ્વામી | અર્કિઓલોજી | તામિલનાડુ |
| વેદપ્રકાશ નંદા | સાહિત્ય-શિક્ષણ | અમેરિકા |
| લક્ષ્મણ પાઇ | ચિત્રકામ | ગોવા |
| અરવિંદ પરીખ | સંગીત | મહારાષ્ટ્ર |
| શારદાસિંહ | સંગીત | બિહાર |

**પદ્મશ્રી :**

| | | |
|---|---|---|
| રાની-અભય બાંગ | મેડિસિન | મહારાષ્ટ્ર |
| દામોદર બાપત | સામાજિક કાર્ય | છત્તીસગઢ |
| પ્રફુલ્લા બરૂઆ | પત્રકારત્વ | આસામ |
| મોહન ભાટિયા | લોકસંગીત | ઉત્તરપ્રદેશ |
| સુધાંશુ વિશ્વાસ | સામાજિક કાર્ય | પ.બંગાળ |
| સાઇખોમ ચાનુ | વેઇટલિફ્ટિંગ | મણિપુર |

| | | |
|---|---|---|
| પંડિત શ્યામલાલ | પત્રકારત્વ | છત્તીસગઢ |
| જોસે મા જોયે | વેપાર- ઉદ્યોગ | ફિલપાઇન્સ |
| સુબાદાની દેવી | કલા-વણાટ | મણિપુર |
| સોમદેવ દેવબર્મન | ટેનિસ | ત્રિપુરા |
| યેશી ઢોદેન | મેડિસિન | હિમાચલ |
| અરૂપકુમાર દત્તા | સાહિત્ય અને શિક્ષણ | આસામ |
| દોદારોંગે ગોવડા | કલા- કવિતા | કર્ણાટક |
| મનોજ જોષી | અભિનય | મહારાષ્ટ્ર |

- **પદ્મશ્રી ગુજરાતીઓ :**
  (૧) કેન્સર નિષ્ણાંત- ડો. પંકજ શાહ
  (૨) જાહેર સેવા - એસ. એસ. રાઠોડ
  (૩) ફોટો જર્નાલિસ્ટ- ઝવેરીલાલ મહેતા
  (૪) અભિનેતા- મનોજ જોષી (હાલ- મહારાષ્ટ્ર)

(૫) **'ફેકન્યૂઝ'**– બ્રિટન સરકાર દ્વારા ફેક ન્યૂઝ સામે લડવા અલગવિભાગ શરૂ કરાયો.ખોટી માહિતી, મોર્ફ કરેલા ફોટો- વીડિયો, ઇરાદાપૂર્વક ચેડા કરાયેલી માહિતી અને લોકોમાં ભય-ઉશ્કેરાટ ફેલાવવા માટે ફેલાવવામાં આવતી માહિતીને 'ફેક ન્યુઝ' તરીકે ઓળખવામાં આવે છે.

(૬) **9 મો ગ્રામિણ ઓલિમ્પિક :**
- ડાંગ દરબાર લોકમેળો- આહવા
- માર્ચ- 2018 માં યોજાશે
- આયોજક- સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત
- રમતો- દોડ,લાંબી કૂદ, ઉંચી કૂદ, ગોળા ફેંક, લાંબી દોડ, રસ્સા ખેંચ, કબડ્ડી, ખો-ખો, કુસ્તી અને તિરંદાજી

(૭) **સ્મૃતિવન (સૂચિત)**:ભુજિયા ડુંગર, ભૂજ
- 460 એકરમાં સાકાર થશે.
- ભૂકંપમાં ભોગ બનનાર 13805 મૃતકોના નામનીતકતી મુકાશે.
- ખર્ચ- 155 કરોડ

(૮) **દિવ્ય ભાસ્કર** :દાન કરો, ખુશીઓ ફોરવર્ડ કરો- ભાસ્કર ગ્રુપની પહેલ

(૯) **મહાદાયી જળ વહેંચણી મુદ્દે કર્ણાટક અને ગોવા વચ્ચે વિવાદ**
- અન્ય નામ- મહા નદી
- ગોવામાં આ નદી- મન્ડોવી તરીકે ઓળખાય છે.

(૧૦) **ગુજરાત** :ગ્રામ પંચાયતોના ઇ-ગ્રામ સેન્ટર્સ દ્વારા આધારકાર્ડનું લિંકેજ કરાશે.
- કેન્દ્ર સરકારે ઇ-ગ્રામ કેન્દ્રને આધાર ઓથોરાઇઝેશન માટે માન્યતા આપી.
- આધારકાર્ડ અપડેશન કરાશે.
- હાલમાં રાજ્યમાં 14 હજાર ગ્રામ પંચાયતોમાં ઇ-ગ્રામ કેન્દ્રો કાર્યરત

(૧૧) **આસિયાન દેશો સાથે સમજૂતી :**
- ભારતે ચીનને ધ્યાનમાં રાખીને 10 દેશ સાથે દરિયાઇ સુરક્ષા, કનેક્ટિવિટી, સ્પેસ અને દ્વિપક્ષીય વેપારને લગતા કરારો કર્યા.
- થાઇલેન્ડ, વિયેતનામ, ફિલિપાઇન્સ, મલેશિયા,સિંગાપોર, મ્યાંમાર, કંબોડિયા, લાઓસ અને બ્રુનેઇના વડા ગણતંત્ર દિવસના મુખ્ય મહેમાનો
- ભારત- થાઇલેન્ડ વચ્ચે વાયા મ્યાંમાર 1400 કિલોમીટર લાંબો હાઇ-વે બનાવવા પણ મંત્રણા
- દ. ચીન સમુદ્રમાં ચીનની દાદાગીરી સામે ઝીંક ઝીલતા વિયેતનામને ભારત મિસાઇલ આપશે.
- **છેલ્લા 25 વર્ષમાં વેપાર 25 ગણો વધ્યો**
- છેલ્લા 25 વર્ષમાં ભારત અને આસિયાન દેશોના સંબંધમાં ઘણો સુધારો થયો છે. ભારત આસિયાનના મૂળ સિદ્ધાંતો શાંતિ અને સુશાસન આધારિત રાજકીય સત્તાને વળગી રહ્યું છે. છેલ્લા 25 વર્ષમાં આપણો વેપાર પણ 25 ગણો વધી ગયો છે. અમે હજુયે આ વેપારને નવી ઊંચાઇએ લઇ જવા તત્પર છીએ.
- રામાયણ, બૌદ્ધ ધર્મ અને ઇસ્લામનો ઇતિહાસ આપણને એક તાંતણે જોડે છે.
- **ચીનને ધ્યાનમાં રાખી મ્યાંમારને મદદ**
- વડાપ્રધાન મોદીએ આસિયાનના મ્યાંમારના સ્ટેટ કાઉન્સિલર આંગ સાન સૂ કી, ફિલિપાઇન્સના પ્રમુખ રોડ્રિગો દુતેર્તો અને વિયેતનામના વડાપ્રધાન નુએન સુઆન ફૂક સાથે ત્રણ અલગ અલગ બેઠક કરી હતી. આ મુલાકાતોમાં મુખ્યત્વે ચીનને ધ્યાનમાં રાખીને દરિયામાં મુક્ત વેપાર અને સુરક્ષાને લગતા કરારો થયા, પરંતુ આ સંધિઓને હજુયે આખરીસ્વરૂપ અપાયું નથી.
- ભારત મ્યાંમાર સાથેજમીની જ નહીં બંગાળની ખાડીમાં દરિયાઇ સરહદો પણ વહેંચે છે. ચીન પર મ્યાંમારના સમુદ્રી વિસ્તારો પર નજર રાખીને બેઠું છે, જેથી ભારત છેલ્લા ઘણાં સમયથી મ્યાંમારને લશ્કરી સહકાર આપવા મનાવી રહ્યું છે. ભારતે મ્યાંમારની સેનાને તાલીમ

VIVEKANAND ACADEMY GANDHINAGAR

આપવાનો પ્રસ્તાવ પણ રજૂ કર્યો છે. હાલમાં જ મ્યાંમારે સેનાનું આધુનિકરણ ચાલુ કર્યું છે, જેમાં ભારત વિશેષ રસલઇ રહ્યું છે.

- **થાઇલેન્ડ, ફિલિપાઇન્સને વ્યુહાત્મક મદદ**
- વડાપ્રધાન મોદીએ થાઇલેન્ડના વડાપ્રધાન જનરલ પ્રયુત ચાન ઓ ચા સાથેની બેઠકમાંભારતથી વાયા મ્યાંમાર થઇનેથાઇલેન્ડ સુધી 1,400 કિલોમીટરલાંબો હાઇવે બનાવવાચર્ચા કરી હતી.આ હાઇ વેથકી ભારત અને થાઇલેન્ડ વચ્ચેનો પ્રવાસસરળ થશે. આસાથે દક્ષિણ એશિયામાં ભારતની સ્થિતિ પણ કનેક્ટિવિટીને લઇને વધુમજબૂતથશે.
- ફિલિપાઇન્સ ભારત પાસેથી લશકરી શસ્ત્રસરંજામ ખરીદ કરી શકે. જ્યારેવિયેતનામે ભારત પાસેથી મિસાઇલોખરીદવામાં રસ દાખવ્યોછે. દક્ષિણચીન સમુદ્રમાં ચીનના વધતાપ્રભાવનીસૌથીમોટી મુશ્કેલી વિયેતનામને જછે.
- આ કારણસર આ સંધિ ખૂબ મહત્વની છે. અત્યારે પણ ભારત વિયેતનામના સૈનિકોને તાલીમ આપી રહ્યું છે. વડાપ્રધાન મોદી અને વિયેતનામના પ્રમુખ ફૂકની બેઠકમાં 50 કરોડ ડોલરના દેવાને અંતિમ સ્વરૂપ આપવાનો પણ નિર્ણય લેવાયો છે.

**(૧૧) ગુજરાત સરકારની વિવિધયોજનાઓમાં થયેલી કામગીરીની વિગતો :**

- **(૧) ખેડૂતોની પડખે સરકાર :**ખરીફઋતુ- 2017 માં મણદીઠ રૂા. 900 ટેકાના ભાવે રૂા. 3495 કરોડની 388 લાખ મણથી વધુ મગફળીની ખરીદી : 4 લાખથી વધુ ખેડૂતોને મળ્યોલાભ : ગત વર્ષની તુલનામાં ચારગણી મગફળી ટેકાના ભાવે ખરીદી
- **(૨) ઇઝરાયેલની અનોખી ભેટ :**રણકાંઠાના સુઇગામને આપી વોટર ડી-સેલીનેશન પ્લાન્ટ ધરાવતી મોબાઇલ વાન : રણ વિસ્તારમાં ભરાયેલું ખારુ પાણી બનશે પીવાલાયક
- **(3) મા અને મા વાત્સલ્ય યોજનાઃ** ગંભીર પ્રકારની બીમારીઓમાં બી.પી.એલ. અને મધ્યમવર્ગના પરિવારોને 500 થીવધુ સારવાર પદ્ધતિઓઃ યોજનાનો લાભ લેવા આવકમર્યાદા વધારીને રૂા. 2.50 લાખ કરાઇ
- **(૪) પંડિત દીનદયાળ પ્રધાનમંત્રી જનઔષધિ સ્ટોર્સઃ** જેનેરિક દવાઓ મળે છે 40 થી 80 ટકાજેટલા સસ્તાદરે અને તે પણ ગુણવત્તાની બાંયધરી સાથે
- **(૫) શ્રમિક અન્નપૂર્ણા યોજનાઃ** બાંધકામ શ્રમિકો અને તેમના કુટુંબીજનોને 10 રૂપિયામાં સાત્વિક ભોજન
- **(૬) મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાઃ** રાજ્યના તમામ જ્ઞાતિવર્ગના યુવાનોને શિક્ષણ, કૌશલ્ય અને રોજગાર માટેની ઐતિહાસિક યોજના
- **(૭) માર્ગ સુવિધાનો વ્યાપ વધારવા રૂા. 1600 કરોડના કાર્યોને કેન્દ્ર સરકારની મંજૂરીઃ** ચિલોડા-ગાંધીનગર-સરખેજ હાઇવે રૂા.846 કરોડના ખર્ચે બનશે છમાર્ગીય સંપૂર્ણ ટોલ ફ્રીઃ રાજ્યના 23 જિલ્લાઓના હયાત રસ્તાઓના વિસ્તૃતી-મજબૂતીકરણ, નવા પુલો-નાળાઓ બનાવવા રૂા. 780 કરોડની ફાળવણી
- (૮) શાળાઓમાં શૈક્ષણિકફી નિયમનની દિશામાં ગુજરાતે ચીંધી સમગ્ર દેશને દિશા : સ્વનિર્ભર શાળાઓમાંફી નિયમન અધિનિયમને નામદાર હાઇકોર્ટની મંજૂરીની મહોર

## 28 January

**(૧) 10 રાષ્ટ્રપ્રમુખોની પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં હાજરી વૈશ્વિક સ્તરે ભારતની શાખની વધુ મજબૂત બનાવશે.**

- ભારતની વિદેશનીતિને સંબંધ છે ત્યાં સુધી આજનો પ્રજાસત્તાક દિનવિશેષ મહત્વનો બની રહેશે.એટલામાટેકે વડાપ્રધાન નરેન્દ્રમોદીએ દક્ષિણ-પૂર્વ એશિયાના દસદેશોનાપ્રમુખોને ગણતંત્ર દિવસના વિશેષઅતિથિ તરીકે આમંત્રિત કર્યા છે.આ બધા રાષ્ટ્રો 1967 માં થાઇલેન્ડના પાટનગર બેંગકોકમાં સ્થપાયેલા સંગઠન એસોસિએશન ઓફ સાઉથઇસ્ટ એશિયન નેશન્સ (આસિયાન) ના સભ્યો છે. એમની હાજરીથી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું મહત્વ હજુ વધશે. દેશે હમણાંથી ઇન્ડોપેસેફિક પર ફોકસ કરવાની પોલિસી અપનાવી છે. ભારત આ વિસ્તારમાં અમેરિકા અને ચીનની જેમ પોતાની હાજરીને બળકટ બનાવવા આતુર છે. ભારત એવો પણ મજબૂત સંકેત આપવા ધારે છે કે આસિયાનના સભ્ય રાષ્ટ્રોમાં અમેરિકા અને ચીન કરતાં પણ ભારતનું મહત્વ વધારે છે. શુક્રવારે ગણતંત્ર દિને નવી દિલ્હીમાં એશિયન દેશોના વડાઓની હાજરીથી આવા મહત્વના ઉદ્દેશો પાર પડશે. બીજું વડાપ્રધાન

મોદીએ એક્ટ ઇસ્ટ પોલિસી અપનાવીછે એ અન્વયે પૂર્વના દેશોસાથે ગાઢ સંબંધો સ્થાપવાના પ્રયાસથઇરહ્યા છે. આપોલિસીનો હાર્દએવોછે કે એવાદેશોસાથે સંબંધો વધારો જેતમારીસાથે સાંસ્કૃતિક દ્રષ્ટિએ જોડાયેલા હોય. ભારત સાથે આસિયાનનારાષ્ટ્રો સાંસ્કૃતિક રીતેજોડાયેલાછે,એટલેએમનાનેતાઓની ભારતયાત્રાએદિશામાં પણમદદકર્તા પુરવાર થશે. હજુ હમણાં સુધી આપણો દેશ સહકારઅને સહાય માટે પશ્ચિમના વિકસિતદેશોતરફ મીટ માંડતો હતો. પશ્ચિમના મૂડીવાદીદેશો મૂડીવાદી દેશો ગરજનો ગેરલાભ લઇ સહાયના નામે ભારત સહિત પૂર્વના દેશોનું શોષણ કરતા હતા, હવે એ દિવસો ગયા. ભારત આજે પૂર્વના પોતાની બરોબરીના દેશો સાથે આર્થિક અને રાજનૈતિક સંબંધો વિકસાવી વિકાસ કૂચ કરવા ધારે છે. એમાં બે લાભ છે, એક તો પોતાની અનુકૂળ શરતોએ આપણે બીજા દેશો સાથે આર્થિક આદાન-પ્રદાન કરી શકીએ. બીજું એશિયાના દેશોમાં આપણી ઊજળી શાખ જળવાઇ રહે. દસ એશિયન રાષ્ટ્રપ્રમુખોને બોલાવવા પાછળ એક બીજું પ્રયોજન પણ છે. ચીનની દાદાગીરીથી આસિયાનના વિયેટનામ, ફિલીપીન્સ, મલેશિયા, અને બ્રુનેઇ જેવા દેશો ડરેલા છે, તેઓ ઇચ્છે છે કે ચીની ડ્રેગનના મુકાબલા માટે ભારતને આગળ કરવામાં આવે, જેથી ચીનને સખણો રાખી શકાય, વળી ભારત પ્રત્યેનો ચીનનો લડાયક અભિગમ જોતાં આપણે આંતરરાષ્ટ્રીય મંચ પર એને આપણી શક્તિનો પરચો કરાવવો જરૂરી છે. જરૂરી નથી કે માત્ર અસ્ત્ર શસ્ત્રથી શક્તિનોપરચો બતાવાય.બહોળા મિત્ર સમુદાયદ્વારા પણ આ પરચોબતાવીશકાયછે.મોદીવધુમાં વધુ એશિયનદેશોસાથે મૈત્રી વિકસાવીને ચીનને આવી જ અનુભૂતિ કરાવવા ધારે છે. મે,2014માં એમણે વડાપ્રધાન તરીકે શપથ લીધા ત્યારે પાકિસ્તાન સહિત સાર્કના દેશોના વડાઓની હાજરી હતી. ભારત પ્રજાસત્તાક બન્યા પછી પહેલીવાર રિપબ્લિક ડે ની પરેડમાં 10 વિદેશી મહેમાનો હાજર હશે. આ પહેલાં માત્ર 1968 અને 74 માં એકથી વધુ વિદેશી મહેમાનોને બોલાવાયા હતા. વિદેશી અતિથિઓની હાજરી વિપક્ષ કહે છે એમ દેખાડો કે તમાશો નથી. આંતરરાષ્ટ્રીય સંબંધોમાં કોઇના મહેમાન બનવું કે કોઇને અતિથિ તરીકે આમંત્રણ આપવું જરૂરી નથી. સંબંધોને સુદ્રઢ બનાવવા બે દેશો વચ્ચે સમાન સમસ્યાઓની ચર્ચા અને વિચારોનું આદાન-પ્રદાન અતિ આવશ્યક છે. પોતાના ઘરમાં પુરાઇ રહેનાર વ્યક્તિ કદી પાડોશી સાથે સારા સંબંધો સ્થાપી નથી શક્તિ. એકલાઅટૂલા રહેનાર માણસ પર સંકટ આવે ત્યારે એની મદદે જવા કોઇ તૈયાર નથી થતું. જે નિયમ વ્યક્તિને લાગુ પડે એ જ દેશને પણ લાગુ પડે છે.

(૨) નવી દિલ્હી- પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ગુજરાતમાંથી દિલ્હીની રાષ્ટ્રીય પરેડમાં ગાંધી આશ્રમની શતાબ્દીનો ટેબ્લો રજૂ કરાયો.

- સાબરમતી આશ્રમની સ્થાપનાને 2017 માં 100 વર્ષ પૂર્ણ
- ઓલ ઇન્ડિયા રેડિયોનો પ્રથમવાર – ટેબ્લો

(3) **ઓસ્ટ્રેલિયન ઓપન** : 2018

- મહિલા સિંગલ્સ- વિજેતા વોઝનિઆકી (ડેનમાર્ક)
- હરિફ- સિમેના હાલેપ (રોમાનિયા)
- પુરૂષ સિંગલ્સ- રોજર ફેડરર (સ્વિસ)
- હરિફ- મારિન સિલિચ (ક્રોએશિયા)
- રોજર ફેડરરનું 20 મું ગ્રાન્ડ સ્લેમ
- ઓસ્ટ્રેલિયન ઓપન – છઠ્ઠું

(૪) **IPL- 11 મી સિઝન**

- હરાજીમાં રાજસ્થાન રોયલ દ્વારા ઇંગ્લેન્ડના ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ સૌથી મોંઘો ખેલાડી : 12.50કરોડ
- કુલ- 8 ટીમો
- ગુજરાતી ફાસ્ટ બોલર જયદેવ ઉનડકટ – રાજસ્થાન રોયલ – મોંઘો ભારતીય – 11.50 કરોડ

(૫) **આધાર**- ઓક્સફર્ડ ડિક્ષનરીએ વર્ષ 2017 ના ખાસ શબ્દ તરીકે "આધાર" ને સ્થાન આપ્યું.

- જયપુર લિટરેચર ફેસ્ટિવલમાં જાહેરાત

(૬) **સુપ્રિયા દેવી** : દિગ્ગજ બંગાળી અભિનેત્રીનું કોલકત્તા ખાતે અવસાન

- જન્મ – 8-1-1933- બર્મા

(૭) **ગણતંત્ર દિવસની ઉજવણી** : નવી દિલ્હી

- દેશની પ્રથમ ઇન્ટિગ્રેટેડ વેપન સિસ્ટમ હેલિકોપ્ટર- રૂદ્ર પણ દર્શાવાયું જે સંપૂર્ણ રીતે HAL દ્વારા બનાવાયું છે.
- 18 બાળકોને નેશનલ બ્રેવરી એવોર્ડ
- માર્ચ પાસ્ટનો પ્રારંભ- રાયસીના હિલથી
- BSF ની મહિલા ટૂકડી- સીમા ભવાની દ્વારા પ્રથમવાર કરતબો

(૮) **ગુજરાત** :રાજ્યના ચાર ઝોન પાટણ, ભૂજ, વડોદરા અને રાજકોટ ખાતે સાયન્સ મ્યુઝિયમ તૈયાર થશે.

(૯) **સમજૂતી** :ભારતઅને કંબોડિયા વચ્ચે 4 સમજૂતી

- PM – કંબોડિયા- સમદેવ હુન સેન
- ભારત અને કંબોડિયાએ સંરક્ષણ વધારવા અને આતંકવાદ વિરૂદ્ધ લડાઇમાં એક-બીજાનો સહયોગ કરવાનો નિર્ણય લેવાયો છે. તેના માટે બંને દેશોએ ચાર સંધિ કરી છે. તેમાં ગુનાઓ અટકાવવા, તપાસમાં સહયોગ વધારવા, ગુનાઇત બાબતોમાં કાયદાકીય મદદ અને ભારતથી કંબોડિયાની જળ સંશાધન વિકાસ પરિયોજના માટે 486 કરોડ રૂપિયા (3.69 કરોડ ડોલર) લોન ઉપલબ્ધ કરાવવાનો સમાવેશ થાય છે. બંને દેશ દ્વિપક્ષીય સમજૂતીને વધુ આગળ વધારવા માટે સંમત થયા હતા.

## 29 January

(૧) **ભારતનું પ્રથમ અખબાર**-'બંગાલગેઝેટ' અંગ્રેજી ભાષામાં 1780 માં 29જાન્યુઆરીએ પ્રકાશિતથયું હતું. (કોલકત્તાથી)

- અંગ્રેજ જેમ્સ ઓગસ્ટન હિકી

(૨) **મન કી બાત** –40મો એપિસોડ તા. 28-1-2018

- માટુંગા દેશનું પહેલું રેલવે સ્ટેશન છે જ્યાં તમામ કર્મચારી મહિલા છે.
- માઓવાદગ્રસ્ત જિલ્લાઓમાં મહિલાઓ ઇ-રિક્ષા ચલાવીને આત્મનિર્ભર બની રહી છે.
- ભારતની નમ્રતા જ ભારતની શક્તિ, આપણે હંમેશા કહીએ છીએ કે કયા બાત હૈ હસ્તી મિટતી નહીં હમારી, નમ્રતા જ આપણી તાકાત છે.
- આત્મ સુધારણાનો નિરંતર પ્રયાસ ભારતની સંસ્કૃતિ અને જીવંત સમાજની ઓળખ છે.
- બિહારમાં સામાજિક કુરિવાજો સામે 13 કિલોમીટર લાંબી માનવશૃંખલા બનાવાઇ
- તેના દ્વારા દહેજ અને બાળવિવાહ જેવા કુરિવાજો સામે સંદેશ આપવામાં આવ્યો.
- મહારાષ્ટ્રના અકોલામાં મોરના નદીની સફાઇ માટે નાગરિકોને અભિનંદનમહાત્માની પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ આપવા કરતાંતેમના ચીંધેલા માર્ગે ચાલવું વધુ સારૂં છે.

(3) **દૈનિક ભાસ્કર જૂથ :** IRS – 2017 મુજબશહેરી ભારતનું નંબર સમાચાર પત્ર જૂથ અને તેના વર્તમાન પત્રો :

- (૧) દૈનિક ભાસ્કર જૂથ : વાચક 1.26 કરોડ
  દૈનિક ભાસ્કર
  દિવ્ય ભાસ્કર
  દિવ્ય મરાઠી
  સૌરાષ્ટ્ર સમાચાર
- (૨) The Times of India Group :
  વાચક- 1.19 કરોડ
  ટાઇમ્સ ઓફ ઇન્ડિયા
  નવભારત ટાઇમ્સ
  વિજય કર્ણાટકા
  મહારાષ્ટ્ર ટાઇમ્સ
  ઇ-સમય
  મુંબઇ મિરર
  બેંગ્લોર મિરર
- (૩) દૈનિકજાગરણજૂથ :
  વાચક - 1.12 કરોડ
  દૈનિક જાગરણ
  નઇ દુનિયા
  નવ દુનિયા
  મિડ ડે ગુજરાતી
  મિડ ડે ઇંગ્લીશ
  ઇંકલાબ
  પંજાબી જાગરણ
- IRS – ઇન્ડિયન રિડરશિપ સર્વે- 2017

(૪) **નવી દિલ્હી-દેશની પ્રથમ ખાદી હાટ શરૂ કરાઇ**

(૫) **ખગ્રાસ ચંદ્રગ્રહણ :**

- તા. 29-01-2018 ના રોજ 35 વર્ષ (1982) બાદ 203 મિનિટ લાંબુ ખગ્રાસ ચંદ્રગ્રહણ : 152 વર્ષ બાદ બ્લૂ મૂન

**સુપરમૂન – પે રિગી મૂન**

- વર્ષમાં એકવાર ચંદ્ર પૃથ્વીની સૌથી નજીક આવે છે આ ઘટનાને સુપરમૂન કહે છે. પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું અંતર 4 લાખ 5 હજાર કિ.મી. છે જે આ દિવસે ઘટીને 3 લાખ 50 હજાર કિ.મી. થાય આ દિવસે 14 ટકા મોટો અને 38 ટકા વધુ ચમકે છે.

**બ્લૂમૂન :**

- દરેક મહિનામાં એક પૂનમ આવે છેપરંતુ કયારેક એકમહિનામાં બે વારપૂનમ આવે છે. જેમહિનામાં બીજી પૂનમ આવે તો તે દિવસના ચંદ્રને ખગોળશાસ્ત્રીઓની

VIVEKANAND ACADEMY GANDHINAGAR

ભાષામાં બ્લૂમૂન તરીકે ઓળખવામાં આવે છે. આમાં ચંદ્રનો રંગ બદલાતો નથી.

**રેડમૂન :**

- ચંદ્રગ્રહણના સમયે સૂર્યનો પડછાયો ચંદ્રની સપાટી પર પડે છે માટે ચંદ્ર લાલ દેખાય છે. આ ઘટનાને રેડમૂન કહે છે. ચંદ્રગ્રહણના દિવસે પૃથ્વી પરથી ચંદ્ર લાલ રંગનો દેખાય છે જેને બ્લડમૂન પણ કહેછે. (સાયન્સ સિટીના વૈજ્ઞાનિક નરોત્તમ સાહુ)

(૬) **ભારત- સેશેલ્સ :**સમુદ્રી સુરક્ષા માટે ભારત સેશેલ્સના ટાપુ પર સૈન્ય મથક સ્થપાશે.

- આ કરારથી આર્થિક અપરાધીઓની સમુદ્રી માર્ગેથી થતી ઘુસણખોરી પણ રોકી શકાશે.
- પ્રમુખ સેશેલ્સ- ડેન્ની ફોરે

## 30 January

(૧) **શહીદ દિવસ : ગાંધીજીની પુણ્યતિથિ 1948**

- સવારે 11.00કલાકે દેશમાં બે મિનિટનું શહીદોની યાદમાં મૌન રખાય છે.

(૨) **ઇન્ડિયન રીડરશિપસર્વે- 2017**

- 3 વર્ષમાં અખબારોમાં 11 કરોડ નવા વાચકો જોડાયા,39% વૃદ્ધિ
- 17.6 કરોડ વાચકો સાથે હિન્દી અખબાર પહેલા સ્થાન પર
- દૈનિક ભાસ્કર જૂથ શહેરી ભારતનું સૌથી વધુ વંચાતુ અખબાર જૂથ બન્યું
- ગુજરાતમાં દિવ્ય ભાસ્કરના 93.77 લાખ વાચકો
- ભારતમાં અખબારોની વાચકસંખ્યા સતતવધી રહીછે. ઇન્ડિયન રીડરશિપસર્વે- 2017 ના અહેવાલમુજબ ત્રણવર્ષમાંસમગ્રદેશનાઅખબારો સાથેકુલ 11કરોડ નવા વાચકો જોડાયા છે. એટલે કે અખબારોની રીડરશિપમાં કુલ 39 ટકાનો વધારો નોંધાયોછે. ભારતમાં અત્યારે 12વર્ષથીવધુ વયના 41કરોડ લોકો અખબાર વાંચે છે. તેમાં દૈનિક ભાસ્કરજૂથના કુલ 5 કરોડ 88 લાખ વાચકોનો સમાવેશ થાય છે.ભાસ્કરજૂથહવેશહેરીભારતનુંસૌથીવધુ વંચાતુ સમાચાર પત્ર જૂથ છે. બીજા સ્થાન પર ટાઇમ્સ ઓફ ઇન્ડિયા જૂથ અને ત્રીજા સ્થાને દૈનિક જાગરણ જૂથ છે.
- આઇઆરએસનો સર્વે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં 12 વર્ષથી વધુ વયના લોકો વચ્ચે કરાયો છે. સર્વેના રીપોર્ટ મુજબ કુલ વાચક સંખ્યાની બાબતમાં 17.6 કરોડ વાચકો સાથે હિન્દી અખબાર પહેલા સ્થાન પર છે. તમિલ દૈનિકોના3.4કરોડ અનેચોથાસ્થાનપરઅંગ્રેજી અખબાર છે.તેમના2.7કરોડવાચકો છે.તેલુગુ અખબારોનીરીડરશિપ2.5 કરોડ છે. ત્યારબાદ મલયાલમ (2.4કરોડ),ગુજરાતી(2.3કરોડ)અને બંગાળી અખબાર (2.1કરોડ)આવે છે.આઇઆરએસ- 2017 મુજબ મેગેઝીનવાચકોની સંખ્યા 7.8 કરોડ છે.
- ગુજરાત- રિડરશિપ સર્વેમાં દિવ્ય ભાસ્કર અમદાવાદમાં 19.84 લાખ વાચકો સાથે ફરી એક વખત નંબર વન જાહેર થયું છે. દિવ્ય ભાસ્કર જૂથના ગુજરાતમાં કુલ 93.77 લાખ વાચકો છે.

(૩) **બિટિંગ રિટ્રીટ :**ચારદિવસ સુધી ચાલેલા ગણતંત્ર દિવસસમારોહ 29/1ના રોજ રાયસિના હિલ પર બિટિંગ રિટ્રીટ સેરેમની સાથે પૂર્ણ થયો.

(૪) **યુનિવર્સલ બેઝિક ઇન્કમ સ્કીમ હેઠળ સરકાર નાગરિકોને બિનશરતી ચોક્કસ રકમ આપશે.**

- આગામી બે વર્ષમાં 1-2 રાજ્યોમાં આ સ્કીમનો પ્રાયોગિક ધોરણે અમલ થશે.
- MP ની છ ગ્રામ પંચાયતમાં આ વિચારને પાઇલટ પ્રોજેક્ટ તરીકે લાગુ કરાયો હતો.

(૫) **એસિડ એટેકનો ભોગ બનેલાને પણ કેન્દ્ર સરકાર અનામત આપશે.**

- ઓટીઝમના દર્દી, મનોરોગી, બૌદ્ધિક અક્ષમ તેમજ એસિડ એટેકનો ભોગ બનેલા લોકોને હવે કેન્દ્ર સરકારની નોકરીઓમાં અનામતનો લાભ આપવામાં આવશે.
- **ઓટીઝમ, મનોરોગી, માનસિક અક્ષમતા ધરાવતા દર્દીઓને મળતી ત્રણ ટકા અનામત વધારીને ચાર ટકા**
- સીધી ભરતી થવાની હોય ત્યારે કુલ બેઠક (ખાલી જગ્યાના) ચાર ટકા અનામત અપાશે. હાલ ત્રણ ટકા અનામત આપવામાં આવે છે જેમાં એ, બીઅને સી જૂથ માટે આ અનામત લાગુ થશે. જો કે આ જોગવાઇ “બેંચમાર્ક ડિઝેબિલીટી”એટલે કે તેઓ જે રોગનો ભોગ બન્યા છે તેના કારણે “40 ટકાથી ઓછી નહિ” તેવી અક્ષમતા ધરાવતા હોય ત્યારે જ આ જોગવાઇઓનો લાભ અપાશે. ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેઇનિંગ (DOPT) અને તાજેતરમાં તમામ કેન્દ્રિય વિભાગોને લખીને, અંધાપો, નબળી દ્રષ્ટિ, મુંગા-બહેરા ઉપરાંત સિલેબ્રલ પાલ્સી, લેપ્રસીમાંથી સાજા થયેલા બેધ્યાનપણું,

VIVEKANAND ACADEMY GANDHINAGAR

એસિડ હુમલાનો ભોગ બનેલા તેમજ સ્નાયુના રોગથી પીડાતા લોકોને આ અનામતનો લાભ અપાશે.

(૬) **આર્થિક સરવે :** 2018-19 કેન્દ્ર સરકાર

- આગામી નાણાકીય વર્ષમાં ભારતનો વિકાસ દર 7 થી 7.5 ટકા રહેવાનો અંદાજ : મુખ્ય આર્થિક સલાહકાર શ્રી અરવિંદ સુબ્રમણ્યમ
- બજેટ સત્ર પહેલા બંને ગૃહમાં આર્થિક સર્વે રજૂ કરવામાં આવે છે.
- મોંઘવારી : ચાલુ નાણાકીય વર્ષમાં કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (CPI) 3.3 ટકા રહ્યો. છેલ્લા 6 વર્ષમાં સૌથી નીચો – તળિયે
- FDI : દેશમાં કુલ FDI માં 8 ટકાનો વધારો
- રોજગારી સર્જન :2022 સુધીમાં રિયલ એસ્ટેટ સેકટરમાં 15 લાખ નોકરીઓનું સર્જન થશે.

**સરકારી અંદાજ અને આંકડા :**

- ચાલુ નાણાકીય વર્ષ 2018 માં વિકાસ દર : 6.75% રહેવાની આશા
- નાણાકીય વર્ષ 2019 માં વિકાસ દર 7 થી 7.5% રહેવાની આશા
- નાણાકીય વર્ષ 2018 માં સર્વિસ ગ્રોથ 8.3% રહેવાનું અનુમાન
- નાણાકીય વર્ષ 2019 માં કૃષિ વિકાસ દર 2.1% રહેવાનો અંદાજ
- નાણાકીય વર્ષ 2019 માં ક્રૂડની કિંમતોમાં 12% વધારો થવાનો અંદાજ
- આર્થિક વર્ષ 2019 માં આર્થિક નુકશાન 3% રહેવાનો અંદાજ
- આર્થિક સરવેનું મહત્વ કેમ ?
- નાણા મંત્રાલય દ્વારા દર વર્ષે બજેટ પહેલા સંસદમાં દેશના આર્થિક વિકાસનું સરવૈયુ રજૂ કરવામાં આવે છે. ગત વર્ષના કામ અને અર્થવ્યવસ્થાના મોરચે લેવાયેલા પગલાનું અવલોકન રજૂ કરવામાં આવે છે. તેમાં સરકારની વિકાસ યોજનાઓ, તેની સફળતાઓ, આર્થિક નીતિઓ અને અર્થવ્યવસ્થાની સંભાવનાઓનો ઉલ્લેખ થાય છે.
- છેલ્લા ત્રણ વર્ષના વૈશ્વિક વિકાસદરની સરખામણી કરીએ તો ભારતનો સરેરાશ વિકાસ 4 ટકા જેટલોવધારે થયોછે. બીજીતરફ ઇમર્જિંગમાર્કેટ તથાડેવલપિંગઇકોનોમીનીસરખામણીએ 3 ટકાવધારે છે. 2014-15 થી 2017-18 નીવચ્ચેભારતનોવિકાસદર સરેરાશ 7.3 ટકા રહ્યો છે. જે દુનિયાની શ્રેષ્ઠ ઇકોનોમીની સરખામણીએ ઘણો વધારે જોવા મળ્યો હતો.

**ઇનડાયરેક્ટ ટેક્સપેયર્સની સંખ્યા વધીઃ-**

- જીએસટીના કારણે ભારતીય અર્થતંત્રને ફાયદો થયો હોવાનો અંદાજ પણ રજૂ કરવામાં આવ્યો હતો. ઇનડાયરેક્ટ ટેક્સપેયર્સની સંખ્યા આ કારણે જ વધી છે. સરકારી અંદાજ પ્રમાણે આવા કરદાતાઓની સંખ્યામાં 50 ટકા જેટલો વધારો થયો છે. તેવી જ રીતે નવેમ્બર 2016 પછી વૈયક્તિક ઇન્કમટેક્સ રિટર્નફાઇલકરનારા લોકોની સંખ્યામાં પણ 18 લાખનો વધારો થયો છે. ટેક્સ ડિસ્પૂટના મુદ્દા કોર્ટમાં ગયા હતા જેમાં આયકર વિભાગને મળેલી સફળતાનો દર માત્ર 30 ટકા જ નોંધાયો હતો. અન્ય દેશોની સરખામણીએ ભારત અને તેના રાજ્યોનો ડાયરેક્ટ ટેક્સ વસૂલવાનો દર ઘણો નીચો છે તેના કારણે પણ ડાયરેક્ટ ટેક્સ કલેકશનને અસર થઇ રહી છે.

**આર્થિક સરવે ગુલાબી રંગમાં કેમરજૂ કરવામાં આવ્યો ?**

- આર્થિક સરવે પહેલી વખત ગુલાબી રંગમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ વખતે મહિલા સશક્તિકરણ અને મહિલાઓ સામે થઇ રહેલી હિંસાને ડામવા માટે આ રંગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઘરેલું હિંસા અને મહિલાઓ સામેની હિંસા અટકાવવાના અભિયાનને આ રંગ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.
- સરવે મુજબ નોકરિયાત મહિલાઓની સંખ્યામાં ઘટાડો થયો છે. આર્થિક સરવેમાં એ મુદ્દે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે નોકરીઓમાં મહિલાઓની સંખ્યા વધવાને કારણે ઘટી રહી છે. એક દાયકા પહેલા નોકરિયાત મહિલાઓની સંખ્યા 36 ટકા હતી વર્તમાન સમયમાં આ સંખ્યા ઘટીને 24 ટકા થઇ છે.

**દેશની નિકાસમાંપાંચરાજ્યોનું વર્ચસ્વઃ-**

- સરવેમાં જણાવવામાં આવ્યું હતું કે, ભારતની નિકાસ ઉપર નજર કરીએ તોખૂબ જ રોચક પરિણામો મળે છે. દેશની તમામ નિકાસમાં પાંચ રાજ્યોનું 70 ટકા જેટલું યોગદાન છે. તેમાં મહરાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, તમિલનાડુ અને તેલંગણાનો સમાવેશ થાય છે. રાજ્યના સ્ટાન્ડર્ડ ઓફ લિવિંગ અને તેની નિકાસને સીધો સંબંધ હોયછે. તેના કારણે આ રાજ્યો સૌથી ટોચના સ્થાને આવે છે. વૈશ્વિક સ્તરે નિકાસની સરખામણીએ કરીએ તો

દેશની કુલ એક્સપોર્ટમાં મોટા ઉદ્યોગોની ભાગીદારી બ્રાઝિલમાં 72 ટકા, જર્મનીમાં 68 ટકા, મેક્સિકોમાં 67 ટકા, અને અમેરિકામાં 55 ટકા છે. બીજી તરફ ભારતમાં આ ભાગીદારી ઘણી ઓછી એટલે કે માત્ર 38 ટકા જ છે.

- ઉદ્યોગ વિકાસ દર : 2017-18 – 4.4 % નો અંદાજ
- કૃષિ વિકાસ દર : ગત 2016-17 - 2.8 હતો
- અગાઉના વર્ષના GDP ની વિગતો-

2016-17 7.1ટકા

2015-16 8 ટકા

2014-15 7.5ટકા

- સરેરાશ વિકાસ દર 7.3 ટકા રહ્યો.

(૭) GCMMF :ચેરમેન તરીકે શ્રી રામસિંહ પરમાર યથાવત રહ્યા.

- વાઇસ ચેરમેન તરીકેશ્રીજેઠાભરવાડને રિપીટ કરાયા
- ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન- GCMMF
- કુલ- 28 હજાર કરોડનો વહીવટ અને 36 લાખ પશુપાલકો
- શ્રી રામસિંહ પરમાર હાલમાં અમૂલ ડેરીના પણ ચેરમેન છે.

(૮) **ગુજરાત પોલીસ** : સાયબર ક્રાઇમને ડામવા- તેની પર રોક લગાવવા ઉચ્ચ શિક્ષિત પોલીસ જવાનોની જુદી ટેકનિકલ કેડર ઉભી કરાશે. સોશિયલ મીડિયા પર પણ નજર રખાશે.

- BCA-MCA ઇજનેર જેવા ઉચ્ચશિક્ષણ વાળા પોલીસ જવાનોન સમાવેશકરાશે.
- હાલમાં દરેકજિલ્લાપોલીસ મથકોએ સાયબર સેલ **કાર્યરત**

(૯) **કેન્દ્રીય અંદાજપત્ર સત્ર** : 2018-19

- રાષ્ટ્રપતિના અભિભાષણ સાથે જસંસદનાબજેટ સત્રનો આરંભ
- બંને ગૃહને સંબોધન

**અભિભાષણના મુદ્દાઓ** :

- ઉજ્જવલા યોજના, સામાજિક ન્યાયની યોજના
- રાષ્ટ્રપતિ કોવિંદે ગરીબ મહિલાઓને વિના મૂલ્યે એલપીજી જોડાણ આપવાની સરકારની ઉજ્જવલા યોજનાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, સામાજિક ન્યાય આપવાનો આ ઉત્તમ રસ્તો છે. આ યોજના હેઠળ દેશમાં 3 કરોડ 30 લાખથી વધુ ગેસ કનેકશન આપવામાં આવ્યા છે.

(૨) **સ્વરોજગાર યોજનાનો ઉલ્લેખ** :

- સરકારની સ્વરોજગાર યોજનાઓનો ઉલ્લેખ કરતા રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, સ્વરોજગારને પ્રોત્સાહન આપવા બેન્ક ગેરંટી વિના ધિરાણ પૂરૂ પાડવાની શરૂઆત થઇ છે. મુદ્રા યોજના અંતર્ગત હાલ સુધીમાં ચાર લાખ કરોડથી વધુ રૂપિયાનું ધિરાણ અપાયું છે. 3 કરોડ લોકો પહેલીવાર આ યોજનાનો લાભ લઇ રહ્યા છે.

(3) **ખેડૂતો પર સરકારનું ધ્યાન** :

- ખેડૂતોના જીવનધોરણને સુધારવું તેસરકારની અગ્રિમતા રહી હોવાનું કહેતા રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, વર્ષ 2022 સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું સરકારનું લક્ષ્યછે. સરકારના પ્રયાસોનેકારણે જઆ વર્ષે વિક્રમજનક 27.5 કરોડ અનાજ અને 22.5 કરોડ ટનફળફળાદી- શાકભાજીનું ઉત્પાદન થઇ શક્યું છે.

(૪) **તુષ્ટિકરણ નહીં પણ સશક્તિકરણ સરકારનો મંત્ર**:

- રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે નરેન્દ્ર મોદીની સરકારનો મંત્ર લઘુમતીનું તુષ્ટિકરણ નહીં પણ સશક્તિકરણ છે. ખેડૂત કલ્યાણને સરકાર સૌથી વધુ અગ્રિમતા આપી રહી છે.

(૫) **સામાજિક ન્યાયમોરચે આગેકૂચ** :સામાજિક- આર્થિક ઉત્કર્ષ માટે મહિલા કલ્યાણ જરૂરી છે. ટ્રિપલ તલાક સંસદના વર્તમાન સત્રમાં પસાર થશે તેવી આશા વ્યક્ત કરતા રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે બજેટ દરખાસ્તો ઉપરાંત ટ્રિપલ તલાક બિલને બહાલી તે સરકારના અગ્રિમ એજન્ડામાં છે.

(૧૦) **'ડાયલડીફોર ડોન' પુસ્તક**

- લેખક- CBI ના પૂર્વ જોઇન્ટ ડિરેકટર શ્રી નીરજકુમાર
- પુસ્તકમાં અંધારી આલમના કિસ્સા રજૂ કરાયા.

(૧૧) **ગુજરાતી મૂળાક્ષરો** :સરકારી શાળાઓમાં હવે નવતર પ્રયોગરૂપે કક્કો એટલે કથી નહીં, પણ ગ- ગણપતિના ગ થી શરૂ કરાય છે. સારું પરિણામ મળી રહ્યું છે.

(૧૨) **ક્રૂડ સ્ટીલ ઉત્પાદન** : 2017

(1) ચીન- 83.17 કરોડ ટન

(2) જાપાન- 10.47 કરોડ ટન

(3) ભારત ઉત્પાદન- 10.14કરોડ ટન

(૧૩) **નેશનલ ઇન્વેન્ટર્સ હોલ ઓફ ફેમ- એવોર્ડ**- USA

- ભારતીય મૂળના સંશોધકો આરોગ્ય સ્વામી પૌલરાજ અને સુમિત્રા મિત્રાને એવોર્ડ અપાયો.

સંશોધન :

VIVEKANAND ACADEMY GANDHINAGAR

**(૧) આરોગ્ય સ્વામી**-ભારતમાં 5 જી નેટવર્કના વ્યૂહકારને વાયરલેસ સંશોધન બદલ

- હાલમાં સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં અધ્યાપક-79પેટન્ટની નોંધણી તેમના નામે
- લક્ષ્યાંક- ભારતમાં વર્ષ 2020 સુધીમાં 5 જી નેટવર્કઅમલી બનાવવું
- ભારતની ટેલિકોમ સંચાલન સમિતિના સભ્ય
- 4 જી અને બ્રોડબેન્ડમાં પ્રદાન
- **(૨) સુમિત્રા મિત્રા** – દાંતનીસર્જરીમાટે નેનો કમ્પોઝિટ મટિરિયલશોધ- કુલ-98 પેટન્ટની નોંધણી

**(૧૪) 'ગ્રેટ સોલ :મહાત્મા ગાંધી એન્ડ હિઝ સ્ટ્રગલ વિથ ઇન્ડિયા' પુસ્તક**

- લેખક- અમેરિકન પત્રકાર – જોસેફ લેલિવેલ્ડ
- ગાંધીજીના જાતીય અને અંગત જીવન પરનું વિવાદાસ્પદ પુસ્તક
- ગુજરાતમાં પ્રતિબંધ
- 2011 માં પ્રકાશિત થયું હતું.

## 31 January

**(૧) ન્યુવર્લ્ડ વેલ્થ- અહેવાલ**

- 1 વર્ષમાં ભારતની સંપત્તિ 25 ટકા વધી
- ભારતસંપત્તિમાં વિશ્વમાં છઠ્ઠો સૌથી અમીર દેશ : કરોડપતિમાં 7 મો દેશ
- **કયા દેશમાં કેટલી સંપત્તિ**

| **દેશ** | **રૂપિયા (અબજમાં)** |
|---|---|
| અમેરિકા | 41,97,960 |
| ચીન | 16,12,195 |
| જાપાન | 12,68,930 |
| બ્રિટન | 6,44,735 |
| જર્મની | 6,27,900 |
| ભારત | 5,34,950 |

(નોંધ- ડોલરનો ભાવ સરેરાશ રૂ. 65 છે.)

**(૨) પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના**

- સંરક્ષિત ભાવિ માટે નાનું રોકાણ રૂા. 1 લાખ મૂલ્યના જીવન વીમા માટેવાર્ષિક ફકત રૂા.330 નું રોકાણ કરો
- 5.22 કરોડથી વધુલોકોએ તેમના વહાલાજનનું ભાવિસંરક્ષિત કર્યું છે.
- 79,485 પરિવારોને રૂા.1589.70 કરોડ મૂલ્યની દાવા પતાવટ સાથેટેકો અપાયો છે.
- પાત્રતા ઉંમર 18 થી 50 વર્ષ
- સમયગાળોઃ- 1જૂનથી 31 મે

**(3) પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના**

- રૂા. 2 લાખ મૂલ્યના અકસ્માત વીમા માટે વાર્ષિક ફકત રૂા.12 ખર્ચ કરો
- 13.25 કરોડ લોકોએ કર્યું છે. તેમ તમે પણ અકસ્માતી જોખમથી પોતાને સંરક્ષિત કરો
- રૂા.286.28 કરોડ મૂલ્યના દાવાની પતાવટ કરાઇ ચૂકી છે.
- પાત્રતા ઉંમર 18 થી 70 વર્ષ
- વીમાનો સમયગાળો 1 જૂનથી 31 મે

**(૪) જજના વેતનમાં 200 ટકાનો વધારો**

- સુપ્રીમ કોર્ટ અને 24 હાઇકોર્ટના જજના વેતનમાં 200% નો વધારો થયો છે. આ નવીન વેતન જાન્યુઆરી 2016 થી અમલી બનશે. CJI નો માસિક પગાર 1 લાખથી 2.80 લાખ, સુપ્રીમના જજનો પગાર 90 હજારથી 2.50 લાખ, હાઇકોર્ટના જજનો પગાર 80 હજાર થી 2.25 લાખ થશે.

**(૪) પૂર્વ કેન્દ્રીય મંત્રી - ઉત્તમભાઇ પટેલ**

- 1953 માં જમીન વિહોણા માટે ખેડ સત્યાગ્રહના આંદોલનમાં સક્રિય ભૂમિકા : પૂર્વ કેન્દ્રીય મંત્રી
- 91વર્ષે નિધન – ડુમલાવ- પારડી (વલસાડ)

**(૫) 'સ્પીકીંગ ટુથ ટુ ધ પાવર' પુસ્તક**

- લેખક- પૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમ

**(૬) રાષ્ટ્રીય મહિલા પંચ- 25 વર્ષ પૂર્ણ**

**(૭) ખેલો ઇન્ડિયા સ્કૂલ ગેમ્સ- 18**

- નવી દિલ્હી તા. 31 થી 8 ફેબ્રુ. 18
- કુલ- 16 રમતો 36 રાજ્ય અને UT
- કુલ- 673 મેડલ - ખેલાડી- 3732 થી વધુ
- પ્રથમ તબક્કો ખેલો ઇન્ડિયા અભિયાન- 3700 ખેલાડીઓમાંથી 462 ની પ્રથમ તબક્કે પસંદગી કરાશે. તેમની તાલીમ માટે 8 વર્ષ સુધી સરકાર વાર્ષિક રૂા. 5 લાખનો ખર્ચ કરશે.
- (૮) માનવ ઠક્કર : ટેબલ ટેનિસ – સુરત
- ઇન્ટરનેશનલ ટેબલ ટેનિસ ફેડરેશન (ITTF) માં જુનિયર બોયઝ રેન્કિંગમાં માનવ ઠક્કર વૈશ્વિક સ્તરે પ્રથમ ક્રમે
- જુનિયરમાં આ સિદ્ધિ મેળવનાર પ્રથમ ભારતીય
- વૈશ્વિક સ્તરે કુલ- 17 ગોલ્ડ, 10 સિલ્વર અને 6 બ્રોન્ઝ વિજેતા
- નેશનલમાં 61 મેડલ વિજેતા

........................ x .............................